અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express · Ahmedabad · RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
કરન જોહરે ઈશારા-ઈશારામાં પરિણીતી પર સાધ્યું નિશાન



પેજ-12
શાહરુખ ખાનને અમદાવાદની ગરમી લાગી : લૂ લાગવાથી...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 45.00 | 30.00 |
| વડોદરા | 45.00 | 30.00 |
| સુરત | 41.00 | 30.00 |

પેજ 5



બિટકોઈન 71000 ડોલરને પાર, વૈશ્વિક ક્રિપ્ટોની માર્કેટ કેપ વધી 2.61 ....

**23** MAY-2024 THURSDAY

ક્લબ મહિન્દ્રાના પુડુચેરી રિસોર્ટમાં મિની ફ્રાન્સના અનુભવનો...

Club Mahindra
પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 74221.06 | ▲ | 267.75 |
| નિફ્ટી | 22597.80 | ▲ | 068.75 |
| સોનું | 73,152.00 | ▼ | 869.00 |
| ચાંદી | 93,328.00 | ▼ | 1,397.00 |


વર્ષ-13 । અંક-188 । વિક્રમ સંવત-2080 । વૈશાખ સુદ-પૂનમ । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### બસ્તીમાં ચૂંટણી સભામાં વડાપ્રધાન મોદી ગર્જ્યા.... કોંગ્રેસના શેહઝાદા EVMને દોષ આપશે

# આ લોકોને શું ખબર 56 ઈંચ શું હોય છે: વડાપ્રધાન

(એજન્સી) બસ્તી । તા. 22

વડાપ્રધાન મોદીએ બસ્તીમાં બુધવારે ચૂંટણી સભા સંબોધિત કરી હતી. તેમનું ગળું ખરાબ હતું. પીએમએ કહ્યું- હવે પાકિસ્તાન હારી ગયું છે, પરંતુ તેમના હમદર્દ સપા-કોંગ્રેસના લોકો ભારતને ડરાવવામાં લાગ્યા છે. તેઓ અમને ડરાવે છે. તેમને ખ્યાલ નથી કે 56 ઈંચ શું હોય છે. તેમણે કહ્યું- મેડમ સોનિયાએ પોતાના અધ્યક્ષ સીતારામ કેસરીને બાથરૂમમાં બંધ કરાવી દીધા હતા. પછી ઉપાડીને ફૂટપાથ પર ફેંકી દીધા અને રાતોરાત અધ્યક્ષ બની ગયા. પીએમે કહ્યું- સપા-કોંગ્રેસના શેહઝાદા દિવસે સપનાં જુએ છે. પહેલાં હું આ વાત સાંભળતો હતો. 4 જૂનના રોજ યુપીની જનતા તેમને ઊંઘમાંથી ઉઠાડશે ત્યારે તેઓ EVMને દોષ આપશે.



## ઈન્ડિ. એલાયન્સ નિરાશામાં ડૂબી ગયું

પીએમએ કહ્યું, હું પહેલાં પણ અહીં આવ્યો છું. હું તમારી તપસ્યાને વ્યર્થ નહિ જવા દઉં. વધુ મહેનત કરીને હું તમારી તપસ્યાને વિકાસસ્વરૂપે પરત કરીશ. દેશમાં પાંચ તબક્કામાં ચૂંટણી થઈ છે. મોદી સરકારે ત્રીજી વખત એની પુષ્ટિ કરી છે. આ માટે તમારે અહીં-ત્યાં જોવાની જરૂર નથી. ઈન્ડિ. એલાયન્સ લોકોનાં નિવેદનો જોઈ લો. દરેક વ્યક્તિ જુદી જુદી વાતો કરે છે. તમે ખાતરી કરી શકો છો કે ઈન્ડિ. એલાયન્સ નિરાશામાં એટલી ઊંડી છે કે તેમણે બે દિવસ પહેલાં શું કહ્યું હતું એ પણ યાદ નથી.

## ▪ સીતારામ કેસરીને બાથરૂમમાં બંધ કરી દીધા

બિહારના સૌથી પછાત સમુદાયના નેતા સીતારામ કેસરીને બાથરૂમમાં બંધ કરી દેવામાં આવ્યા હતા. પછી તેમને ઉપાડીને ફૂટપાથ પર ફેંકી દીધા. મેડમને રાતોરાત ચેરમેનની ખુરસી પર બેસાડવામાં આવ્યાં, જેમણે બંધારણનો ભંગ કર્યો હતો. તેઓ જ આજે બંધારણની વાત કરી રહ્યાં છે.

## ▪ સપા-કોંગ્રેસના શેહઝાદા દિવસે સપનાં જુએ છે

આજે સપા અને કોંગ્રેસના બંને શેહઝાદા દિવસ દરમિયાન સપનાં જુએ છે. પહેલા હું આ સાંભળતો હતો. 4 જૂને યુપીના લોકો તેમને ઊંઘમાંથી જગાડવાના છે, ત્યારે તેઓ ઈવીએમને દોષિત ઠેરવશે. ઈન્ડિ. ગઠબંધનના પરિવાર આધારિત પક્ષોએ તુષ્ટીકરણની તમામ સીમાઓ વટાવી દીધી છે. કોંગ્રેસના શેહઝાદા રામમંદિર પર સુપ્રીમ કોર્ટના નિર્ણયને પલટાવવા માગે છે. તેઓ રામલલ્લાને ફરીથી તંબુમાં મોકલવા માગે છે.

# ગૃહ-નાણાં મંત્રાલયને ઉડાવી દેવાની ધમકી

## નોર્થ બ્લોક પોલીસ કંટ્રોલને ઈ-મેલ મળ્યો




(એજન્સી) નવી દિલ્હી । તા. 22

દિલ્હીમાં ફરી એકવાર બોમ્બની ધમકી મળી છે. આ વખતે ટાર્ગેટ ગૃહ અને નાણા મંત્રાલય હતું. દિલ્હી ફાયર સર્વિસના અધિકારીઓએ બુધવારે જણાવ્યું કે નોર્થ બ્લોકમાં સ્થિત પોલીસ કંટ્રોલ રૂમને બોમ્બની ધમકી ધરાવતો મેઈલ મળ્યો છે. દિલ્હી ફાયર સર્વિસને 3 વાગ્યે આ અંગેની માહિતી મળી હતી. આ પછી, બે ફાયર ગાડીઓ ઘટનાસ્થળ પર મોકલવામાં આવી હતી. દિલ્હી પોલીસ અને બોમ્બ સ્કવોડની ટીમ પણ સક્રિય થઈ ગઈ હતી. જો કે તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી. આ મહિનાની 1 મે પછી 22 દિવસમાં બોમ્બની ધમકીની આ પાંચમી ઘટના છે. આ મહિનાની શરૂઆતમાં, દિલ્હી-એનસીઆરમાં 100થી વધુ શાળાઓને સમાન ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા હતા. દિલ્હીની 7 મોટી હોસ્પિટલો અને દેશની સૌથી સુરક્ષિત જેલને બોમ્બ બ્લાસ્ટના મેલ મોકલવામાં આવ્યા હતા.

**Quick Read**

### અમેરિકાથી આવ્યા ફરી દુઃખદ સમાચાર, કાર અકસ્માતમાં 3 ભારતીય મૂળના વિદ્યાર્થીનાં મોત

જ્યોર્જિયા| અમેરિકાના જ્યોર્જિયા રાજ્યના અલ્ફારેટ શહેરમાં ભીષણ માર્ગ અકસ્માતની ઘટના બની હતી. અલ્ફારેટા પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઘટનાસ્થળ પરના પુરાવાના આધારે, એવી શંકા છે કે કારના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી નિયંત્રણ ગુમાવતા કાર એક ઝાડ સાથે અથડાઈ હતી અને પછી પલટી મારી ગઈ હતી. અકસ્માતની ઘટના એટલી ભીષણ હતી કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ જીવલેણ કાર અકસ્માતમાં ત્રણ ભારતીય વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યો હતો.

### રાજસ્થાન-હરિયાણામાં તાપમાન 47 ડિગ્રીને પાર:દિલ્હી-યુપી સહિત 5 રાજ્યોમાં હીટવેવનું એલર્ટ

નવી દિલ્હી | રાજસ્થાન અને હરિયાણામાં પારો 47 ડિગ્રીને પાર પહોંચી ગયો છે. હરિયાણાના સિરસામાં મહત્તમ તાપમાન 47.8 ડિગ્રી અને રાજસ્થાનના પિલાનીમાં 47.2 ડિગ્રી હતું. હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં આગામી પાંચ દિવસ માટે હીટવેવનું એલર્ટ જાહેર કર્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના સીનિયર વૈજ્ઞાનિક નરેશ કુમારે કહ્યું કે રાજસ્થાનમાં આગામી 5 દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### હેમંત સોરેને જામીન અરજી પાછી ખેંચી : અરવિંદ કેજરીવાલની જેમ જામીન જોઈતા હતા

રાંચી | સુપ્રીમ કોર્ટે પૂર્વ સીએમ હેમંત સોરેનની જામીન અરજી ફગાવી દીધી છે. હેમંત સોરેને ચૂંટણી પ્રચાર માટે કોર્ટ પાસે પરવાનગી માગી હતી. આ માટે તેમણે કોર્ટમાં અરજી કરી હતી. પોતાની અરજીમાં તેણે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને મળેલા જામીનનો ઉલ્લેખ કર્યો હતો.કોર્ટે કહ્યું કે અરજદારે એ હકીકત છુપાવી કે ટ્રાયલ કોર્ટે કેસમાં ચાર્જશીટ પર કાર્યવાહી શરૂ કરી છે. આ અંગે હેમંત સોરેનનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે તેઓ જામીનની માંગણી કરતી અરજી પાછી ખેંચે છે.

### પોર્શે અકસ્માત કેસ-સગીરએ પબમાં 48 હજાર ખર્ચ્યાં:મિત્રો સાથે પહેલાં પબમાં દોઢ કલાક દારૂ ઢીંચ્યો

પુણે | પુણે હિટ એન્ડ રન કેસમાં વધુ એક માહિતી સામે આવી છે. પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે જણાવ્યું કે આરોપી સગીર યુવક અકસ્માત પહેલા તેના મિત્રો સાથે કોસી અને બ્લેક મેરિયટ નામના બે પબમાં ગયો હતો. પોલીસે બંને બારને સીલ કરી દીધા છે. આ પછી તે રાત્રે લગભગ 12.10 વાગ્યે એટલે કે રવિવારે બ્લેક મેરિયટ ગયો હતો. અહીંથી નીકળ્યા પછી જ રાત્રે 2 વાગ્યે તેણે પોર્શે કાર સાથે બે આઈટી એન્જિનિયરોને ટક્કર મારી હતી.

### હરિયાણામાં રાજનાથ સિંહે ખુરશી પર બેસીને સભા કરી : કહ્યું કરનાલ ભાગ્યશાળી છે

કરનાલ | રક્ષા મંત્રી રાજનાથ સિંહ આજે હરિયાણાના પ્રવાસે છે. તેમણે કરનાલના ઘરૌંડામાં એક સભાને સંબોધિત કરી હતી. અહીં તેમણે પૂર્વ સીએમ અને લોકસભાના ઉમેદવાર મનોહર લાલ ખટ્ટરને વોટ આપવાની અપીલ કરી હતી. રાજનાથ સિંહે કહ્યું- તમે નસીબદાર છો કે મનોહર લાલ ખટ્ટર જેવો ઉમેદવાર મળ્યો. તેમને કોઈ દોષ આપી શકે નહીં. તમે કદાચ એમ કહી રહ્યા હશો કે તેઓ તેમના ખૂબ વખાણ કરી રહ્યા છે. કેટલાક એવા છે કે જેઓ વડાપ્રધાન પણ તેમના વખાણ કરે છે.

# પ્રચાર માટે ધાર્મિક રસ્તો ન અપનાવો : ચૂંટણી પંચ

## નડ્ડા અને ખડગેને ચૂંટણીપંચની નોટિસ:કહ્યું- નેતાઓને કહો, ધાર્મિક-સાંપ્રદાયિક નિવેદનો ન કરે

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

ચૂંટણીપંચે લોકસભા ચૂંટણીમાં ધાર્મિકતાના આધારે મત માંગવા તેમજ સુરક્ષાદળોના નામ પર મતદાતાઓને ન રીઝવવા કહ્યું છે. આ ઉપરાંત ચૂંટણી પંચે ભાજપ અને કોંગ્રેસને આમ કરવાથી બચવાની સલાહ પણ આપી છે. પંચે કોંગ્રેસને સંરક્ષણ દળોનું રાજનીતિકરણ ન કરવા તેમજ લોકોને સુરક્ષા દળોમાં સામાજિક-આર્થિક વિવિધતા વિશે ટિપ્પણી ન કરવા પણ કહેવામાં આવ્યું છે. આ સિવાય પંચે ભાજપને ધાર્મિક આધાર પર પ્રચાર ન કરવાની સલાહ આપી છે. પંચે બંને પક્ષના સ્ટાર પ્રચારકોને ધાર્મિક અને સાંપ્રદાયિક નિવેદનો ન આપવાનો નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત ભાજપને એવાં પ્રચાર ભાષણો બંધ કરવા માટે કહેવામાં આવ્યું છે, જે સમાજને ભાગલા તરફ દોરી શકે છે.

### બંધારણને વેચવાની કે ખતમ કરવાની વાત ન કરે

ચૂંટણી પંચે ભાજપ અને તેના સ્ટાર પ્રચારકોને ધાર્મિક અને સાંપ્રદાયિક આધાર પર પ્રચાર ન કરવાનો નિર્દેશ આપ્યો છે. આ સાથે જ કોંગ્રેસને એ વાત સુનિશ્ચિત કરવાનું કહેવામાં આવ્યું છે કે તેના સ્ટાર પ્રચારક એવા નિવેદનો ન આપે કે જેના કારણે એવી ખોટી ધારણા બંધાય કે ભારતના બંધારણને બદલી દેવામાં આવશે. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને ચૂંટણી પંચે આ નોટીસ મોકલી છે. આ ઉપરાંત બંને પક્ષોને એવું પણ કહેવામાં આવ્યું છે કે તે પોતાના સ્ટાર પ્રચારકોને એવી સલાહ આપે કે સેના તેમજ ધાર્મિક બાબતોને રાજકારણમાં ન ખસેડવી. તેમજ પંચે બંને પક્ષને જાતિ, ધર્મ, ભાષા અને પ્રદેશના આધારે ટિપ્પણી ન કરવાનું પણ કહ્યું છે.

### ચૂંટણી પંચે કોંગ્રેસને સુરક્ષા દળોનું રાજનીતિકરણ ન કરવા જણાવ્યું

પંચે બંને પક્ષોના સ્ટાર પ્રચારકોને પ્રચાર દરમિયાન ધાર્મિક આધારે વિભાજન થાય તે પ્રકારે પ્રચાર ન કરવા પણ જણાવ્યું હતું. એટલું જ નહીં, બંધારણને ખતમ કરવામાં આવી રહ્યું છે અથવા વેચવામાં આવી રહ્યું છે તેવી વાતો કરવા બદલ કોંગ્રેસને ઠપકો આપતા ભવિષ્યમાં આવું જ કરવા પણ કહેવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સેનાની ભરતી માટેની અગ્નિવીર યોજના પર પણ ઘણી વાર ટિપ્પણી કરતા હોય છે.

# હરિયાણામાં રાહુલે કહ્યું- મોદીએ 22 લોકોને અમીર બનાવ્યા

### અદાણીનું નામ લેતા જ ભાજપના લોકો મોઢા નીચા કરી દે છે : ખેડૂતોની લોન અમે માફ કરીશું



(એજન્સી) સોનીપત । તા. 22

નેતા રાહુલ ગાંધી આજે હરિયાણાના પ્રવાસે છે. તેમણે સૌથી પહેલા ચરખી દાદરીમાં રેલી યોજી હતી. બાદમાં તેઓ સોનીપત પહોંચ્યા હતા અને અહીં રેલીમાં સંબોધન કર્યું હતું. રાહુલે કહ્યું કે મોદી સરકાર અબજોપતિઓની સરકાર છે. મોદીએ 22 લોકોની લોન માફ કરી. માત્ર 22 લોકોને અમીર બનાવ્યા. આજે રાહુલ ગાંધી પંચકુલામાં બંધારણ સન્માન સંમેલનમાં ભાગ લેશે.ચરખી દાદરીમાં રેલી દરમિયાન મેચ પર રાહુલની સામે પુત્રી શ્રુતિની ટિકિટ કાપવાને કારણે નારાજ ધારાસભ્ય કિરણ ચૌધરી અને ઉમેદવાર રાવ દાન સિંહ વચ્ચે બાલાચાલી થઈ હતી. આ પછી રાહુલ ગાંધીએ રેલીને સંબોધતા કહ્યું કે તેઓ હરિયાણાની તમામ 10 સીટો જીતશે.

### 4 જૂન બાદ મોદીને આપવો પડશે હિસાબ

આ મુદ્દે રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદીને સવાલ પૂછ્યો છે કે, 'શું તમે જણાવશો કે ખુલ્લેઆમ આચરવામાં આવેલા આ ભ્રષ્ટાચાર મુદ્દે ઈડી, સીબીઆઈ અને આઈટીને શાંત કરવા માટે કેટલા ટેમ્પોની જરૂર પડશે? ખેર ચોથી જૂન પછી મોદી સરકાર પાસે 'I.N.D.I.A.' ગઠબંધનની સરકાર આ મહા કૌભાંડની તપાસ કરાવીને જનતા પાસેથી લૂંટેલા પૈસાનો હિસાબ માંગશે.' ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધી અને 'I.N.D.I.A.' ગઠબંધનના તમામ મોટા નેતા એ દાવો કરી રહ્યા છે કે ચોથી જૂને વડાપ્રધાન મોદીની સત્તા જશે અને દેશમાં 'I.N.D.I.A.' ગઠબંધનની સરકાર બનશે.

### પ. બંગાળમાં ભાજપના નેતા મિથુન ચક્રવર્તીના રોડ શો પર પથ્થરમારો

**કેટલાક લોકો હાથમાં પ્લેકાર્ડ લઈને સૂત્રોચ્ચાર કર્યા**

(એજન્સી) કોલકાતા । તા. 22

પશ્ચિમ બંગાળના મેદિનીપુરમાં મંગળવારે અભિનેતા અને બીજેપી નેતા મિથુન ચક્રવર્તીના રોડ શોમાં પથ્થરમારો કરવામાં આવ્યો હતો. મિથુન ચક્રવર્તી મેદિનીપુરથી ભાજપના ઉમેદવાર અગ્નિમિત્રા પોલના સમર્થનમાં રોડ શો કરી રહ્યા હતા. આ દરમિયાન કેટલાક લોકો હાથમાં પ્લેકાર્ડ લઈને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. આ પછી તેઓએ રોડ શોમાં ભાગ લઈ રહેલા ભાજપના કાર્યકરો પર પથ્થરો અને બોટલો ફેંકી હતી. આ પછી તેમનું ભાજપ કાર્યકર્તાઓ સાથે ઘર્ષણ થયું હતું. તેમણે કહ્યું- રાજ્યમાં ભાજપને મળી રહેલું સમર્થન જોઈને TMC ડરી ગઈ છે. તે ગુંડાગીરીનો આશરો લઈ રહી છે.

# આઠ દિવસથી ગુમ બાંગ્લાદેશના સાંસદ ફ્લેટમાંથી મૃત મળી આવતા ચકચાર

## કોલકાતા પોલીસે કહ્યું- આ પ્રી-પ્લાન હત્યા છે, 3ની ધરપકડ



### સારવાર કરાવવા માટે ભારત આવ્યા હતા

સાંસદ અનવારૂલ સારવાર માટે કોલકાતા આવ્યા હતા ન્યૂઝ એજન્સી ANI અનુસાર, સાંસદ અનવારૂલ 12 મેના રોજ સારવાર માટે કોલકાતા આવ્યા હતા. અનવારુલ અઝીમ અનાર વડાપ્રધાન શેખ હસીનાની અવામી લીગ પાર્ટીના સાંસદ છે. તેમણે 2014, 2018 અને 2024માં ઝૈનેદાહ-4 બેઠક પરથી ચૂંટણી જીતી હતી. અઝીમના મૃત્યુ પહેલા તેમનો પરિવાર શેખ હસીનાને મળ્યો હતો અને મદદ માંગી હતી.

(એજન્સી) કોલકાતા । તા. 22

ભારતમાં 8 દિવસથી ગુમ થયેલા બાંગ્લાદેશના સાંસદ અનવારુલ અઝીમ અનાર બુધવારે (22 મે) કોલકાતાના એક ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. બાંગ્લાદેશના ગૃહ પ્રધાન અસદુઝમાં ખાને કોલકાતા પોલીસને ટાંકીને આ વાતની પુષ્ટિ કરી છે. કોલકાતા પોલીસે જણાવ્યું હતું કે સાંસદ અનવારુલનો મૃતદેહ ન્યૂટાઉન વિસ્તારમાંથી શંકાસ્પદ સ્થિતિમાં મળી આવ્યો હતો. પોલીસે આ કેસમાં 3 બાંગ્લાદેશીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે તેને પ્રી-પ્લાન હત્યા જણાવી રહી છે. સાંસદ અનવારૂલ સારવાર માટે કોલકાતા આવ્યા હતા ન્યૂઝ એજન્સી ANI અનુસાર, સાંસદ અનવારૂલ 12 મેના રોજ સારવાર માટે કોલકાતા આવ્યા હતા. બીજા જ દિવસે તે ગુમ થયા હતા. અઝીમનો ફોન પણ 13 મેથી સ્વીચ ઓફ આવતો હતો. આ પછી, 17 મેના રોજ, બિહારના કેટલાક વિસ્તારમાં તેમનો ફોન થોડો સમય માટે સ્વિચ ઓન થયો હતો.

**મિત્રના ઘરે સર્ચ શરૂ, પોલીસ CCTV ચેક કરી રહી છે :** પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અનવરુલ 12 મેના રોજ સાંજે લગભગ 7 વાગે કોલકાતામાં તેના પરિવારના મિત્ર ગોપાલ બિશ્વાસને મળવા ગયા હતા. બીજા દિવસે બપોરે 1.41 કલાકે તેઓ ડોક્ટરને મળવાનું કહીને ત્યાંથી નીકળ્યા હતા. તેમણે કહ્યું હતું કે તેઓ સાંજે પરત આવી જશે. અનવારુલે બિધાન પાર્કમાં કલકત્તા પબ્લિક સ્કૂલની સામેથી ટેક્સી લીધી હતી. સાંજે તેણે ગોપાલને વોટ્સએપ મેસેજ મોકલીને જાણ કરી કે તેઓ દિલ્હી જઈ રહ્યા છે. આ કારણે તેનું લોકેશન મળી શક્યું નથી.

# પશ્ચિમ બંગાળમાં 2010 પછી જારી કરાયેલા તમામ OBC પ્રમાણપત્રો રદ

## હાઈકોર્ટે તેને ગેરકાયદે જાહેર કર્યું : 5 લાખને અસર થશે

### મમતાએ કહ્યું- હાઈકોર્ટના આદેશનું પાલન નહીં કરીએ

હાઈકોર્ટના નિર્ણય અંગે બંગાળના સીએમ મમતા બેનર્જીએ કહ્યું કે તેઓ હાઈકોર્ટ અને બીજેપીના આદેશને સ્વીકારશે નહીં. રાજ્યમાં ઓબીસી અનામત ચાલુ રહેશે. મમતાએ રેલીમાં કહ્યું કે આ લોકોની હિંમત તો જુઓ. આ આપણા દેશનું કલંકિત પ્રકરણ છે.

(એજન્સી) કોલકાતા । તા. 22

કલકત્તા હાઈકોર્ટે બુધવારે પશ્ચિમ બંગાળમાં 2010 પછી જારી કરાયેલા તમામ અન્ય પછાત વર્ગ (OBC) પ્રમાણપત્રોને રદ કરવાનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ તપોબ્રત ચક્રવર્તી અને રાજશેખર મંથરની ખંડપીઠે કહ્યું કે 2011થી વહીવટીતંત્ર કોઈપણ નિયમોનું પાલન કર્યા વિના OBC પ્રમાણપત્રો જારી કરે છે. બેંચે કહ્યું- આ રીતે OBC પ્રમાણપત્ર આપવું ગેરબંધારણીય છે. આ પ્રમાણપત્રો પછાત વર્ગ આયોગની કોઈપણ સલાહને અનુસર્યા વિના જારી



કરવામાં આવ્યા હતા. તેથી આ તમામ પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યા છે. જો કે, આ આદેશ એવા લોકોને લાગુ પડશે નહીં જેમને નોકરી મળી ગઈ છે અથવા મળવા જઈ રહી છે. ઓબીસી યાદી રદ થવાને કારણે લગભગ 5 લાખ પ્રમાણપત્રો રદ થવા જઈ રહ્યા છે.

### છેતરપિંડી કરીને લોકોને વિદેશ લઈ જઈ સાયબર ક્રાઈમ આચરતો હતો

# સાયબર ક્રાઈમનું ચાઈનીઝ કનેક્શનનો ખુલાસો

**હવે સરકારે કડક પગલાં લીધા**

## 3000 થી વધુ URL અને 595 એપ્સને બ્લોક કરવામાં આવી

હવે સરકારે કડક પગલાં લીધા - 3000 થી વધુ URL અને 595 એપ્સને બ્લોક કરવામાં આવી. જુલાઈ 2023 થી અત્યાર સુધીમાં 5.3 લાખ સિમ કાર્ડ અને 80848 IMEI નંબર સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સાયબર-સલામત ભારત માટે દેશના તમામ નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષિત કરવાના ભારત સરકારના વિઝનને અનુરૂપ, ગૃહ મંત્રાલયે સાયબર હેઠળ ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C)ના રૂપમાં એક પહેલ શરૂ કરી છે. અને માહિતી સુરક્ષા.

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

સાયબર ક્રાઈમ રોકવા માટે ગૃહ મંત્રાલયે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. વેપાર, રોકાણ કે નોકરીના બહાને નાણાં પડાવી લેનારાઓ સામે સરકાર કડક છે. કંબોડિયા અને મ્યાનમાર જેવા દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાં ફ્રોડ રેકેટ ચાલી રહ્યું હતું. 4 મહિનામાં સાયબર ક્રાઈમમાં વપરાતા 3.25 લાખ બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા હતા. તમને જણાવી દઈએ કે સાયબર ક્રાઈમ સાથે ચીનનું કનેક્શન સામે આવ્યું છે. પહેલા તેઓ ભારતમાંથી લોકોને સિંગાપોરમાં નોકરીના બહાને લઈ જતા હતા અને પછી સિંગાપોરને બદલે કંબોડિયા જઈને લોકોને બંધક બનાવી લેતા હતા. સાયબર ગુના કરવા માટે



લોકોને બંધક બનાવવા માટે વપરાય છે. અત્યાર સુધીમાં ભારતમાંથી લગભગ 5000 લોકોને કંબોડિયા લઈ જવામાં આવ્યા છે. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે બંધકોએ કંબોડિયામાં પ્રદર્શન કર્યું. ચીનાઓ આ પરાક્રમો કરતા હતા. એક અહેવાલ બહાર આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે તેણે છેતરપિંડી કરનારાઓ સામે કાર્યવાહી કરી છે જેઓ 'SBI રિવોર્ડ્સ' રિડીમ કરવા માટે ભારતીય જીવન વીમા નિગમ (LIC) ના અધિકારીઓ અને વીમા કંપનીના પ્રતિનિધિઓ તરીકે નકલી સંદેશા મોકલતા હતા. ચક્ષુ પોર્ટલ મદદ કરે છે - ચક્ષુ પોર્ટલ સંચાર સાથી પહેલ હેઠળ વિકસાવવામાં આવ્યું છે, તે એક ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ (DIP) છે. તે કોમ્યુનિકેશન પાર્ટનર સાથે સંકલિત છે અને હિતધારકો પોર્ટલ પરના નંબરો, સંદેશાઓ અને વધુ જાણ કરવા પર તાત્કાલિક પગલાં લઈ શકે છે. આ ડિજિટલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મનો હેતુ સાયબર ક્રાઈમ અને નાણાકીય છેતરપિંડીઓમાં સ્માર્ટ ગેજેટ્સનો દુરુપયોગ અટકાવવાનો છે.

# અમદાવાદ જિલ્લા કલેકટર પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સુન તૈયારીઓ સંદર્ભે બેઠક યોજાઇ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ચોમાસા પૂર્વે એટલે કે પ્રિ-મોન્સુન તૈયારીઓના ભાગરૂપે અમદાવાદ જિલ્લા કલેકટર પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા કલેકટર દ્વારા આગોતરા આયોજન અને જરૂરી વ્યવસ્થાઓ માટેની પૂર્વતૈયારીઓ માટે માર્ગદર્શન અપાયું હતું. પ્રિ-મોન્સુન સંદર્ભે યોજાયેલી બેઠકમાં જિલ્લા કલેકટરએ ચોમાસા દરમિયાન ભારેથી અતિભારે વરસાદ અને વાવાઝોડા જેવી સ્થિતિમાં આપત્તિ વ્યવસ્થાપન, સ્થળાંતર તથા રાહત બચાવની કામગીરી માટે આગોતરું આયોજન કરી શક્ય તેટલી ઝડપથી કામગીરી થાય તે મુદ્દે જરૂરી સૂચનો કર્યાં હતાં. આ ઉપરાંત કલેકટર દ્વારા જે-તે સંબંધિત વિભાગના અધિકારીઓને કરવાની થતી કામગીરી અંગે પૂર્વતૈયારીઓ સાથે એલર્ટ મોડ પર રહેવા સૂચના અપાઈ હતી. વધુમાં શિસ્તબદ્ધ આયોજન અને તકેદારી સાથે કાર્ય કરવા નિર્દેશ કરવામાં આવ્યો હતો. પ્રજાજનોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે રીતે કામ કરવા કલેકટરશ્રી ખાસ તાકીદ કરી હતી. આ સાથે આરોગ્ય વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તથા ફાયરબ્રિગેડ વિભાગને પણ સ્ટેન્ડ બાય રહેવા સૂચના અપાઈ હતી. જિલ્લા કલેકટર દ્વારા તમામ તાલુકાના પ્રાંત અધિકારી તથા મામલતદારને સ્થાનિક લેવલે આગોતરું આયોજન કરી પ્રિ-મોન્સુન પ્લાન બનાવવા સૂચન કરાયું હતું. આ ઉપરાંત ખાસ કરીને આશ્રય સ્થાન તરીકે ઉપયોગમાં લેવામાં આવનાર સ્થળ પર પણ જરૂરી તૈયારીઓ કરવા સૂચન કરાયું હતું.

# જાફરાબાદની દરિયાઇ ખાંડી નીચે બિન અધિકૃત સરકાર જમીનમાં મંજુરી વગર ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવામાં આવેલ અજાણ્યા શખ્સો ઉપર પોલીસ ફરિયાદ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

સરકારી જમીનમાં મંજુરી મેળવ્યા વગર ક્રિકેટ મેદાન બનાવી મેન્ગ્રુવ્સ ના ઝાડ મોટાં પ્રમાણમાં નિકંદન કાઢી દરિયાઇ ખાંડી ના પ્રવાહને આવતો રોકી નોટિફીકેશનનો ભંગ કર્યો ની અજાણ્યા શખ્સો એ ગુન્હો કર્યા ની પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારી દ્વારા ફરિયાદ જાફરાબાદ શહેરના નવા બ્રિજ ની બાજુમાં આવેલ રમણીય કુદરતી ખાંડી આવેલ સરકારી જમીનમાં કોઈ અજાણ્યા ઈસમે કોઈપણ જાતની વહીવટીતંત્ર ની મંજુરી મેળવ્યા વિના દરિયાઈ ખાંડી ના કીનારે ક્રિકેટ નું મેદાન બનાવી નાખી તેમજ બનાવેલ ક્રિકેટ ના મેદાનની ત્રણ બાજુએ ૨.૫ થી ૩ ફુટ ઉંચાઇ ના માટીના પાળા પણ બનાવી નાખી દરિયાઈ ખાડીના કુદરતી પ્રવાહને આવતો રોકીને તેમજ આ મેદાન માટે આ વિસ્તારમાં આવેલ કુદરતી રમણીય મેન્ગ્રુવ્સ ના વૃક્ષો નું મોટા પ્રમાણમાં નિકંદન કાઢી સી.આર.ઝેડ. નોડીફીકેશનનો ભંગ કરીને અજાણ્યા શખ્સોએ ગુન્હો કર્યા અંગેની ફરિયાદ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ભાવનગરના પ્રાદેશિક અધિકારી અલ્કેશ કુમાર જગદીશભાઈ રાઠોડે જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# નર્મદા જિલ્લામાં જુગારીયા પતિથી કંટાળેલી પત્નીએ અભયમની મદદ માંગતા સુખદ સમાધાન

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા નાં ડેડીયાપાડા તાલુકા માંથી એક મહિલા નો 181 અભ્યમ મહિલા હેલ્પ લાઇન પર કૉલ આવેલ અને તેણે જણાવેલ કે મારો પતિ મારા પેસા મારા ઘર માંથી ચોરી કરી તેમના મિત્રો સાથે જુગાર રમે છે અને મને મારઝૂડ કરે છે, જેથી રાજપીપળા અભયમ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી પતિ પત્ની બંને વરચે અસરકારક કાઉન્સિલગ કરી સમાધાન કરાવ્યુ.

મળતી વિગત અનુસાર પત્ની એ જણાવ્યું કે મારા લવ મેરેજ નાં નવ વર્ષ થયાં. ગામ માં સાસરી અને પિયર બને છે મારે બે છોકરીઓ છે હું મજુરી કામ કરુ અને ઘર નું ગુજરાન ચલાવું મારા પતિ કુરિયર સર્વિસ માં અંકલેશ્વર ખાતે જોબ કરતા પરંતુ છેલ્લા 2 મહિના થી કામ છોડી ઘરે આવતા રહ્યા અને કાયમ જ જૂગાર રમવા મારા રૂપિયા ચોરી કરી જતાં રહે અને સાંજે ઘેર આવે છે, હું મજુરી કરી બસો રૂપિયા કબાટ માં મૂક્યા તે કાઢી લીધા અને હું કહેવા ગઈ કે પેસા કેમ લીધા ત્યારે પેસા નું શું રહ્યા કરે તેમ કરી મને ઝગડો કરી મારઝૂડ કરી તેમજ મારા ઘરેણાં પણ વેંચી દીધાં તેઓ જૂગાર રમવા બંધન બેન્ક માંથી 30,000લોન લીધી તે પણ પેસા લોકો પાસે જૂઠું બોલી માગી અને મારા ઘરે લોકો આવી મારા પાસે માંગે છે, તેમજ તેઓ જ્યાં કામ કાજ કરવાં જાય ત્યાં પેસા ગોટાળો કરી નાખે માટે કામ પરથી કાઢી મૂકે છે જેથી હું માનસિક રીતે ત્રાસી ગઈ છું માટે 181 અભયમ ટીમ ત્યાં ગઈ પતિ ને કાયદાકીય સમજ આપી કે ચોરી કરવો એ ગુનો બને છે અને જુગાર ની લત માણસ ને આર્થીક રીતે કંગાળ બનાવી દે છે, તેમજ પતિ પત્ની બંને ને કાઉન્સિલિંગ કરી સમસ્યા જાણી સમજાવ્યાં અને પતિ એ પત્ની સામે લખાણ કરી કબૂલાત કરી કે હું હવે આજે પછી મારા પત્ની અને બાળકો નું ધ્યાન રાખીશ અને જૂગાર નહિ રમુ અને પેસા ચોરી નહી કરું અને ઘર માં કામકાજ કરી ઘરનું ગુજરાન પુરું પાડીશ જેની બાહેધરી આપી બને પક્ષો વચ્ચે પતિ પત્ની વચ્ચે સુખદ સમાધાન કરાવ્યુ.

# સ્માર્ટ મીટરના નામે સરકાર લૂંટ મીટર લાવી છે: ઇસુદાન ગઢવી

## ભાજપ સ્માર્ટ મીટરની યોજના રદ કરે અને 300 યુનિટ ફ્રી વીજળી આપે




ભરત શાહ : રાજપીપળા

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવી અને પ્રદેશ મહામંત્રી સાગરભાઈ રબારીએ એક ગંભીર મુદ્દા પર પત્રકાર પરિષદનું આયોજન કર્યું હતું. આ પત્રકાર પરિષદમાં ઈસુદાનભાઈ ગઢવીએ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ભાજપે જે પ્રી-પ્લાન કરીને ગુજરાતના લોકોને ચૂંટણી બાદ લૂંટવાનો પ્લાન બનાવ્યો હતો તે હવે હકીકત થવા જઈ રહ્યો છે. એક બાજુ દિલ્હીમાં મહિને 200 યુનિટ અને પંજાબમાં મહિને ૩૦૦ યુનિટ વીજળી ફ્રી મળે છે અને બીજી બાજુ ગુજરાતમાં ભાજપ સરકારે લોકોને સ્માર્ટ મીટરના નામે લૂંટવાની તૈયારીઓ કરી લીધી છે. નરેન્દ્ર મોદીજીએ આખા દેશમાં સ્માર્ટ મીટર લગાવવાનો પ્લાન બનાવ્યો છે. જેમાં ગુજરાતમાં પણ 1.65 કરોડ લોકોને સ્માર્ટ મીટર આપવાનું નક્કી કર્યું છે.

સ્માર્ટ મીટરમાં ત્રણ મુખ્ય વસ્તુઓ છે કે પહેલા એડવાન્સમાં પૈસા ભરો પછી વીજળી વાપરો. મતલબ કે જેટલું પ્રિપેડ રિચાર્જ કર્યું હશે એટલી વીજળી વાપરવા મળશે અને રિચાર્જ ખતમ થયા પછી વીજળી બંધ થઈ જશે. મતલબ કે 1.65 કરોડ લોકો એડવાન્સમાં 500-700 કરોડ રૂપિયા ભરશે. બીજી વસ્તુ કે સ્માર્ટ મીટરમાં ઘણી ખામીઓ છે. આજે મને જાણવા મળ્યું કે વડોદરામાં નવ લાખ રૂપિયાનું બિલ આવવાનું શરૂ થયું છે. અમારું માનવું છે કે સ્માર્ટ મીટર એ લૂંટ મીટર છે.

# રાજુલાના પર્યાવરણ પ્રેમી વિપુલભાઈ લહેરી દ્વારા વન અને પર્યાવરણ મંત્રીને લખ્યો પત્ર

## જાફરાબાદમાં કુદરતી આફત વાવાઝોડા દરમિયાન અનેક વૃક્ષોનું નિકંદન થયું હતું

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

રાજુલા જાફરાબાદ કુદરતી આફત વાવાઝોડા સમયે અનેક વૃક્ષો ધરાશયી થયા હતા વૃક્ષોના અભાવે તેમજ ઉધોગોના કારણે ગરમીનું પ્રમાણ આ વિસ્તારમાં દર વર્ષે કરતા ગરમીનું ટેમ્પરેચર ખૂબ વધી ગયું છે. તેમાં પણ ઉધોગિક કારણે ખૂબજ ગરમી પડી રહી છે. ત્યારે વનવિભાગ જંગલ ખાતાની વિસ્તરણ કચેરી પણ કાર્યરત છે. આ કચેરી દ્વારા મહિલાઓ માટે આદિવાસીઓ માટે જનજાતિ માટે નાના ૨૦,૦૦૦ હજાર વૃક્ષો ઉછેરવા માટે નાના પ્રોજેક્ટ પાંચ જેટલા ફાળવવામાં આવે છે. ત્યારે આ વર્ષે ચોમાસા પહેલા નાની નર્સરી ઓ આવે છે. તે વધુમાં વધુ ફાળવવી જોઈએ એક બાજુ લોકોને રોજગારી મળે બીજી તરફ વધુ પ્રમાણમાં ઉછેરી શકાય અને વધુમાં વધુ વાવેતર થઈ શકે તે માટે નર્સરી ઓની સંખ્યા ફાળવવામાં ઓછી આવે છે. તેના બદલે વધુમાં વધુ ફાળવે અને આ વર્ષે આ વિસ્તારમાં ખેડૂતો માટે પોતાના ખેતરોના શેઢામા વાવી શકે તેમજ નાના ખેડૂતો ને પણ રોપો ઉછેરવા માટે સબસીડી રૂપી કોઈ નાણાકીય સહાય નું આયોજન કરવામાં આવે જેથી નાના ખેડૂતો વૃક્ષો ઉછેરી શકે તેમજ રાજુલા શહેરમાં પણ વધુમાં વધુ વૃક્ષો હોય તે માટે નગરપાલિકા અને વન ખાતા મારફત સંકલન કરી રાજુલા શહેરમાં બગીચા ડિવાઈડરો પ્લોટો સરકારી કચેરીઓ ગેસ્ટ હાઉસ તેમજ શાળાઓમાં હાઈસ્કૂલમાં હોસ્પિટલમાં તથા ધાર્મિક મંદિરોના પ્રાંગણમાં વધુમાં વધુ વૃક્ષો હોય તે માટે સરકારે યોજના બનાવી ફીમાં વૃક્ષો નું વાવેતર તેમજ વૃક્ષો સલામત રહે તે માટે પિંજરાઓ પણ વૃક્ષો ઉછેરતા હોય તે ઓને સબસિડીમાં આપવાની યોજના ઓ વધુમાં વધુ આ વિસ્તારમાં વૃક્ષો રોપાય તે માટે વૃક્ષો પ્રેમી અને આ વિસ્તારનું સિંહ ને સુરક્ષિત માટે ખાસ ધ્યાન આપતા એવા પર્યાવરણ પ્રેમી વિપુલભાઈ લહેરી દ્વારા વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ વન મંત્રાલય ને પત્ર પાઠવીને ખાસ કિસ્સા તરીકે આ વિસ્તારમાં વાવાઝોડા માં નાશ પામેલા વૃક્ષો ની જગ્યાએ ફરી પાછા લીલોરમણીય સ્થળો બને તે માટે ફાળવણી તેમજ જાળીવાળા પીંજરા ઓમા સબસિડી માં મળે તેવી માગણી અને લાગણી શ્રી વિપુલભાઈ એ પત્ર દ્વારા તંત્ર ને જાણ કરી છે.

# જાફરાબાદમાં બાઈક પુલના ડિવાઈડ સાથે અથડાતા બે યુવાનોના મોત

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

જાફરાબાદના ખત્રીવાડાના રોડે બાઈક પુલના ડિવાઈડ સાથે ધડાકા સાથે અથડાતા બેનાં મોત થયા હતા.

પુર ઝડપે બાઈક ચલાવી સ્ટેરીંગ નો કાબુ ગુમાવી અકસ્માત કરી ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરિયાદ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં થઈ રોહિશાથી ખત્રીવાડા જવાના રોડ ઉપર રાજેશભાઈ અરજણભાઈ શિયાળ ઉ.વ.૩૨ તથા તેની પાછળ બેઠેલા અરવિંદભાઈ સાદુળભાઈ શિયાળ બન્ને હોન્ડા સીટી ડીલક્ષ જી.જે ૧૧ એએલ ૦૦૮૪ લઈને ખત્રીવાડાથી રોહિશા આવતા હોય તે દરમિયાન રવાળા તરીકે ઓળખાતા પુલ પાસે આવતા પુર ઝડપે અને બેફીકરાઈથી બાઈક ચલાવતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા પુલના ડિવાઈડ ( સિમેન્ટ ના ખાંભા) સાથે અકસ્માત કરી રાજેશ તથા પાછળ બેઠેલા અરવિંદભાઈ સાદુળભાઈ શિયાળ ને શરીરે નાની મોટી તથા ગંભીર ઈજાઓ કરી રાજેશ તથા અરવિંદભાઈ નું મોત નિપજાવી ગુનો કર્યા નું બિજલભાઈ અરજણભાઈ શિયાળે જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ગરમીમાં નર્મદા જિલ્લા ટ્રાફિકમાં ફરજ બજવતાં 19 જવાનો અને પીએસઆઈની મેડિકલ તપાસ કરાઇ

ભરત શાહ : રાજપીપળા



પ્રશાંત સુંબે પોલીસ અધિક્ષક, નર્મદા નાઓની સુચના તથા માર્ગદર્શન મુજબ હાલ મે મહિના માં ગરમીનુ પ્રમાણ વધારે હોય અને તાપમાન સામાન્ય રીતે ૪૪ ડીગ્રી જેટલુ રહેતુ હોય એવા સંજોગોમાં નર્મદા જીલ્લા ટ્રાફિક શાખાના પોલીસ જવાનો તેમની ફરજ જાહેર જગ્યાએ તેમજ રોડ ઉપર ટ્રાફિક નિયમન કરી બજાવી રહ્યા છે અને આ ગરમી તેમજ હીટવેવ ના કારણે જવાનોના શારીરીક તેમજ માનસિક સ્વાસ્થય ઉપર વિપરીત અસર ન થાય તેમજ જવાનો તેમની ફરજ યોગ્ય તેમજ સ્વસ્થ રીતે બજાવે તે હેતુથી ડૉ. અવિનાશ દવે, ડીન રાજપીપલા હોસ્પિટલના સાથ સહકારથી તા,૨૨/૦૫/૨૦૨૪ ના રોજ જીલ્લા ટ્રાફિક શાખાના પો.સ.ઇ એસ.એસ.મિશ્રા તથા ટ્રાફિક શાખાના કૂલ-૧૯ પોલીસ જવાનોની મેડીકલ તપાસ રાજપીપલા સિવીલ હોસ્પિટલ ખાતે કરાવવામાં આવી જેમા લેબોરેટરી ટેસ્ટ, હાઇબીપી, સુગર, કોલેસ્ટ્રોલ, એચ.આઇ.વી, યુરીન ટેસ્ટ, આંખ તથા ગળા અને કાનનુ ચેકઅપ, માનસિક રોગોના વિભાગમાં રૂટીન ચેકઅપ તથા જનરલ ચેકઅપ કરાવવામાં આવ્યુ. આમ નર્મદા જીલ્લા ટ્રાફિક પોલીસ તેમની તમામ ફરજો તંદુરસ્તી સાથે બજાવે તે હેતુથી આ મેડીકલ તપાસ કેમ્પનુ આયોજન રાજપીપલા સિવીલ હોસ્પિટલ ખાતે રાખવામાં આવ્યું હતું.

# ડાંગ જિલ્લામાં સતત ત્રણ દિવસથી કાળઝાળ ગરમી પડતા જનજીવન ત્રસ્ત બન્યુ

સુશીલ પવાર : ડાંગ



રાજ્યનાં હવામાન વિભાગ દ્વારા હિટવેવનાં નિર્દેશન આપ્યા છે.હિટવેવની આગાહીનાં પગલે સમગ્ર રાજ્યમાં અસહ્ય ગરમી પડી રહી છે.જેમાં છેવાડેનો ડાંગ જિલ્લો પણ ગરમીનાં પગલે શેકાઈ રહ્યો છે.ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં સતત ત્રણ દિવસથી કાળઝાળ અને અસહ્ય ગરમી પડી રહી છે.ગતરોજ મંગળવારે ડાંગ જિલ્લામાં મહત્તમ 42 ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોંધાયુ હતુ.જ્યારે લઘુતમ 38 ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોંધાયુ હતુ.બુધવારે ફરી ગરમી વધતા લોકો બફારાથી ત્રસ્ત બન્યા હતા. ડાંગ જિલ્લાના આહવા અને વઘઇ પંથકમાં 42 ડિગ્રી સેલ્શિયસ તાપમાન જ્યારે સુબિર પંથકમાં 41 ડિગ્રી તથા સાપુતારા પંથકમાં 38 ડિગ્રી સેલ્શિયસ તાપમાન નોધાયુ હતુ. ડાંગ જિલ્લાના આહવા,વઘઇ અને સુબિર પંથકનાં ગામડાઓમાં કાળઝાળ ગરમી અને બફારાનાં પગલે જનજીવન સહિત પશુપાલન ખોરંભે ચડયુ હતુ. ડાંગ જિલ્લાનું જનજીવને અસહ્ય ગરમીમાં બહાર નીકળવાનું ટાળ્યુ હતુ.હાલમાં અસહ્ય ગરમીનાં પગલે ડાંગવાસીઓ ઠંડા પીણાનો આશરો મેળવી રહ્યા છે.જ્યારે ગામડાનું જનજીવન વૃક્ષો નીચે બેસી ઠંડક મેળવી રહ્યા છે.ડાંગ જિલ્લામાં અસહ્ય ગરમીનાં પગલે ગામડાઓ તથા આહવા નગર સુમસામ ભાસી ઊઠ્યુ હતુ.રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે 38 ડીગ્રી સેલ્શિયસ તાપમાન રહેતા અહી પ્રવાસીઓને રાહત મળી હતી..

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life

રેડ રોડ, રેલ્વેપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૨
ફોન : ૦૭૯-૨૨૧૪૫૮૭૮
ઈમેલ : a0476@psb.co.in

**કબજા નોટિસ**

**સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્મસમેન્ટ) નિયમ,૨૦૦૨) નિયમ ૮(૧)**

નીચે સહી કરનાર તે **પંજાબ એન્ડ સિંધ બેંક**ના અધિકૃત અધિકારીએ ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સેક્શન ૧૩ (૧૨) ને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતાં હેઠળ મળેલ સત્તાની રૂએ **(૧) વીર ફેબ્રીકેટર્સ પ્રાઈવેટ લિમિટેડ (દેણદાર) તેના ડીરેક્ટરો દ્વારા એ) શ્રી અમરીશ રમણભાઈ પંચાલ જે રમણલાલના પુત્ર, બી) શ્રી મીત ભરતભાઈ પટેલ જે ભરત કુમારના પુત્ર, સી) શ્રી હર્ષ અશોકભાઈ પંચાલ જે અશોકભાઈ રામચનદાસના પુત્ર,** રજીસ્ટર્ડ સરનામું : પ્લોટ નં. ૧૧૬૨, સર્વે નં. ૧૦૩૮, ગામ માથાસુર, ગો ગ્રીન વેરહાઉસ સામે, સુરજ-નંદાસણ રોડ, કડી, મહેસાણા-૩૮૨૭૦૫, **(૨) શ્રી અમરીશભાઈ રમણભાઈ પંચાલ જે રમણલાલના પુત્ર,** રહેઠાણનું સરનામું : મકાન નંબર ૫૯, સુપથ કો-ઓપરેટિવ સોસાયટી, ચાંદખેડા, ગાંધીનગર-૩૮૨૪૨૪, **(૩) શ્રી મીત ભરતભાઈ પટેલ જે ભરત કુમારના પુત્ર,** રહેઠાણનું સરનામું : ડી/૨૦૪, સર્વોપરી એલિગન્સ, સત્ય રેસીડેન્સી સામે, ન્યુ રાણીપ, અમદાવાદ સીટી, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૭૦, **(૪) શ્રી હર્ષ અશોકભાઈ પંચાલ જે અશોકભાઈ રામચનદાસના પુત્ર,** રહેઠાણનું સરનામું : ઓ-૩૦૧, અભિષેક એપાર્ટમેન્ટ, ગણેશ વિદ્યાલયની સામે, નવા વાડજ, નારણપુરા વિસ્તાર, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૩ **તા.૨૭/૧૦/૨૦૨૩** ના રોજ એક માંગણા નોટિસ મોકલી હતી કે નોટિસમાં જણાવેલ રકમ **રૂ. ૮૮,૧૮,૦૦૦/- (અંકે રૂપિયા ઈઠ્યાસી લાખ અઢાર હજાર પુરા)** નોટિસ મળ્યાની તારીખ થી ૬૦ દિવસની અંદર ચૂકવી આપવા જણાવેલ.

દેવાદાર આ રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેલ છે, જેથી દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને સામાન્ય રીતે આ નોટિસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનારે એને મળેલ સદર કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૪) સાથે નિયમ ૮ સાથે વંચાણે લેતાં હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે વર્ણવેલ **મિલકતનો સાંકેતિક કબજો ૧૮-૦૫-૨૦૨૪** ના રોજ લીધો છે.

મિલકતના માલિક વિશેષ રૂપે જાહેર જનતાને સામાન્ય રીતે મિલકત સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને નીચે જણાવેલ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો સોદો **પંજાબ એન્ડ સિંધ બેંક**ના બોજાને આધિન રહેશે. **રૂ. ૮૮,૧૮,૦૦૦/- (અંકે રૂપિયા ઈઠ્યાસી લાખ અઢાર હજાર પુરા)** ૩૦/૦૯/૨૦૨૩ સુધીના વ્યાજ અને તેના પર ૧૨.૨૦% ના દરે વધુ વ્યાજ અને શુલ્ક સહિત.

સિક્યોર્ડ અસ્કયામતો છોડવવાની ઉપલબ્ધ સમયમર્યાદા અંગે સરફેસી કાયદાના સેક્શન ૧૩ના સબ-સેક્શન(૮) તરફ દેણદારનું ધ્યાન દોરવામાં આવે છે.

**પ્રાથમિક સુરક્ષાની પૂર્વધારણાની વિગતો: - બેંક ફાઇનાન્સ દ્વારા ખરીદવામાં આવેલી મશીનરીની પૂર્વધારણા અને મશીનરીની વિગતોનો ઉલ્લેખ નીચે મુજબ છે:-**

| ક્રમ | મશીનરીઓનું વર્ણન | નંગ |
|---|---|---|
| ૧. | હાઈડ્રોલિક પ્રેસ | ૧ |
| ૨. | પાવર પ્રેસ | ૧ |
| ૩. | પાઈપ બેન્ડીંગ મશીન | ૧ |
| ૪. | અરગુન વેલ્ડીંગ મશીન | ૩ |
| ૫. | પાઈપ મીલ | ૧ |
| ૬. | નિકેલ ક્રોમ પ્લાન્ટ | ૧ |
| ૭. | ડ્રો બેચ | ૧ |
| ૮. | સ્ટ્રેટનિંગ અને કટીંગ મશીન | ૧ |
| ૯. | ૨૨'' રબર મોલ્ડીંગ પ્રેસ | ૧ |
| ૧૦. | ૨૮'' રબર મોલ્ડીંગ પ્રેસ | ૧ |

| ક્રેડિટ સુવિધાઓની પ્રકૃતિ | મિલકતનું વર્ણન |
|---|---|
| ટર્મ લોન ફેસીલીટી માટે રૂા. ૯૫,૦૦,૦૦૦/- | બેંકમાંથી ખરીદેલ તમામ પ્લાન્ટ અને મશીનરી રેકોર્ડ પરના ટેક્સ ઈન્વૉઇસ મુજબ નાણાં. |
| જીઈસીએલ ૧.૦ માટે રૂા. ૨૮,૫૦,૦૦૦/- | વધારાની WCTL અથવા નોન-ફંડ આધારિત સુવિધા મંજૂર ECLGS હેઠળ, વર્તમાન સાથે બીજો ચાર્જ રોકડ પ્રવાહ અને સુરક્ષાના સંદર્ભમાં ક્રેડિટ વિધાઓ, હેઠળ ધિરાણ કરાયેલ અસ્કયામતો પર ચાર્જ સાથે ૩૦ જૂન, ૨૦૨૨ના રોજ અથવા તે પહેલાં સ્કીમ બનાવવામાં આવશે. |

ટર્મ લોન પણ મશીનરીના હાઈપોથેકેશન દ્વારા સુરક્ષિત કરવામાં આવી હતી પ્રાથમિક સુરક્ષા તરીકે નોટિસના પેરા નંબર ૪(ઈ) માં ઉપરોક્ત ઉલ્લેખિત.

**તારીખ : ૧૮-૦૫-૨૦૨૪**
**સ્થળ : અમદાવાદ**

**અધિકૃત અધિકારી**
**પંજાબ એન્ડ સિંધ બેંક**

# હિતેશ મહેશ્વરી દ્વારા કચ્છ યુનિવર્સિટીમાં એલએલએમ સફળતાપૂર્વક ઉતીર્ણ થયા



કચ્છ : રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ કચ્છ જિલ્લાના પ્રમુખ તેમજ વિવિધ સંસ્થાઓ સાથે સમાજ તેમજ પ્રજાના હિતમાં જોડાયેલા હિતેશ મહેશ્વરી દ્વારા કચ્છ યુનિવર્સિટીમાં કાયદા વિભાગમાં માસ્ટર ઓફ લોં (એલએલએમ) અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરી અને ઉતીર્ણ થયા છે, કચ્છ જિલ્લાના પ્રાણ પ્રશ્નો માટે વકતો વખત ઉપાડતા અને દલિતોના હિતની દરેક લડતમાં સંકળાઈ ન્યાયની લડત લડતા હિતેશ મહેશ્વરી અભ્યાસ ક્ષેત્રે પણ આવી રીતે આગળ આવી રહ્યા છે ત્યારે બી.એ પૂર્ણ કરી અને ત્યારબાદ એલ.એલ.બી પૂર્ણ કર્યા બાદ એડવોકેટ ની ડિગ્રી મેળવી અને એના બાદ કચ્છ યુનિવર્સિટી ખાતે કાયદા વિભાગમાં માસ્ટર ઓફ લોં કરી અને એલએલએમ નું અભ્યાસ પૂર્ણ કરેલ છે. આ કાયદાનું જ્ઞાન સમાજના હિત માટે તેમજ કચ્છના પ્રજાના લોકો માટે ચોક્કસપણે એમને ખૂબ જ અગત્યનું બની રહેશે.આ સફળતાના પગલે કચ્છમાંથી વિવિધ સમાજના લોકો તેમજ સમાજના આગેવાનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# મોટી રાજકીય વગ ધરાવતા અને ગૌચરની જમીન કબ્જે કરી તળાવ ઉડું કરનારા વિનોદ પટેલ ઉર્ફે સ્વામી સામે કાર્યવાહી ક્યારે..?

નીતિન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા નજીક ઘણો ઘરડા પાસે શનિ મંદિર ની આજુબાજુ ગોચર માં જ દબાણ કરી લાખો ટન માટીનું બારોબારીયું કરી ગૌ શાળા બનાવી કહેવાતા ગૌભકત બની ગૌચર વિકાશ બોર્ડ ગાંધીનગર દ્વારા સન્માનીત થઈ લોકોની આંખો માં ધૂળ ઉડાતા જોવા મળ્યા છે ત્યારે ઘાણો ઘરડા ના જાગ્રૃત નાગરીકો દ્વારા ગૌચર ખાલી કરાવવા અને બે ખેડૂતો ની જમીન પચાવી પાડ્યા ની રજૂઆતો ક્લેક્ટર સહિત ઉચ્ચ કક્ષાએ કરાતાં તંત્ર દ્વારા વિનોદ સ્વામિ ઉર્ફે વિનોદભાઈ પટેલ સામે રાજકીય વગ નું મજબૂત કવચ હોવાથી કોઈ જ કાર્યવાહી નહી કરાતો ઘાણો ઘરડા ના ભોગ બનનાર ખેડૂતો અને વિનોદ ભાઈ પટેલ ઉર્ફે સ્વામી સામે રજૂ આત કરનાર જાગૃત નાગરીકો તંત્ર પ્રત્યે ઉદાસીનતા સાથે ઉગ્ર અસંતોષ વ્યક્ત કરતા જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ઘાણો ઘરડા ઝિલીયા વચ્ચે હાઈવે રોડ ને અડી ને આવેલી અને ધાણો ઘરડા ની ગ્રામ પંચાયતમાં આવતી ગૌચર વાળી જમીન સર્વે નં.૮૧૩ વાળી જમીન ને ખોદી નાખી પોતાના ફાર્મ હાઉસમાં સિંચાઈ માટે તલાવડું બનાવી દઈ લાખો ટન માટી ઉલેચી ગે.કા. કામ કરાયાનું ધાણો ધરડાના જાગૃત નાગરીકો નાં ધ્યાને આવતા ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆતો કરાઈ હોવાનું જાગૃત નાગરીકો એ જણાવ્યું હતું

# રાજપીપળા સ્ટેશન રોડ પરની ગલીમાં મહાકાય વૃક્ષ પડતાં ઘરને નુકશાન : યુવતી ઘરમાં ફસાઇ



ભરત શાહ : રાજપીપળા

રાજપીપળા શહેર ના સ્ટેશન રોડ પર આવેલી એક નાનકડી ગલી માં મહકાય વૃક્ષ ધડાકાભેર પડતાં સ્થાનિકો ના જીવ અધ્ધર થઈ ગયા હતા અને આ મહાકાય વૃક્ષ એક ઘર ઉપર પડતાં નુકશાન થયું હતું અને એક યુવતી પણ અંદર ફસાઈ હોવાનું જાણવા મળ્યું છે રાજપીપળા રવિરાજ કોલ્ડ્રિંક ની બાજુની ગલી માં આજે સાંજે એક લીમડા નું મહાકાય વૃક્ષ ધડાકાભેર તૂટી પડતાં આ વૃક્ષ ગલી માં રહેતા મધુબેન ના મકાન ઉપર પડતાં મકાન ઉપર મૂકેલી પાણીની ટાંકી સહિત નુકશાન થયું હતું જ્યારે એક યુવતી પણ મકનમાં ફસાઈ જતાં ગભરાઈ ગઈ હતી. જોકે મધુબેન ના જણાવ્યા મુજબ પાલિકા માં અડધો કલાક થી જાણ કરી છે છતાં હજુ કોઈ આવ્યું નથી માટે અમે હજુ ઘરની બહાર છે અંદર જવાય તેમ નથી. જોકે આ ઘટના માં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નથી પરંતુ પાલિકા ની ઢીલી કામગીરી થી સ્થાનિકો માં ભારે રોષ છે.

# કવિ રમેશ પારેખને અમરેલીની વિશેષ સ્મરણાંજલિ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



કવિ રમેશ પારેખ સ્મરણ પર્વ 2024 અંતર્ગત તેમની પુણ્યતિથિ નિમિત્તે અમરેલી ખાતે તારીખ 19- 5 -2024 અને રવિવારના રોજ ગદ્ય સાહિત્ય સભા અને સંવાદ અમરેલીના સંયુક્ત ઉપક્રમે 'સોનપરી આવે છાનકડી' શીર્ષક તળે સંપૂર્ણ બાલ કેન્દ્રી કાર્યક્રમ ઉત્સાહભેર સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. પ્રારંભમા અમરેલીની પ્રખ્યાત ગાયિકા કુ. ઝીલ જોષી એ પ્રાર્થના દ્વારા સ્વર શુકન કરાવ્યા હતા.ઉપસ્થિત મહાનુભાવો સર્વશ્રી છગનભાઈ ધોરાજીયા , ભરત ઉપાધ્યાય , રિયાઝ વેરસિયા, સ્વાતિબેન જોશી, નીધી મહેતા સહિતના દીપ પ્રાગટ્ય દ્વારા વંદના કરી હતી. સંવાદના સંયોજક પરેશ મહેતાએ પૂર્વભૂમિકા રજૂ કરતા જણાવેલ કે આ ઉપક્રમથી બાલ સાહિત્યકાર રમેશ પારેખને વિશેષ સમરાણાંજલિ રૂપે સંપૂર્ણપણે બાળકોને જ કેન્દ્રમાં રાખી આ ઉપક્રમ આયોજિત કરવામાં આવેલ છે. શાબ્દિક સ્વાગત વાસુદેવ સોઢા દ્વારા કરવામાં આવેલ .ઉમળકાભેર શરૂ થયેલ આ ઉપક્રમ માં બહોળી સંખ્યામાં હાજરબાળકો ,વાલીઓ ,સર્જકો, ભાવકો સમક્ષ બાલ ગીતો, વાર્તાઓ ,બાલગીતોની રિમિક્સ, ટોની વાંદરાના કરતબ, બાલ નાટક ,જાદુઈ ખેલ ,ઉખાણા ની રમત, અભિનય ગીત ,લોક વાર્તા વગેરેની પ્રસ્તુતિ સર્વશ્રી ભરત અગ્રાવત , ઉમેશ ચાવડા ,રઘુ રમકડું , વાસુદેવ સોઢા, નીધી મહેતા ,ચેતનાબેન બાજક, ઝીલ જોષી, સુરેશ નાંગલા , દિવ્યાર્થ પરમાર, જીયા રાવળ ,વ્યોમ મહેતા , ત્રિશા વ્યાસ ,ઝીલ તાપરિયા, કેશવી સોઢા વગેરે સહિતના ઉત્સાહભેર રજૂ કરી વેકેશન મૂડ,ધમાલ મસ્તી આનંદનો અનોખો અવસર ,માહોલ સર્જી દીધો હતો. અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર વતી કવિ શ્રી ઉમેશભાઈ જોશી એ શુભેચ્છાઓ પાઠવી હતી . ઉપરાંત કવિ શ્રી ભરત વિંઝુડા, લાલજી કાનપરિયા, ગુણવંત વ્યાસ, રેખાબેન દવે ,ગોરધન ભેસાણીયા ,કૃપા ઓઝા, સંજીવ ધારૈયા ,હસમુખ બોરાણીયા ,રવજીભાઈ કાચા ,ભારતીબેન ગોહિલ ,દિવ્યા સોજીત્રા, ઉદય દેસાઈ ,કેતન જોશી, મુકુંદભાઈ દવે ,આર.પી .જોશી ,મહેન્દ્રભાઈ જોશી,શિવજી રૂખડા ,ધર્મેશ ઉનાગર ,અરવિંદ ભટ્ટ ,સંધ્યાબેન ભટ્ટ ,નસીમબેન પઠાણ સહિતના એ શુભેચ્છાઓ પાઠવી આ સરસ મજાના અનોખા અવસરનો રાજીપો વ્યક્ત કર્યો હતો .

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### હીરા ઉદ્યોગનું અસ્તિત્વ જોખમમાં: યુક્રેન રશિયા યુદ્ધ સહિત આંતરરાષ્ટ્રીય માર્કેટમાં મંદીને માહોલ...

# હીરાના લેવાલ ઘટતા નવસારીમાં હીરા ઉદ્યોગમાં મંદીને કારણે વેકેશન લંબાવાયું

(એજન્સી) નવસારી | તા.22

દક્ષિણ ગુજરાતમાં મુખ્ય વ્યવસાય તરીકે હીરા ઉદ્યોગ વર્ષોથી પોતાની શાખ જમાવી બેઠો છે. લીલોછમ ગણવામાં આવતો આ વિસ્તાર ખેતીવાડી, બાગાયતી બાદ હીરા ઉદ્યોગને કારણે ચળકતો દેખાય છે, પરંતુ છેલ્લા થોડા વર્ષોથી હીરા ઉદ્યોગને મંદીને કારણે ઝાંખપ લાગી છે.મંદિના વાદળો ઘેરાતા હીરા ઉદ્યોગ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સંઘર્ષ કરી રહ્યો હોય તેવી સ્થિતિ ઊભી થઈ છે.

લાંબા સમયથી રશિયા યુક્રેન યુદ્ધ શરૂ રહેતા તેની સીધી અસર વૈશ્વિક ધંધા ઉપર જોવા મળી છે. આ યુદ્ધની સીધી અસર હીરા ઉદ્યોગ ઉપર પણ જોવા મળી રહી છે. ભારતમાં અને વિશ્વમાં હીરાના કટીંગ એન્ડ પોલીસ માટે મહત્વના શહેર સુરતના પાડોશી નવસારી જિલ્લામાં પણ ડાયમંડ કટીંગ એન્ડ પોલીસિંગ કરવામાં આવે છે સુરતની સરખામણીએ નવસારીમાં જીણા હીરા નું કામ થાય છે, છેલ્લા લાંબા સમયથી નવસારીનો હીરા ઉદ્યોગ મંદી હેઠળ આવ્યો છે. એક તરફ રફના વધેલા ભાવ તો બીજી તરફ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોલીસ હીરાના ઓછા ભાવે માંગવામાં આવે છે જેને કારણે વેપારીઓ કોઈ રફની ખરીદી અટકાવવા સાથે પોલીસ માલને પણ વેચવાનું ટાળ્યું છે.

હીરા ઉદ્યોગમાં દિવાળી અને વેકેશન ગાળો મહત્વનો હોય છે આ ક્ષેત્રમાં કામ કરતા કારીગરો પોતાના વતને જઈને હળવાશ અનુભવે છે. મોટાભાગે આ વેકેશન 15 થી 20 દિવસનું હોય છે પરંતુ મંદીને જોતા આ વખતનું વેકેશન બે મહિના સુધી લંબાઈ શકે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. નવસારી જિલ્લામાં 180 જેટલા કારખાના છે જેમાં 17 થી 18 હજાર રત્ન કલાકારોની રોજગારી નભે છે. પરંતુ રશિયા યુક્રેન વચ્ચે કાર્યરત આંતરરાષ્ટ્રીય યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે લેવાલનો અભાવ આ બે કારણોને લઈને નવસારી જિલ્લામાં મંદીના વાદળો ઘેરાયા છે. જેને કારણે વેકેશન લંબાવવાની સંભાવના જોવામાં આવી રહી છે. અહીંના વેપારીઓને પહેલા તો હીરાની રફ પોસાય તેવા ભાવે મળતી નથી જો કદાચ વેપારીઓ રફ ખરીદે પણ લેતો પણ પોલીસ થયેલા હીરાઓ તેમને પાસેથી ઓછા ભાવે માંગવામાં આવે છે એક તો મોંઘી રફ અને બીજી તરફ રફ પોલીસ થયેલો માલ ઓછા ભાવે માંગવામાં આવતા વેપારીઓને આર્થિક ફટકો પડી રહ્યો છે જેને કારણે કટીંગ એન્ડ પોલિશિંગનું કામ થોડા સમય માટે લંબાવવામાં આવે તો નવાઈ નહીં.

નવસારી ડાયમંડ એસોસિએશનના મંત્રી સંજય શાહ જણાવે છે કે એક સમયે હીરાનગરી નવસારીમાં ધંધો ધમધમતો હતો આ વર્ષની વાત કરવામાં આવે તો આ વર્ષ મંદીનું કહો તો ચાલે, પહેલા અખાત્રીજ પછી વેકેશન પડતું હતું પરંતુ હવે અખાત્રીજ પહેલા જ વેકેશન પડી ગયું, નવસારીમાં 180 જેવા કારખાના છે જેમાં રત્નકલાકાર ભાઈઓ 17 થી 18 હજાર કલાકારો કામ કરે છે, હાલમાં સ્થિતિ એવી છે કે બહારથી જે કાચો માલ પોલીસ કરીને નવસારીમાં તૈયાર કરવામાં આવે છે. તેનો કોઈ લેવાલ નથી ઈન્ટરનેશનલ માર્કેટમાં તૈયાર થયેલા હીરા ની ખરીદારી ઓછી થઈ છે જેને કારણે મંદીનું વાતાવરણ જોવા મળી રહ્યું છે, રફ ની સામે તૈયાર થયેલા હીરા 25 ટકા ઓછા ભાવે માંગવામાં આવે છે જેને કારણે વેપારીઓ ઊંચા ભાવે લાવતા રફ સામે સસ્તા ભાવે પોલીસ થયેલા હીરા કઈ રીતે વેચે તે અંગેની ચિંતા વ્યાપી છે આ ઉનાળુ વેકેશન જે 15 થી 20 દિવસનું હતું તે બે મહિના નું થવાની સંભાવના જોવામાં આવી રહી છે.

**ન્યૂઝ કોર્નર**

## અપહરણ-ખંડણીના ગુનામાં વોન્ટેડ આરોપી ઝડપાયો

રાજકોટ: અમદાવાદના બોપલ પોલીસ મથકમાં નોંધાયેલા અપહરણ, ખંડણી, મારકૂટ કરવી અને ખુનની ધમકી આપવા સહિતની કલમો હેઠળ નોંધાયેલા ગુનામાં છેલ્લા ૮ - ૯ મહિનાથી વોન્ટેડ આરોપી સુરેશ ઉર્ફે ભુરો અરજણ જોગાવા (રહે. સત્યમ પાર્ક શેરી નં.૫, આજી ડેમ ચોકડી નજીક)ને ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો હતો. ચોકકસ માહિતીના આધારે ક્રાઈમ બ્રાંચે આરોપીને ચુનારાવાડ ચોક પાસેથી ઝડપી લઈ બોપલ પોલીસના હવાલે કરવા તજવીજ શરૂ કરી છે. આરોપી લાંબો ગુનાઈત ઈતિહાસ ધરાવે છે. તેના વિરૂધ્ધ રાજકોટ ઉપરાંત રાજકોટ ગ્રામ્યનાં પોલીસ મથકમાં ૨૦૧૪ની સાલથી લઈ ૨૦૨૩ સુધી ૯ ગુના નોંધાયા છે.

## એકના ડબલની લાલચમાં રૂા.1.30 લાખ ગુમાવ્યા

રાજકોટ: માધાપર ચોકડી પાસે કૃષ્ણનગર શેરી નં.૪માં રહેતાં અને બજરંગવાડીના ખૂણા પાસે ગેરેજ ધરાવતા રસિકભાઈ બચુભાઈ હાલારી (ઉ.વ.૫૧) એ એકના ડબલની લાલચમાં રૂા.૧.૩૦ લાખ ગુમાવ્યાની ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે લલુડી વોંકડી પાસે રહેતાં નિલેશ પાટડીયા સામે વિશ્વાસઘાત, છેતરપીંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ આગળ ધપાવી છે. ફરિયાદમાં રસિકભાઈએ જણાવ્યું છે કે આરોપી તે વખતે તેના પ્રજાપતિ સમાજના પ્રમુખ હોવાથી ૧૦ વર્ષથી ઓળખે છે. આરોપી લલુડી વોંકડીમાં રામાપીરની મંદિરની બાજુમાં રહે છે. નજીકમાં જ મોબાઈલની દુકાન સાથો-સાથ જેપી શરાફી સહકારી મંડળી પણ ચલાવે છે. આ મંડળી હેઠળ જેપી ગુરૂપ આયોજીત ડબલ ધમાકા ઓફર નામની અલગ-અલગ સ્કિમો તરતી મુકી હતી. જેમાં તેના નાનાભાઈ રાજુભાઈએ રોકાણ કર્યું હતું. ચારેક વર્ષ પહેલાં તેણે પણ આરોપી પાસેથી રૂા.૧૦ હજારની ટીકીટ લીધી હતી.

# સ્પામાં નોકરી કરતી યુવતીની હત્યા

## યુવતીના પતિએ કહ્યું 'રમીલા સાથે મારા બીજા લગ્ન હતા અને હત્યારા ગોવિંદ પટેલ સાથે તેની મિત્રતા હતી'

(એજન્સી) કલોલ | તા.22

કલોલ તાલુકાના રાંચરડા ગામે ગઈકાલે બપોરે ફાયરીંગની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. બોપલના સ્પામાં નોકરી કરતી યુવતી પર તેના જ મિત્રએ ફાયરીંગ કર્યું હતું. જેથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઘટનાના પગલે લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાં જ યુવતીના પતિએ સાંતેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે અલગ અલગ ટીમો બનાવી ફરાર આરોપીને પકડવા તજવીજ હાથધરી છે. જાણો શું છે આ હત્યાનું રહસ્ય....

મહિલાના પતિએ પોલીસ ફરિયાદ જણાવ્યું છે કે, તારીખ 20/05/2024ના સવારના નવ વાગ્યે મારી પત્ની રમીલા (ઉં.વ.40) દરરોજની જેમ બોપલ ખાતે સ્પામાં નોકરીએ જવા નીકળી હતી. જેથી હું મારા બાઈક ઉપર તેને નેહરૂનગર ખાતે મુકી આવ્યો હતો. સાંજના સોલા સિવિલથી મારા ઉપર ફોન આવ્યો હતો. જેમાં મને જણાવેલું કે, તમારી પત્ની રમીલાબેનને માથાના પાછળના ભાગે ફાયરીંગથી ગોળી વાગતા ગંભીર ઈજા થઈ છે. તેઓને 108 એમ્બ્યુલન્સમાં સોલા સિવિલ હોસ્પિટલ સારવાર માટે લાવવામાં આવ્યા છે, પરંતુ તેઓ ગંભીર હોય જેથી અમદાવાદ સિવિલમાં વધુ સારવાર અર્થે ટ્રાન્સફર કર્યા છે.

મેં અમદાવાદ સિવિલના ટ્રોમા સેન્ટરમાં આવી તપાસ કરતા મારી પત્નીની સારવાર ચાલુ હતી. મને ત્યાં હાજર માણસોથી જાણવા મળેલું કે, બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાની આસપાસ રાંચરડા ગામ શ્રી ઉમા નિવાસની નીચે આવેલા યાત્રી ડેકોરેશનની ઓફિસ આગળ મારી પત્ની ઉભી હતી તે દરમિયાન તેના મિત્ર ગોવિંદભાઈ ચતુરભાઈ પટેલ (રહેવાસી.રાંચરડા ગામ, તા. કલોલ, જિ.ગાંધીનગર) સાથે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી.



ઉશ્કેરાઈને યુવતીના માથાનાં ભાગે ગોળી મારી

આરોપી ગોવિંદે પિસ્તોલ વડે ફાયરીંગ કરી, મારી પત્નીને માથાના પાછળના ભાગે ગોળી મારતા તે ત્યાંજ ઢળી પડી હતી. ત્યાં હાજર માણસોમાંથી કોઈએ 108ને ફોન કરતા તેને અમદાવાદ સિવિલમાં સારવાર અર્થે લાવ્યા છે. સારવાર દરમ્યાન રાત્રિના આઠ વાગે મારી પત્ની મૃત્યુ પામી હતી. મારી પત્નીને તેના મિત્ર ગોવિંદ સાથે કોઈ બાબતે ઝઘડો થતાં તેણે પોતાની પાસેની પિસ્તોલથી ફાયરીંગ કરી મારી પત્નીને માથામાં પાછળના જમણી બાજુના ભાગે ગોળી મારી દીધી હતી. જેથી તેને ગંભીર ઈજા થતાં તેનું સારવાર દરમ્યાન મોત થયું હતું. જેથી મેં આરોપી ગોવિંદ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

**ઘણાં રહસ્યો હજુ પણ અકબંધ :** ઉલ્લેખનીય છે કે, અમદાવાદ પટેલ મીલ BRTS રખિયાલ ગોમતીપુર રોડ પાસે રહેતા નરેશભાઈ સંપતરામ નિકોશે(મરાઠી) ના રમીલા સાથે બીજા લગ્ન થયા હતા. આ લગ્નજીવનથી તેઓને બે સંતાનો છે. રમીલા સાથે આરોપી ગોવિંદના લગ્ન થયા હતા કે બંને લીવ ઈનમાં રહેતા હતા, ગોવિંદે રમીલાની ગોળી મારી હત્યાં કયા કારણોસર કરી સાથે આ ગુનામાં વપરાયેલી પિસ્તોલ આરોપી ક્યાંથી લાવ્યો તે તમામ રહસ્યો હજુ પણ અકબંધ છે. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે. જો કે સાચી હકીકત તો ગોવિંદ પટેલની ધરપકડ પછી જ બહાર આવશે.

### 18 દિવસમાં 63 કેસ, અસહ્ય ગરમીમાં બહાર નીકળવાનું ટાળો

# 44 ડિગ્રીમાં તાવનો પારો પણ ચડ્યો 108ને હાઈફિવરના વધુ બે દર્દી મળ્યા

(એજન્સી) વડોદરા | તા.22

વડોદરા સહિત સમગ્ર રાજ્યમાં ગરમીનો પારો ખૂબ જ વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. ત્યારે વડોદરા શહેરમાં પણ છેલ્લા 5 દિવસથી ગરમી 44 ડિગ્રીને પાર જોવા મળી રહી છે અને હજુ ગરમીનું પ્રમાણ યથાવત્ રહેશે. આ સ્થિતિમાં ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે હાલમાં શહેર-જિલ્લામાં 108ની ટીમને હાઈ ફિવરના કોલ વધુ મળી રહ્યા છે. જ્યારે હીટવેવનો ભોગ બનેલા દર્દીઓ એક-બે જોવા મળી રહ્યા છે. ત્યારે આ અંગે દઝાડતી ગરમીમાં ખૂબ સાચવવા નિષ્ણાંતો સલાહ આપી રહ્યા છે.

વડોદરા શહેર જિલ્લામાં 108 ઈમર્જન્સી સેવાને તારીખ 1 મેથી 18 મે સુધી ખૂબ વધુ પ્રમાણમાં હાઈ ફિવરના કેસ જોવા મળી રહ્યા છે. ઈમર્જન્સી સેવા 108ને મળેલ કોલમાં 63 જેટલા દર્દીઓને હાઈ ફિવર જોવા મળ્યું છે. બીજી તરફ હીટ સ્ટ્રોકના 2 જ કેસ સામે આવ્યા છે. સાથે અન્ય વામેટિંગ અને અન્ય કેસો સામાન્ય જોવા મળ્યા છે. હાલમાં ગરમીનું પ્રમાણ વધુ હોવાથી લોકોએ ખૂબ સાવચેતી લેવાની જરૂર છે અને જરૂર ન હોય અને કામ ન હોય તો બહાર ન નીકળવું જોઈએ. જો જરૂર જણાય અને સ્થિતિ ખરાબ થાય તો ઈમર્જન્સી 108ને કોલ કરી ખરાબ પરિસ્થિતિમાં મદદ લઈ સારવાર લઈ શકાય છે. આ અંગે સયાજી હોસ્પિટલના આરએમઓ ડો.ડી.કે. હેલૈયાએ જણાવ્યું હતું કે, હાલમાં ગરમીનું પ્રમાણ ખૂબ જ વધુ છે, અને હજુ દર વર્ષે તેમાં વધારો જોવા મળી રહ્યો છે. ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે તેનો મતલબ છે કે, ઉત્તરોત્તર ગરમીનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે. આ રીતે ગરમી વધતા લોકો સહન ન કરી શકે અને બાહ્ય ગરમી લાગે છે સાથે સાથે ગરમી થતા પાણીનું બાષ્પીભવન થાય છે. ત્યારબાદ ડીહાઈડ્રેશનમાં જાય છે. આવી સ્થિતિમાં ડીહાઈડ્રેશન થતા માણસના શરીર પર તેની અસર થતી હોય છે.

વધુમાં કહ્યું હતું કે, આ સ્થિતિમાં વ્યક્તિને છાયામાં અને ત્યારબાદ સારવાર લેવાની થાય છે. વડોદરા શહેરની વાત કરીએ તો હિટવેવના કારણે અસર પામેલ હોય તેવા દર્દીઓ હાલમાં એટલા પ્રમાણમાં જોવા મળ્યા નથી. આ સ્થિતિનો ભોગ બનેલા 1 દર્દી આવેલ છે અને તે મેડિસિન વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીનો ફીવર 105 હતો અને આવ્યા બાદ અમે હીટવેવનો ભોગ બનેલા હોવાનું લેબલ માર્યું છે.

# ડમ્પર સળગી ઊઠ્યું: પાદરા-કરજણ રોડ ઉપર હાઈટેન્શન લાઈન નીચેથી પસાર થતાં આગ લાગી

વડોદરા | આગના વધી રહેલા બનાવોમાં મોડી સાંજે વધુ એક બનાવ વડોદરા જિલ્લાના પાદરા-કરજણ રોડ ઉપર બન્યો હતો. પાદરા-કરજણ રોડ ઉપરથી ડમ્પર હાઈટેન્શન લાઈનની નીચેથી પસાર થઈ રહ્યું હતું. દરમિયાન હાઈ ટેન્શન લાઈનનો વીજ પ્રવાહે ડમ્પરને ઝપેટમાં લેતા ડમ્પર સ્થળ પર જ ભડભડ સળગવા લાગ્યો હતો. જોકે ડમ્પરનો ચાલક સમયસુચકતા વાપરીને ડમ્પર સ્થળ ઉપર ઉભુ કરી દઈ કૂદી પડતા તેનો આબાદ બચાવ થયો હતો.

નજર સમક્ષ સળગી રહેલા ડમ્પર અંગેની જાણ ડમ્પર ચાલકે સ્થાનિક પ્રશાસનને કરતા ફાયરના જવાનો આવી પહોંચ્યા હતા. જોકે ફાયરના જવાનો ઘટના સ્થળે આવે તે પૂર્વે જ ડમ્પર બળીને ખાખ થઈ ગયું હતું. બીજી બાજુ આ બનાવની જાણ ઘટનાસ્થળની આસપાસમાં આવેલા વીરપુર સહિત ગામના લોકોને થતા લોકોના ટોળેટોળા સ્થળ ઉપર ઉમટી પડ્યા હતા. ડમ્પરમાં લાગેલી આગ એટલી ભીષણ હતી કે, લોકોએ ડમ્પર પાસે જવાની પણ હિંમત કરી નહોતી. દૂરથી મોબાઈલ ફોનમાં વીડિયો ઉતારી પોતાના ગૃપમાં વાઈરલ કર્યો હતો.

# હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં 6 સામે ગુનો નોધાયો

(એજન્સી) સાબરકાંઠા | તા.22

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી ઈડર રોડ પર આવેલ વકતાપુર પાસેથી આજે વહેલી સવારે SMC બાતમી આધારે ફોર્ચ્યુંનર કારમાંથી 2.21 લાખના વિદેશી દારુ સાથે ચાલક અને ક્લીનરને ઝડપી લઈને હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશનમાં 6 સામે ગુનો નોધાવ્યો છે.

સવારે બાતમી આધારે ઈડર તરફથી હિંમતનગર તરફ જઈ રહેલ ફોર્ચ્યુંનર કાર નં GJ-05-CQ-7558ને રોકી તેમાં તપાસ કરતા કાળા કલરના કપડાથી ઢાંકેલી વિદેશી દારૂની પેટીઓમાંથી 1256 બોટલ કિંમત રૂ 2,21,600નો મળી આવ્યો હતો. ત્યાર બાદ ચાલક અને ક્લીનર



પાસેથી રોકડા રૂ 250 અને બે મોબાઈલ રૂ 10,000ના મળી આવ્યા હતા. જેથી SMC રૂ 12 લાખની ફોર્ચ્યુંનર કાર મળી કૂલ રૂ 14,31,850નો મુદ્દામાલ કબજે લઈને ઝડપાયેલ ચાલક, ક્લીનર અને ફરાર પાયલોટીંગ કરનાર, માલ લેનાર, માલ ભરી આપનાર સહિત 6 સામે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.

# ઢોરના શેડમાં શોર્ટ સર્કિટના કારણે આગ: દાદાની ધનોલ પાસેની અફડા તફડી મચી

(એજન્સી) પંચમહાલ (ગોધરા) | તા.22

ગોધરા તાલુકાના દાદાની ધનોલ પાસે આવેલા ઢોર રાખવાના શેડમાં શોર્ટ સર્કિટના કારણે આગ ભભૂકી ઉઠતાં અફડા તફડી મચી જવા પામી હતી. શેડના માલિકે તાત્કાલિક ગોધરા ફાયર બ્રિગેડ જવાનોને જાણ કરી હતી. જેથી ફાયર બ્રિગેડ જવાનો તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી અને ઢોર મૂકવાના શેડમાં પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. જ્યારે આગના બનાવને લઈને છ જેટલા પશુઓ આગની લપેટમાં આવી જતા ગંભીર પ્રકારે દાઝી જવા પામ્યા હતા. ખેતીમાં વાપરવામાં આવતા ઘરગથ્થુ સાધનો સહિત ઘાસચારો અને ટુવ્હીલ બાઈક આગની લપેટમાં બળીને રાખ થઈ ગઈ હતી. ગોધરા તાલુકાના દાદાની ધનોલ ગામે રહેતા રાઉલજી ચંદ્રભાનસિહ દિલીપસિંહના ઘર આંગણામાં આવેલ ઢોર મૂકવાના શેડમાં શોર્ટ સર્કિટના લીધે આગ ભભૂકી ઉઠી હતી.

જેના કારણે શેડના માલિકે તાત્કાલિક ગોધરા ફાયર બિગેડના જવાનોને જાણ કરતા ફાયરબિગેડના જવાન કૃષ્ણ સોલંકી ભાવેશ ઠાકોર તેમજ અન્ય બે જવાનો તાત્કાલિક ગોધરા તાલુકાના દાદાની ધનોલ ગામે ઢોર મૂકવાના શેડમાં પાણીનો મારો સતત બે કલાક સુધી ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. આગના બનાવને લઈને શેડમાં બાંધી રાખવામાં આવેલા છ પશુ પૈકી બે ભેંસો એક ગાય બે વાછેડી એક વાછેડો ગંભીર પ્રકારે દાઝી જવા પામ્યો હતો. આગમાં ખેતીમાં વપરવામાં આવતા ઘરગથ્થુ સાધનો સહિત બાઈક બળીને ખાખ થઈ ગઈ હતી.

# ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીની લોન ન ભરતાં એક વર્ષની કેદ...

(એજન્સી) જામનગર | તા.22



જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ અને છતર ગામના રહેવાસી અશોક રણછોડભાઈ અકબરીએ સોસાયટીમાંથી લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપેલ અને સોસાયટીએ ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેક રીટર્ન થયેલ જેથી સોસાયટીના વકીલ દ્વારા કાયદેસરની નોટીસ આપવામાં આવેલ હતી.તેમ છતાં સોસાયટીના ચેક મુજબની રકમનું લેણું ભરાયેલ ન હોય તેથી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટ -138 અન્વયે આરોપી વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી અને સમન્સ મળતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલા હતો. આ કેસ આગળ ચાલતા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ, ફરીયાદી પક્ષના પુરાવાઓ અને સોસાયટીના વકીલની દલીલોને ધ્યાને લઈ આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હતો અને આરોપીને 1 વર્ષની જેલની સજા તેમજ વાદગ્રસ્ત ચેકની રકમ રૂ.3,65,694 નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

## લગ્નની ના પાડનાર માતા અને તેની પુત્રી પર છરી વડે હુમલો કરાયો

રાજકોટ: રાજકોટના જામનગર રોડ પરના સ્લમ ક્વાર્ટરમાં પુત્રીની સગાઈ તોડી નાખનાર મહિલાને યુવાને પેટ્રોલ છાંટી સળગાવી હતી. આ જ પ્રકારની બીજી ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં લગ્ન કરવાની ના પાડનાર મહિલા અને તેની પુત્રી ઉપર યુવાને છરી વડે હુમલો કર્યો હતો. બી ડીવીઝન પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ જારી રાખી છે. મૂળ વાંકાનેરના રંગપર ગામના અને હાલ માર્કેટિંગ યાર્ડની પાછળ મચ્છાનગર મેઈન રોડ પર રહેતા રેખાબેન કરણભાઈ સોનારા (ઉ.વ.૪૨)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેને સંતાનમાં બે પુત્રી છે.

## મોરબીના ટીંબડી પાટિયા પાસે ટ્રકની ઠોકરે બાઈક ચાલકનું મોત

મોરબી, જામનગર | મોરબી તાલુકાના ટીંબડી ગામના પાટિયા નજીક પુરપાટ જતા ટ્રકના ચાલકે બાઈકને ઠોકર મારી હતી. અકસ્માતમાં બાઈક ચાલક વૃદ્ધને ગંભીર ઈજા પહોંચતા મોત થયું હતું. અને અકસ્માત બાદ ટ્રક લઈને ચાલક નાસી ગયો હતો. જામનગરના છેવાડે મોરકંડા ગામના પાટિયે બે મોટર સાયકલ વચ્ચે થયેલા અકસ્માતમાં સારવાર દરમ્યાન એક વ્યક્તિનું મૃત્યુ નિપજયું હતું. જસદણ તાલુકાના વીરનગર ગામના રહેવાસી નારણભાઈ મેણંદભાઈ કુવાડીયા (ઉ.વ.૪૪)એ ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

### યુવક પર સાસરિયાઓ તૂટી પડ્યાં : ઈજાગ્રસ્ત હોસ્પિલમાં દાખલ

# છૂટાછેટા બાદ ગામમાં આવેલા ઈસમ પર પૂર્વ પત્ની, સસરા-પુત્રીએ હુમલો કર્યો...

(એજન્સી) ભરૂચ | તા.22

જબુંસરના ટંકારી બંદર વિસ્તારમાં પોતાના કામથી આવેલા ઈસમ સાથે ડાયવોર્સ લીધેલી પત્નીના પિતાએ આવી તું અહીંયા કેમ બેઠો છે તારે ગામમાં નહિ આવવાનું કહી તકરાર કરી હતી.ત્યાર બાદ આરોપીએ ઘેરથી પરાઈ લાવી સાથે તેની પત્ની અને પુત્રીએ પણ દોડી આવી ફરિયાદીને માથાના ભાગે પરાઈ મારી દેતા ગંભીર ઈજાઓ પહોંચી હતી.આ મામલે જબુંસર પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જબુંસરના ટંકારી બંદર વિસ્તારમાં સિરાજ હાજી શબ્બીર પટેલ રહે છે.તેના લવ મેરેજ ટંકારી બંદર વિસ્તારમાં રહેતા ફિરોજ મહંમદ અલીની પુત્રી નિલોફર સાથે થયા હતાં.જોકે બે મહિના પહેલા જ સીરાજ અને નિલોફરના લગ્ન સંબંધ છુટા કર્યા હતા. 20મી જુનના રોજ સીરાજ પટેલને SBI બેંકમાં KYC કરાવવાનું હોય તે બેંક ગયા બાદ ચકલામાં બેઠો હતો.આ સમયે નિલોફરના પિતા ફિરોજ અલી મોટર સાયકલ લઈ આવી સીરાજને કહેવા લાગ્યો હતો કે, તુ અહિયા કેમ બેઠો છે તારે ગામમાં આવવાનુ નહી તેમ કહેલ તો તુ કેમ આવ્યો છે તેમ કહી તકરાર કરી હતી.

ત્યારબાદ તેના ઘરે દોડી જઈને લોખંડની પરાઈ લઈને દોડી આવ્યો હતો.આ સમયે તેની સાથે તેની પત્ની ફરઝાના અને પુત્રી નિલોફર પણ દોડી આવ્યા હતાં. ફરજાના અને નિલોફર પણ સીરાજને શબ્દો બોલતી હતી ત્યારે ફિરોજે તેના હાથમાં રહેલી લોખંડની પરાઈ સીરાજના માથામાં મારી દેતાં લોહી નિકળવા લાગ્યું હતું.જેથી સીરાજે બુમાબુમ કરતા તેના પિતરાઈ હુશેન નજીરે દોડી આવી તેને છોડાવી તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા SSG હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# મુસાફરોના જીવ ટાળવે ચોટ્યાં: ભરૂચના નબીપુર બ્રીજ નીચે ટેમ્પો-એસટી વચ્ચે અકસ્માત, સદનસીબે જાનહાની ટળી

(એજન્સી) ભરૂચ | તા.22

ભરૂચના નબીપુર ઝનોર ચોકડીના ઓવરબ્રિજ નીચે આઈસર ટેમ્પો અને એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જોકે, સદનસીબે બસમાં સવાર મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. અકસ્માત સર્જી ટેમ્પો ચાલક ટેમ્પો સ્થળ પર જ મૂકી ભાગી ગયો હતો. પોલીસે ટેમ્પાનો કબ્જો મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચમાં મંગળવારના સાંજના સમયે 6 વાગ્યાના અરસામાં એક આઈસર ટેમ્પોનો ચાલક ઘાસચારો ભરી કવીઠા ચોકડી તરફથી નબીપુર ઓવરબ્રિજ નીચેથી પસાર થઈ રહ્યો હતો. આ સમયે ભરૂચથી વડોદરા કિર્તીસ્થંભ જતી ST બસ મુસાફરો સાથે ઓવરબ્રિજ નજીકના સર્વિસ રોડ ઉપરથી પસાર થઈ રહી હતી. આ સમયે ટેમ્પો અને એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત થતા જ બસમાં સવાર મુસાફરોના જીવ ટાળવે ચોટ્યા હતાં. જોકે, અકસ્માતમાં કોઈ પણ મુસાફરને કોઈ પણ જાતની ઈજાઓ પહોંચી નહીં હતી. જેથી તમામે રાહતનો શ્વાસ લિધો હતો. અકસ્માત થતા જ આઈસર ટેમ્પાનો ચાલક ટેમ્પો સ્થળ પર મૂકી ભાગી ગયો હતો. અકસ્માતની જાણ થતા નબીપુર પોલીસ સ્ટેશન માંથી પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જઈ ત્રાફિક હળવો કર્યો હતો.



# પડદા પાછળ રહેલા ભાજપના 3 નેતાનું નામ ખુલ્યું

(એજન્સી) ગાંધીધામ | તા.22

કચ્છના નાના રણમાં કાનમેર નજીક બનેલી ફાયરિંગની ઘટનામાં ઘાયલ થયેલા એક વ્યકિનું સારવાર દરમિયાન મોત થયું હતું. જે બનાવમાં પોલીસે ૧૭ માંથી ૧૬ શખ્સોને ઝડપી લીધા હતા અને આરોપીઓને સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરવામાં આવ્યું હતું. દરમિયાન રિમાન્ડ પર રહેલા આરોપીઓએ મોઢું ખોલ્યું હતું. જેમાં પડદા પાછળ રહેલા કચ્છ ભાજપમાં ૩ નેતાનાં નામ સામે આવ્યા હતા. આ અંગે મળતી માહિતી મુજબ કાનમેર મર્ડર કેસમાં ઝડપાયેલાં ૧૬ આરોપીઓની પૂછપરછમાં નરેન્દ્રદાન આર. ગઢવી, અશોકસિંહ ઝાલા (બંને રહે. ભચાઉ) અને ગાંધીધામના દિલીપ અયાચીની સંડોવણી બહાર આવી છે. નરેન્દ્ર ગઢવીની ધરપકડ કરી લેવાઈ છે, અશોક ઝાલા અને દિલીપ અયાચી હજુ હાથ લાગ્યાં નથી. નરેન્દ્ર ગઢવીની પત્ની હાલે કચ્છ જિલ્લા પંચાયતમાં સદસ્ય છે, અશોકસિંહ ભચાઉનો પૂર્વ નગરપ્રમુખ છે અને કોંગ્રેસ-ભાજપમાં રહી ચૂકેલો છે. ગુનામાં ત્રણેની ભૂમિકા અંગે તપાસ ચાલુ છે તેમ કહીને પોલીસે હાલ પૂરતી તેમની ભૂમિકા અંગે વધુ કોઈ ફોડ પાડયો નથી. સૂત્રોના જણાવ્યા મુજબ પૂર્વ ધારાસભ્યનો ભત્રીજો અને પાર્ટીનો યુવા નેતા તથા વાગડના એક જોરાવર ગણાતાં નેતાનો પુત્ર બંને પાર્ટનરશીપમાં જોધપરવાંઢથી કાનમેર વચ્ચે રણમાં મીઠાના ગેરકાયદે પાળા વાળવા ઘણાં સમયથી પ્રયાસો કરતાં હતા પરંતુ સામેના માથાભારે જૂથના કારણે તે આવું કરવામાં સફળ જતા ન હતા.

## ન્યુઝ ફ્લેશ

### પુનાજ પાટિયા પાસે આઈસરે ટક્કર મારતા બાઈક ચાલકનું મોત

નડિયાદ | માતર તાલુકાના પુનાજ પાટિયા નજીક મોટરસાયકલને આઈસરે ટક્કર મારતા ગંભીર રીતે ઘવાયેલાં બાઈક ચાલકનું મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જનાર આઈસરનો ચાલક સ્થળ પર આઈસર મૂકી નાસી ગયો હતો. આ બનાવ અંગે લીંબાસી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. માતર તાલુકાના પુનાજમાં રહેતા હસનભાઈ અજીમભાઈ કુરેશીનો દીકરો મહમદ હુસેન કુરેશી તા.૨૦મીની સવારે મિત્રની મોટરસાયકલ લઈ રતનપુર રોડ ઉપર ફાર્મમાં રહેતી બહેનને મળવા જતો હતો. દરમિયાન પુનાજ પાટીયા નજીક મોગલ માતાજીના મંદિર નજીક સામેથી પૂરઝડપે આવેલી આઈસરે મોટરસાયકલને ટક્કર મારતા બાઈક ચાલકને રોડ ઉપર પડી જતા માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજા થઈ હતી.

### આણંદ- ભાલેજ ઓવરબ્રિજ પાસે અંડરપાસની કામગીરીમાં ભેખડ ખસી પડતા બે શ્રમિકો દટાયા

આણંદ | આણંદ ભાલેજ રોડ પર રેલવે ફાટક પાસે બનતા અંડરપાસની કામગીરીમાં એક ઘટના સર્જાઈ હતી. આ કામગીરી કરતા અચાનક ભેખડ ધસી પડી હતી. આ ભેખડ ધસતા બે મજુરો તેમાં દટાયા હતા. ભેખડ ધસવાનો અવાજ થતા અનેક લોકો સ્થળ પર દોડી આવ્યા હતા. જ્યાં બંન્ને દટાયેલી મજુરોને જેસીબીની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. જેમને સારવાર માટે ખસેડાયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.આણંદ ભાલેજ રોડ પર આવેલિ રેલવે ફાટક પાસે છેલ્લા કેટલાય સમયથી અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. આ અન્ડર પાસની કામગીરી મંગળવારે બપોરના સુમારે ચાલી રહી હતી.

### મહુધાથી ચાલુ આઇસરમાં જુગાર રમતા 42 શખ્સો રંગેહાથ પકડાયા

નડિયાદ | ગામમાં જુગાર રમે તો પોલીસમાં પકડાઈ જવાની બીકે ધોળકાના ૪૨ શખ્સોએ એક ફરતી આઈસરમાં જુગારનો અડ્ડો ખોલ્યો હતો. આ આઈસર મહુધામાં ટી પોઈન્ટ ચોકડી પાસેથી નીકળી ત્યારે લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી લેતા જુગારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. પોલીસે તમામની અટકાયત કરી કુલ રૂ.૪.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. ધોળકાથી એક આઈસરમાં ૪૨ પત્તાપ્રેમીઓ સવાર થયા હતા અને આઈસરમાં બેસી જુગાર રમતા હતા. આ આઈસર ધોળકાથી નીકળી અનેક ગામો અને શહેરો પસાર કરી મહુધા નજીક પહોંચી હતી અને ગળતેશ્વર તરફ જવાની હોવાની બાતમી નડિયાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળી હતી. જેના આધારે નડિયાદ એલસીબીએ મહુધા ટી પોઈન્ટ ચોકડી પાસેથી આઈસરને ઝડપી લીધી હતી. જેમાં તપાસ દરમિયાન આઈસરની પાછળના ભાગે ૪૦થી વધુ શખ્સો જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.

### બાજુની વાડીમાંથી બિનઅધિકૃત જોડાણ લેતા પાવર રિટર્ન થયો

# દિહોરના ખેડૂતના કારણે વીજ કર્મી.નું મોત, પોલીસ ફરિયાદ

(એજન્સી) તળાજા | તા.22

તળાજા તાલુકાના દિહોર ગામના ખેડૂતની ગંભીર બેદરકારીને કારણે વીજ કર્મચારીનું મોત થયાની ઘટનામાં નાયબ ઈજનેરે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દિહોર સબ સ્ટેશન હેઠળના ૧૧ કે.વી. ભાંખલ ખેતીવાડી ફીડરની લોડ સીડીંગ ટ્રાન્સફોર્મર (એલ.એસ.ટી.) ડબલ પોલ સ્ટ્રક્ચર (ડી.પી.) પર (એલ.એસ.ટી.) સ્વીચનું રિપેરીંગ કામ કરવા માટે ગઈકાલે સોમવારે પાલિતાણા વિભાગીય કચેરીના કર્મચારીઓ દિહોર ગામે આવેલ ૬૬ કે.વી. એસ.એસ. ખાતે પહોંચ્યા હતા. અહીં એલ.સી. લીધા બાદ સેફ્ટી સાધનો સાથે સ્વીચ રિપેરીંગનું કામ શરૂ હતું. તે દરમિયાન બપોરે ૧૨-૩૦ વાગ્યા આસપાસ અન્ય ફીડરનો રિટર્ન પાવર આવતા શોયેબમહમદભાઈ યુનુસભાઈ કુરેશીને વીજ શોક લાગતા તેઓ ફીડર ઉપરથી નીચે પડી ગયા હતા. જેમને સારવાર માટે પ્રથમ દિહોરની ખાનગી હોસ્પિટલ બાદ ભાવનગર સર ટી. હોસ્પિટલ લઈ જવામાં આવતા વીજ




કર્મચારીનું મૃત્યુ થયું હતું.

આ સમગ્ર ઘટના અંગે તપાસ કરવામાં આવતા રિપેરીંગ કામગીરી શરૂ હતી. ત્યારે ૬૬ કે.વી. દિહોર એસ. એસ.થી આશરે ૫૦૦ મીટરના અંતરે આવેલી પ્રાણશંકર વશરામભાઈ પનોત નામના શખ્સે તેની બાજુમાં માવજી ઉકાભાઈ નામના ગ્રાહકની આવેલી વાડીમાંથી ટી.સી.ના એલ.ટી. સ્ટર્ડમાં બિનઅધિકૃત રીતે વાયરનો એક છેડો ડાયરેક્ટ જોડી અને બીજો છેડો તેની વાડીમાં આવેલા મીટરના ફ્યુઝમાં ડાયરેક્ટ જોડાણ કરી દેતા પાવર રિટર્ન થવાથી ભાંખલ ફીડર લાઈનમાં કામ કરી રહેલા કર્મચારીનું વીજ શોક લાગવાથી મોત થયાનું બહાર આવ્યું હતું.

આ બનાવ અંગે ત્રાપજ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર અનિમેષકુમાર દિનુભાઈ પટેલ (ઉ.વ.૩૫, રહે, રાજપરા નં.૨, તા. તળાજા)એ પ્રાણશંકર પનોત (રહે, વાડી વિસ્તાર, દિહોર) નામના શખ્સ સામે આજે મંગળવારે ફરિયાદ નોંધાવતા તળાજા પોલીસે ઈન્ડિયન ઈલેક્ટ્રીસિટી એક્ટ અમેન્ડની કલમ ૧૩૮ (૧) (બી) અને આઈપીસી ૩૦૪ મુજબ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

વીજ કર્મચારીના મોત મામલે સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસ પકડવા ગઈ ત્યારે શખ્સ ફરાર થઈ ગયો હોવાનું તપાસ અધિકારીએ જણાવ્યું છે. આ ગુના બાબતે ધારાશાસ્ત્રીના અભિપ્રાય મુજબ જે કલમ લગાવાઈ છે, તે મુજબ જો ગુનો સાબીત થશે તો શખ્સને ૧૦ વર્ષથી લઈ આજીવન કેદની સજા થઈ શકે છે. વધુમાં ખેડૂત શખ્સ વીજ પુરવઠો મેળવવા અધીરો બન્યો હોવાથી તેની જીવલેણ બેદરકારીને કારણે એક વર્ષના માસૂમ બાળકે પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે.

## પાણવી-કેરિયા ઢાળ નજીક અકસ્માતમાં આધેડનું મોત

(એજન્સી) ભાવનગર | તા.22

વલ્લભીપુર તાલુકાના પાણવી-કેરિયા ઢાળ રોડ પર વહેલી સવારે પીકઅપ અને રિક્ષા વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં લુધણરાના આધેડનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું.બનાવની મળતી વિગત મુજબ વલ્લભીપુર તાલુકાના લુધણરા ગામે રહેતા માવજીભાઈ પ્રેમજીભાઈ ઝાલા (ઉ.વ.૫૦) આજે મંગળવારે વહેલી સવારે પોતાની પેસેન્જર રિક્ષા નં.જીજે.૦૪.એટી.૫૦૮૨ લઈ લુધણરાથી બરવાળા ખાતે પેસેન્જર ભરવા માટે જઈ રહ્યા હતા. દરમિયાનમાં વહેલી સવારના ૫-૩૦ કલાકના અરસામાં પાણવીથી કેરિયા ઢાળ વચ્ચેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે કાળ બનીને આવી રહેલ ટાટા કંપનીનું લોડિંગ પીકઅપ વાહન નં. જીજે.૩૩.ટી.૩૯૦૫ના ચાલકે રિક્ષા સાથે ધડાકાભેર અકસ્માત સર્જતા માવજીભાઈ ઝાલાને ગંભીર ઈજા થવાથી તેમનું ઘટના સ્થળે મૃત્યુ થયું હતું. બનાવની જાણ થતાં વલ્લભીપુર પોલીસે સ્થળ પર દોડી જઈ જરૂરી કાગળો કરી મૃતદેહને પોસ્ટમાર્ટમ માટે વલ્લભીપુર સરકારી હોસ્પિટલ ખસેડયો હતો.

### અંતિમ પગલું ભરતા પહેલા વીડિયો બનાવી પુત્રને મોકલ્યો

# બોટાદમાં આધેડે પિતા-પુત્રના અસહ્ય ત્રાસથી કંટાળી માલગાડી નીચે પડતું મોત વ્હાલું કર્યું

(એજન્સી) ભાવનગર | તા.22

બોટાદમાં પાડોશી પિતા-પુત્રના અસહ્ય ત્રાસથી કંટાળી જઈ આધેડે માલગાડી નીચે પડતું મુકી મોત વ્હાલું કર્યાની ઘટનામાં મૃતકના પુત્રે બન્ને શખ્સ સામે પિતાને મરવા મજબૂર કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ઘટનાની મળતી વિગત અનુસાર બોટાદ શહેરના સવગણનગર, વણકરવાસ, સાળંગપુર રોડ, અન્ડર ગ્રાઉન્ડ પાસે રહેતા રાજેશભાઈ દુદાભાઈ પરમાર (ઉ.વ.૫૩)એ ગત તા.૧૮-૫ના રોજ બોટાદ રેલવે સ્ટેશન ખાતે માલગાડી નીચે પડતું મુકી આત્મહત્યા કરી લીધી હતી. જે બનાવ અંગે ધોળા રેલવે પોલીસે પ્રથમ અકસ્માતે મોતની એન્ટ્રી કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાનમાં મૃતક રાજેશભાઈ પરમારે આપઘાત કરતા પૂર્વે એક વીડિયો બનાવી તેમના દિકરા પ્રિન્સભાઈને મોકલ્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે, આત્મહત્યા કરવા પાછળનું કારણ તેમની પાડોશમાં રહેતો વશરામ મકવાણા અને તેનો દિકરો પ્રકાશ મકવાણા છે. આ બન્ને શખ્સે તેમના પર ખોટા પોલીસ કેસ કર્યા છે. સવારે કામ પર જઈ સાંજે ઘરે આવતા હોય, પોતે હાજન ન હોવા છતાં કેસ કર્યો હતો. મારી પાસે કોઈ કેસ લડવાના પૈસા નથી. અગાઉ પણ મારા છોકરા ઉપર, મારા મધર ઉપર કેસ કરેલા છે અને પછી સમાધાન કરી ફરી વખત મારી અને મારા ભાઈ ઉપર કેસ કરેલ છે. તો મારા મોત માટે વશરામ મકવાણા અને તેનો દિકરો પ્રકાશ મકવાણા જવાબદાર છે. મારે બે બેબી છે., હું ધંધાદારી વ્યક્તિ હતો.

પ્રકાશ મકવાણા કંઈ કામ ધંધે જતો ન હોય અને દરરોજ હેરાન-પરેશાન કરી અમારી ઉપર ખોટા કેસ કરે છે. તો એ બન્ને મારા મોત માટે જીમ્મેદાર છે તેમ વીડિયોમાં જણાવ્યું હતું.

જેના આધારે પ્રકાશ મકવાણા અને વશરામ મકવાણા (રહે, બન્ને સવગણનગર, વણકરવાસ, સાળંગપુર રોડ, અન્ડર ગ્રાઉન્ડ પાસે, બોટાદ) નામના શખ્સો સામે પિતાને મરવા મજબૂર કરી આપઘાત કરવા દુશ્પ્રેરણ કર્યા અંગેની મૃતકના પુત્ર પ્રિન્સભાઈ રાજેશભાઈ પરમાર (ઉ.વ.૨૨)એ આજે ધોળા રેલવે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે આઈપીસી ૩૦૬, ૧૧૪ અને સીઆરપીસી ૧૭૪ મુજબ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



## વક્તાપુર પાસેથી SMCએ ફોર્ચ્યુંનર કારમાંથી 2.21 લાખના વિદેશી દારુ સાથે બેને ઝડપ્યા

(એજન્સી) સાબરકાંઠા | તા.22

(હિંમતનગર): સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી ઇડર રોડ પર આવેલ વકતાપુર પાસેથી આજે વહેલી સવારે SMC બાતમી આધારે ફોર્ચ્યુંનર કારમાંથી 2.21 લાખના વિદેશી દારુ સાથે ચાલક અને ક્લીનરને ઝડપી લઈને હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશનમાં 6 સામે ગુનો નોધાવ્યો છે.આ અંગે સ્ટેટ મોનીટરીંગ સેલમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના વકતાપુર પાટિયા પાસેથી મંગળવારે વહેલી સવારે બાતમી આધારે ઇડર તરફથી હિંમતનગર તરફ જઈ રહેલ ફોર્ચ્યુંનર કાર નં GJ-05-CQ-7558ને રોકી તેમાં તપાસ કરતા કાળા કલરના કપડાથી ઢાંકેલી વિદેશી દારૂની પેટીઓમાંથી 1256 બોટલ કિંમત રૂ 2,21,600નો મળી આવ્યો હતો.ત્યાર બાદ ચાલક અને ક્લીનર પાસેથી રોકડા રૂ 250 અને બે મોબાઈલ રૂ 10,000ના મળી આવ્યા હતા. જેથી SMC રૂ 12 લાખની ફોર્ચ્યુંનર કાર મળી કૂલ રૂ 14,31,850નો મુદ્દામાલ કબજે લઈને ઝડપાયેલ ચાલક, ક્લીનર અને ફરાર પાયલોટીંગ કરનાર, માલ લેનાર, માલ ભરી આપનાર સહિત 6 સામે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.



## 20 હજારની લાંચ લેતા જિલ્લા તિજોરી અધિકારીની કચેરીનો સેવક ઝડપાયો

(એજન્સી) ગાંધીનગર | તા.22

ગાંધીનગર જિલ્લાની સરકારી કચેરીઓમાં લાંચ લેવાની પ્રવૃત્તિ વધી રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લા તિજોરી અધિકારી કચેરીનો સેવક ૨૦ હજાર રૂપિયાની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયો છે. આ કચેરીમાં લાંચ લેવાતી હોવાની ફરિયાદને પગલે ગાંધીનગર એસીબી દ્વારા ડીકોય ગોઠવવામાં આવી હતી અને તેમાં તેમને સફળતા પણ મળી છે. સરકારી કચેરીઓમાં લાંચ આપ્યા વગર કોઈ કામ થતા નથી અને એસીબી દ્વારા આવા લાંચિયા અધિકારી-કર્મચારીઓને પકડીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવે છે તેમ છતાં આવા અધિકારીઓ લાંચ લેતા ડરતા નથી અને તેમની નીચેનો સ્ટાફ પણ નાના મોટા કામ માટે લાંચ લેવા માટે દોડતો હોય છે ત્યારે ગાંધીનગર એસીબીને માહિતી મળી હતી કે, ગાંધીનગર જિલ્લા તિજોરી અધિકારીની કચેરીમાં જિલ્લાની અલગ અલગ સરકારી કચેરીઓમાંથી આવતા પગાર બિલો, કન્ટીજન બીલો, ઉચ્ચતર, એરિયસ બિલો, ફીક્સ ટુ ફુલ પે જેવા બીલોમાં ૩,૦૦૦ થી લઈને ૫૦૦૦ રૂપિયાની લાંચ લેવામાં આવી રહી છે.



## શેરથા નજીક રિક્ષામાં વિદેશી દારૂના જથ્થા સાથે ચાર પકડાયા

(એજન્સી) ગાંધીનગર | તા.22

દારૂની હેરાફેરી વધી રહી છે ત્યારે શહેર નજીક આવેલા અડાલજ કલોલ હાઈવે ઉપર શેરથા પાસે અડાલજ પોલીસે વાહન ચેકિંગ દરમિયાન કલોલ તરફથી આવતી રિક્ષાને ઝડપી લીધી હતી અને વિદેશી દારૂના જથ્થા સાથે અમદાવાદના ચાર શખ્સોને ઝડપી લીધા હતા. જેમની પાસેથી ૬૭ હજારનો મુદ્દામાલ કબજે કરી લેવામાં આવ્યો હતો.રાજ્યમાં દારૂબંધી હોવા છતાં પર પ્રાંતમાંથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે અને નાના મોટા બુટલેગરો દ્વારા જે તે વિસ્તારમાં તેનું વેચાણ કરવામાં આવી રહ્યું છે ત્યારે અડાલજ પોલીસની ટીમ કલોલ હાઈવે ઉપર વાહન ચેકિંગ કરી રહી હતી. તે સમયે શેરથા પાસે કલોલ તરફથી આવી રહેલી એક રીક્ષા શંકાસ્પદ જણાઈ હતી જેના પગલે પોલીસ દ્વારા આ રીક્ષાને ઉભી રાખવામાં આવી હતી. રિક્ષામાં તપાસ કરતા વિદેશી દારૂની અલગ અલગ માર્કાની ૧૩૯ જેટલી બોટલ મળી આવી હતી. જે દારૂ સંદર્ભે પૂછપરછ કરતા તેઓ છૂટક વેચાણ કરવા માટે આ દારૂ લઈ જતા હોવાનો જણાવ્યું હતું.



## ઉવારસદના ફાર્મ હાઉસમાં લૂંટારા ત્રાટક્યા : વૃદ્ધ દંપતીને બાનમાં લીધું

(એજન્સી) ગાંધીનગર | તા.22

ગાંધીનગર શહેર નજીક આવેલા ઉવારસદ ગામના ફાર્મ હાઉસમાં ગઈકાલે રાત્રે લૂંટારાઓ ત્રાટક્યા હતા અને વૃદ્ધ દંપતીને બાનમાં લઈ મકાનમાંથી પરચુરણ રકમ ચોરી લીધી હતી. જોકે આ પ્રકારની ગંભીર ઘટનાને પગલે પોલીસ પણ દોડતી થઈ છે અને હાલ ગુનો દાખલ કરીને આ લૂંટારાઓની શોધખોળ શરૂ કરી દીધી છે. પાટનગર ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં ઘરફોડ ચોરીની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે ત્યારે હવે રાત્રિના સમયે લૂંટારાઓ ત્રાટકવાની ઘટનાઓ પણ વધી રહી છે. આ સ્થિતિ વચ્ચે ગાંધીનગર શહેર નજીક આવેલા ઉવારસદ ગામના સ્વરાજ ફાર્મમાં રહેતા વિઠ્ઠલભાઈ અંબાલાલ પટેલના ફાર્મ હાઉસમાં ગત ૧૪ મેના રોજ રાત્રિના સમયે લૂંટારાઓ ત્રાટક્યા હતા. જે સંદર્ભે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે વિઠ્ઠલભાઈ અને તેમની પત્ની લતીકાબેન ઘરે સુઈ ગયા હતા.

### લાખોંદ નજીક ગુમ થયેલ ગાંધીધામના આધેડની લાશ મળી

# ભુજમાં આર્મી અધિકારીની પત્નીનો કેમ્પમાં ઝાડ પર આપઘાત

(એજન્સી) ભુજ | તા.22

પશ્ચિમ કચ્છમાં અપમૃત્યુના અલગ અલગ ચાર બનાવમાં એક મહિલા સહિત ચાર માનવ જીંદગી મોતના ખપરમાં હોમાઇ ગઇ છે. ભુજમાં આર્મી અધિકારીના પત્નિએ સોમવારે મોડી રાત્રે ફાંસો ખાઇ જીવ દીધો હતો. તો, પખવાડીયા પહેલા તાલુકાના દેશલપર પાસે અને ધાણેટી નજીક બાઇક અકસ્માતના બનાવમાં ઘાયલ બે યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જ્યારે બીજીતરફ ગાંધીધામ રેલ્વે અકસ્માતમાં ઘાયલ થયા બાદ ભુજ જી.કે.જનરલ હોસ્પિટલમાંથી સારવાર બાદ રજા લઇ ગુમ થઇ ગયેલા ગાંધીધામના આધેડની લાશ લાખોંદ ગામ નજીક બાવડની ઝાડીમાંથી લાશ મળી આવી હતી. બી ડિવિઝન પોલીસ મથકેથી પ્રાપ્ત વિગતો મુજબ મુળ રાજસ્થાનના હાલ ભુજ આર્મીમાં ક્લાસ વન ઈન્જીનીયર તરીકે ફરજ બજાવતા મનોજભાઇ મોજીરામ મીના નામના અધિકારીના પત્ની આરતીબેન મીનાએ સોમવારે રાત્રીના સાડા બાર વાગ્યે કોઇ અગમ્ય કારણોસર ભુજ આર્મી કેમ્પમાં તેમના મકાન નંબર પી/૫૩૩ની બાજુમાં આવેલા ઝાડની ડાળી પર રસ્સો બાંધીને આત્મહત્યા કરી લીધી હતી. હતભાગી મહિલાને આર્મી હોસ્પિટલમાં લઇ જવાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. તો, ગાંધીધામના ભારતનગરમાં રહેતા કમલકિશોર પુષ્કરનારાયણ જરેનીયા (ઉ.વ.૫૨) નામના આધેડનું ગત ૧૬ મેના ગાંધીધામ રેલ્વેમાં અકસ્માત થયો હતો. તેઓને રામ બાગ હોસ્પિટલ બાદ ભુજ રીફર કરાયા હતા. ભુજ જી.કે.માંથી સારવાર લીધા બાદ તેઓ ગુમ થઇ ગયા હતા. દરમિયાન સોમવારે તેમની બળબળતા તાપ થકી કાળી પડી ગયેલી લાશ લાખોંદ પાસે ઓધવપાર્ક સોસાયટીની પાછળ બાવડની ઝાડીમાંથી મળી આવી હતી.

### કપડાં ધોવા ગયેલી ૯ વર્ષીય બાળા ન્હાવા પડતા તળાવમાં ડૂબવા લાગી

# મંગળ ‘અમંગળ’ : બોરતળાવમાં ડૂબી જતાં બે સગી બહેન સહિત ચારના કરૂણ મોત

(એજન્સી) ભાવનગર | તા.22

‘ન જાણ્યું જાનકીના નાથે સવારે શું થવાનું છે.’ ઉક્તિ અનુસાર આજે ભાવનગરમાં બનેલી કાળજું કંપાવી દેનારી ઘટનામાં બોરતળાવમાં ડૂબી જવાથી બે સગ્ગી બહેનો સહિત ત્રણ બાળકી અને એક તરૂણી મળી કુલ ચારના કરૂણ મોત નિપજ્યાં હતાં. તળાવમાં કપડાં ધોવા ગયા બાદ ન્હાવા પડેલી નવ વર્ષીય બાળકી કાદવમાં ખૂંપી ડૂબવા લાગતાં તેને બચાવવા ક્રમશઃ ચાર બાળાઓ અને એક તરૂણીએ તળાવમાં ઝંપલાવ્યું હતું જેમાં એક પછી એક ચાર ડૂબી ગયા હતાં. જ્યારે અન્ય એક બાળકીને સ્થાનિકોની મદદથી બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાતા આબાદ બચાવ થયો હતો. જ્યારે એક જ પરિવારની બે સગ્ગી બહેનો સહિત ચારના મોતની ઘટનાને લઇ પરિવારમાં અરેરાટી સાથે આક્રંદ ફેલાયો હતો.અરેરાટી સાથે આઘાત ફેલાવનારી ઘટનાની મળતી વિગત અનુસાર શહેરના બોરતળાવ, ફિલ્ટરની ટાંકી પાસે મફતનગર વિસ્તારમાં રહેતા મનીષભાઈ મેપાભાઈ ચારોલિયાની ત્રણ પુત્રી કોમલબેન (ઉ.વ.૧૩), કિંજલબેન (ઉ.વ.આ.૧૨) તથા રાશીબેન (ઉ.વ.૦૯) તેમજ ઘર નજીક જ રહેતા અર્ચનાબેન હરેશભાઈ ડાભી (ઉ.વ.૧૭) અને હિરલબેન વિજયભાઈ માથાસુળિયા (ઉ.વ.૧૨) આજે મંગળવાર પ્રેસ ક્વાર્ટર, ગણેશનગર-૨ની પાછળ બોરતળાવના પાણીમાં કપડા ધોવા માટે ગયા હતા. આ સમયે નવ વર્ષીય બાળકી રાશીબેન પાણીમાં નહાવા માટે પડતા કાદવમાં ખૂંતી જવાથી પાણીમાં ડૂબવા લાગી હતી. જેથી નાની બહેનને બચાવવા માટે તેની મોટી બહેન કોમલબેને પાણીમાં કૂદકો મારતા તેણી પણ પાણીમાં ડૂબવા લાગી હતી. આ બન્ને બહેનોનો જીવ બચાવવા પળભરનો વિચાર કર્યા વિના અર્ચનાબેન, હિરલબેન અને કિંજલબેને પાણીમાં ઝંપલાવ્યું હતું. પરંતુ વિધાતાએ માસૂમોના લેખ ટૂંકા લખ્યા હોય તેમ તરૂણી અને ચારેય બાળકી બોરતળાવના પાણીની અંદર રહેલ કાદવમાં ખૂંતી જતાં પાણીમાં ડૂબી ગઈ હતી. દરમિયાનમાં બચાવો.. બચાવો..ની બૂમાબૂમ, ચીસાચીસ થતાં આસપાસના રહિશો તથા સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને પાણીમાં ડૂબેલી તરૂણી, ત્રણ સગી બહેન અને અન્ય બે બાળકીને બહાર કાઢી સારવાર માટે તાબડતોડ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સર તખ્તસિંહજી હોસ્પિટલ ખસેડી હતી. જ્યાં લોકોની મદદ મળી પણ ચાર માસૂમના જીવ બચી શક્યા ન હતા.

## યુવાન પર છરી વડે હુમલો, ચિત્રોડમાં વૃદ્ધાને લાત મારી ઈજાઓ પહોંચાડી

(એજન્સી) ગાંધીધામ | તા.22

પૂર્વ કચ્છમાં મારામારીનાં ત્રણ બનાવ સામે આવ્યા હતા. જેમાં ગાંધીધામનાં કંડલામાં નોકરી બાબતે બોલાચાલીનું મનદુઃખ રાખી ત્રણ ઈસમોએ યુવાનને ધોકા વડે ફટકારી ઈજાઓ પહોંચાડી હતી. તો બીજી બાજુ ગાંધીધામનાં એફ સી આઈ રોડ પાસે યુવાન પર એક શખ્સે છરી અને ધોકા વડે હુમલો કર્યો હતો. જેમાં યુવાનને હાથમાં છરી મારતા ઈજાઓ થઇ હતી. તેમજ રાપરનાં ચિત્રોડમાં એક શખ્સે અગાઉ થયેલા ઝગડાનું મનદુઃખ રાખી વૃદ્ધાને લાત મારી ઈજાઓ પહોંચાડી હતી. ગાંધીધામનાં નવા કંડલામાં રહેતા આમીન ઈસ્માઈલ ભટીએ ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતું કે, નોકરી બાબતે થયેલી બોલાચાલીનું મનદુઃખ રાખી આરોપી કબ્રરા ઉર્ફે મમુ હુશેન જીંગીયા, એઝાઝ આમદ છેર અને અકરમ સિધિક બુટા (રહે. ત્રણેય કંડલા ગાંધીધામ) સાથે મળી ફરિયાદીને ગાળો બોલી, ધોકા વડે હુમલો કર્યો હતો. જેમાં ફરિયાદીને હાથમાં ફ્રેક્ચર સહીતની ઈજાઓ પહોંચી હતી. જેથી ફરિયાદીએ આ અંગે કંડલા મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.તો બીજી બાજુ ગાંધીધામનાં ગોપાલપુરી ઝુંપડામાં રહેતા ત્વિક રમેશભાઈ પવારે ગાંધીધામ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.

**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.

**મિથુન (ક,છ,ઘ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.

**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.

**સિંહ (મ,ટ)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.

**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.

**તુલા (ર,ત)**
તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.

**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.

**ધન (ભ,ધ,ફ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

**મકર (ખ,જ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.

**કુંભ (ગ,શ,સ)**
આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.



# બાબા રામદેવ અને બાલકૃષ્ણની મુશ્કેલી વધી, 3 જૂને હાજર થવા વધુ એક કોર્ટે નોટિસ ફટકારી

(એજન્સી) નવી દિલ્હી | તા 22

યોગગુરુ બાબા રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણની પરેશાનીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. વધુ એક કોર્ટે બંનેને 3 જૂને હાજર થવા માટે નોટિસ ફટકારી છે. આ કેસ અંગ્રેજી અને મલયાલમ અખબારોમાં ભ્રામક જાહેરાતોથી સંબંધિત છે. આ કેસમાં કોઝિકોડમાં ન્યાયિક પ્રથમ વર્ગ મેજિસ્ટ્રેટની કોર્ટે તેમને 3 જૂને હાજર થવા માટે કહ્યું છે.ચાલુ વર્ષના એપ્રિલ મહિનામાં કોઝિકોડના આસિસ્ટન્ટ ડ્રગ કંટ્રોલરની ઓફિસમાં તહેનાત ડ્રગ્સ ઈન્સ્પેક્ટરે ડ્રગ્સ અને જાદુઈ સારવાર(વાંધાજનક જાહેરાત) એક્ટ, 1954ની કલમ 10, કલમ 3(બી) અને 3(ડી) તથા 7(એ) હેઠળ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. હાલમાં જ હરિદ્વારની એક કોર્ટે રામદેવ અને બાલકૃષ્ણને હાજર થવામાં નિષ્ફળ રહ્યા બાદ સમન્સ જારી કર્યા હતા.પતંજલિના ઉત્પાદનોમાંથી એક દિવ્યા લિપિડોમએ કોલેસ્ટ્રોલ અને ડિસ્લિપિડેમિયા ઘટાડવાનો દાવો કર્યો હતો. પતંજલિ ન્યુટ્રેલા ડાયાબિટીક કેરે બ્લડ સુગર લેવલ ઘટાડવા અને શરીરના વજનને નિયંત્રિત કરવાનો દાવો કર્યો હતો. એક્ટની કલમ 3 અમુક રોગો અને વિકારની સારવાર માટે અમુક દવાઓની જાહેરાત પર પ્રતિબંધ મૂકે છે. જો દોષી સાબિત થાય તો છ મહિના સુધીની જેલ અથવા દંડ થઈ શકે છે.

# કંપનીઓના ઊંચા વેલ્યુએશન મામલે કોટક ઈક્વિટીઝની ફરી ચેતવણી

(એજન્સી) મુંબઈ | તા 22

ભારતની સંખ્યાબંધ કંપનીઓના વેલ્યુએશન મામલે ફરી અગ્રણી બ્રોકિંગ હાઉસના કોટક ઈન્સ્ટીટયુશનલ ઈક્વિટીઝે ચિંતા વ્યક્ત કરી સંખ્યાબંધ કંપનીઓનું વેલ્યુએશન ટકી શકે એમ નહીં હોવાનું જણાવી ચેતવણી ઉચ્ચારી છે. આ બ્રોકિંગ હાઉસનું માનવું છે કે, અનેક કંપનીઓના શેરો અત્યારે અસાધારણ ઊંચા પી/ઈ મલ્ટિપલે ટ્રેડ થઈ રહ્યા છે, જે વેલ્યુએશન ટકી શકે એમ નથી.

કોટક ઈન્સ્ટીટયુશન ઈક્વિટીનું કહેવું છે કે, ૧૦૪ કંપનીઓ ૫૦થી વધુ મલ્ટિપલ ટ્રેડ થઈ રહી છે, જ્યારે ૯ કંપનીઓ તો ૧૦૦થી વધુ પ્રાઈસ ટુ અર્નિંગ-પી/ઈએ ટ્રેડ થઈ રહી છે. જે કંપની ૧૦૦ના મલ્ટિપલ પી/ઈએ થઈ રહી હોય એ કંપનીએ વર્તમાન મલ્ટિપલને યોગ્ય ઠેરવવા ૧૦૦ વર્ષમાં ૮૩,૦૦૦ ગણી કમાણી કરવાની જરૂર પડે. આ પૈકી ઊંચો પી/ઈ ધરાવતી ઘણી કંપનીઓ તેના પરંપરાગત સેકટરોમાં છે અને આ કંપનીઓએ ઘણા વિઘ્નોના જોખમોનો સામનો કરવો પડી શકે છે.

કોટક ઈન્સ્ટીટયુશનલ ઈક્વિટીઝે ભારતીય શેર બજારમાં વ્યાપક અવલોકન કર્યું હતું, જેના પરિણામે શેરોના ભાવ વધુ પડતા ઊંચા હોવાનું જણાયું છે. જેમાં મૂલ્યાંકન પદ્ધતિઓ અને ફંડામેન્ટલ્સ વચ્ચે જોડાણ નહીં હોવાના કારણે અંતર્ગત પરિમાણોની આક્રમક અસરો હોવા છતાં ઉચ્ચ ગુણાંક-હાઈ પી/ઈ સ્વીકાર્ય બન્યા છે. નવી કંપનીઓ અને ઉદ્યોગો સિવાય હાઈ પી/ઈ કંપનીઓની સંખ્યા ઘણી વધુ છે. કોટકના ડીસીએફ મોડેલ મુજબ આવી કંપનીઓને તેમના ઊંચા પી/ઈને યોગ્ય ઠેરવવા માટે તીવ્ર અને સાતત્યપૂર્ણ વિકાસ દરની જરૂર પડશે. ખૂબ જ ઊંચા પી/ઈને યોગ્ય ઠેરવવા માટે કંપનીઓને ટૂંકાગાળામાં તીવ્ર અને ઊંચા વૃદ્ધિ દરની જરૂર પડશે, ૧૦૦ મલ્ટિપલ પી/ઈ કંપની, જે આગામી ૪૦ વર્ષમાં વૃદ્ધિના તબક્કામાં હોઈ શકે છે.

### 4, જૂનના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિજય બાદ શેર બજારોમાં તોફાની તેજી જોવાશે

# ચૂંટણીના પરિણામ નજીક આવતા શેરબજારની માર્કેટ કેપ રોકેટ બની, આંકડો 5 લાખ કરોડને વટાવી ગયો

(એજન્સી) નવી દિલ્હી | તા 22

લોકસભા ચૂંટણીના પાંચમાં તબક્કાનું મતદાન સંપન્ન થઈ ગયા બાદ હવે બે તબક્કાનું મતદાન બાકી રહ્યું છે અને પરિણામો ૪, જૂનના આવતાં પૂર્વે કેન્દ્રમાં સ્થિર મજબૂત સરકાર રચાવા જઈ રહ્યાના પ્રબળ આશાવાદે આજે ભારતીય શેર બજારોમાં રોકાણકારોની સંપતિ એટલે કે કુલ માર્કેટ કેપિટલાઈઝેશને ઈન્ટ્રા-ડે પાંચ લાખ કરોડ ડોલરનો પડાવ પાર કર્યો હતો. માર્કેટ કેપ ઈન્ટ્રા-ડે રૂ.૪૧૪.૭૫ લાખ કરોડ એટલે કે પાંચ લાખ કરોડ ડોલર પહોંચી ગયું હતું. આ સાથે વિશ્વમાં અત્યારે પાંચ લાખ કરોડ ડોલરથી વધુ માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતાં કલબમાં પ્રવેશનાર ભારત પાંચમો દેશ બન્યો છે.

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની ગત સપ્તાહના છેલ્લા બે દિવસમાં વેચવાલી ધીમી પડીને ખરીદદાર બની રહ્યાના આંકડાકીય પોઝિટીવ સંકેત અને લોકલ ફંડો, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી સતત વધતી રહેતાં સેન્ટીમેન્ટ તેજીનું બન્યું છે. અલબત આજે બેંકિંગ, આઈટી, ઓટો ફ્રન્ટલાઈન શેરોમાં વેચવાલીના કારણે સેન્સેક્સ ૫૨.૬૩ પોઈન્ટ ઘટીને ૭૩૯૫૩.૩૧ બંધ રહ્યા સામે નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ મેટલ-માઈનીંગ શેરો અને ઓઈલ માર્કેટીંગ કંપનીઓના શેરોમાં તેજીના જોરે ૨૭.૦૫ પોઈન્ટ વધીને ૨૨૫૨૯.૦૫ બંધ રહ્યો હતો.

અગાઉ ગત સપ્તાહમાં કેન્દ્રના ગૃહ પ્રધાન અને સહકાર મંત્રી અમિત શાહે શેર બજારમાં તાજેતરના દિવસોની વોલેટીલિટીને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓ સાથે નહીં સાંકળવા અને ૪, જૂનના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિજય બાદ શેર બજારોમાં તોફાની તેજી જોવાશે એવું જણાવી આ પહેલા ખરીદી કરવી હોય તો કરી લેવા તેમણે રોકાણકારોને જણાવ્યું હતું. ત્યાર બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ એક ટીવી ચેનલને મુલાકાતમાં ભારતીય શેર બજારો એનએસઈ અને બીએસઈમાં ૪, જૂન બાદ નવા રેકોર્ડ સર્જાતાં જોવાશે એવું પોઝિટીવ નિવેદન કરતાં શેર બજારોમાં રોકાણકારોની ખરીદી વધતી જોવાઈ છે.

આ પોઝિટીવ નિવેદન અને ચૂંટણીના અત્યાર સુધીના મતદાનના અંદાજો કેન્દ્રમાં ઐતિહાસિક મજબૂત સ્થિર સરકાર રચાવા જઈ રહ્યાના અનુમાને આજે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન-રોકાણકારોની સંપતિ ઈન્ટ્રા-ડે રૂ.૪૧૪.૭૫ લાખ કરોડ એટલે કે પાંચ લાખ કરોડ ડોલરનો આંક પાર કરી ગયા બાદ અંતે રૂ.૨.૨૭ લાખ કરોડ વધીને રૂ.૪૧૪.૬૨ લાખ કરોડ એટલે કે ૪.૯૮ લાખ કરોડ ડોલર રહ્યું હતું.ઉલ્લેખનીય છે કે,

ભારતીય શેર બજારોનું માર્કેટ કેપિટલાઈઝેશન જે ૨૯, નવેમ્બર ૨૦૨૩ના ચાર લાખ કરોડ ડોલર હતું, એ આજે ૨૧, મે ૨૦૨૪ના પાંચ લાખ કરોડ ડોલર પાર કરતાં છ મહિનાથી પણ ઓછો સમય લાગ્યો છે.

# ચોક્કસ પ્રકારના IT તથા ઈલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટસ પર આયાત અંકૂશ ચાલુ રહેશે

(એજન્સી) નવી દિલ્હી | તા 22

રજિસ્ટર્ડ ન કરાવાયા હોય તેવા ઈનફરમેશન ટેકનોલોજી (આઈટી) તથા ઈલેક્ટ્રોનિક્સ પ્રોડકટસની આયાત પર અંકૂશ ચાલુ રહેશે એમ સરકાર દ્વારા એક નોટિફિકેશનમાં જણાવાયું છે. આનો અર્થ એવો થાય કે નવા અથવા સેકન્ડ હેન્ડ ઈલેકટ્રોનિક પ્રોડકટસ જ્યાં સુધી બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ સ (બીઆઈએસ) સમક્ષ રજિસ્ટર્ડ કરાવાયા નહીં હોય અને લેબલિંગ આવશ્યકતાનું પાલન કરાયું નહી હોય ત્યાં સુધી તેની આયાત પર નિયંત્રણ ચાલુ રહેશે એમ સ્થાનિક ટ્રેડરો જણાવી રહ્યા છે. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈનફરમેશન ટેકનોલોજી ગુડસ (ફરજિયાત રજિસ્ટ્રેશન ઓર્ડરની આવશ્યકતા) ૨૦૨૧ હેઠળ આયાત નીતિ જાહેર કરવામાં આવી છે. આયાત માટેની શરતોમાં કોઈ ફેરબદલ કરાયા નથી. સરકાર દ્વારા મંગળવારે જારી કરાયેલું નોટિફિકેશન સૂચવે છે કે, સરકારની નીતિ ચાલુ છે. કારણ કે આ ચીજવસ્તુઓ અગાઉથી જ પ્રતિબંધિત શ્રેણીમાં છે. નોટિફિકેશનની જોગવાઈ પ્રમાણે, જો કોઈ માલસામાન ફરજિયાત રજિસ્ટ્રેશનની શરત વગર આયાત કરવામાં આવે તો તેને બંદર ખાતેથી જ ફરી નિકાસ કરી દેવાનો રહે છે. અન્યથા કસ્ટમ્સ સત્તાવાળા આ માલસામાનને વાપર્યા વગર છૂટા પાડી તેનો સ્ક્રેપ તરીકે નિકાલ કરી શકશે. આ માટેનો ખર્ચ આયાતકારે ભોગવવાનો રહેશે. આમ તો બીઆઈએસ સર્ટિફિકેશન સ્વૈચ્છીક હોય છે પરંતુ માનવ સલામતિ તથા વેપાર હિતો જાળવવા કોઈ કિસ્સામાં સરકાર તેને ફરજિયાત બનાવી શકે છે. ૨૦૨૩ના ઓગસ્ટમાં સરકારે કેટલીક આઈટી હાર્ડવેર આઈટેમ્સ પર પ્રતિબંધ મૂકયા હતા.ઘરેલું તથા વિદેશી કંપનીઓની ફરિયાદને આધારે આ પ્રતિબંધ આવી પડયા હતા,

## સંક્ષિપ્ત સમાચાર

### ચાંદીમાં વણથંભી તેજી: અમદાવાદમાં રૂ.1500 ઉછળી રૂ.93,000નો રેકોર્ડ

અમદાવાદ, મુંબઈ : અમદાવાદ સોના-ચાંદી બજારમાં આજે ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૧૫૦૦ ઉછળીને રૂ.૯૩૦૦૦ને આંબી ગયા હતા. મુંબઈ ઝવેરી બજારમાં આજે ચાંદીના ભાવમાં રેકોર્ડબ્રેક તેજી આગળ વધતાં ભાવમાં નવો ઉછીળો તથા નવી ઉંચી ચોટ દેખાઈ હતી. જોકે આજે ચાંદી ઉછળી રહી હતી ત્યારે સોનાના ભાવમાં તેજીના વળતા પાણી જોવા મળ્યા હતા.અમદાવાદ સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૪૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૭૬૪૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૬૬૦૦ રહ્યા હતા. વિશ્વ બજારમાં જો કે સોનાના ભાવ ઔંશદીઠ ૨૪૧૯થી ૨૪૨૦ વાળા નીચામાં ૨૪૦૬ થયા પછી ફંચામાં ૨૪૩૩ થઈ ૨૪૨૭થી ૨૪૨૮ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૩૧.૩૬થી ૩૧.૩૭ વાળા નીચામાં ૩૧.૦૭ તથા ઉંચામાં ૩૨.૫૦ થઈ ૩૧.૭૯થી ૩૧.૮૦ ડોલર રહ્યા હતા.વિશ્વ બજારમાં આજે કોપરના ભાવ વધુ ૧.૭૦થી ૧.૭૫ ટકા ઉછળતાં તેની અસર વૈશ્વિક ચાંદીના ભાવ પર પોઝીટીવ જોવા મળી હતી જ્યારે વૈશ્વિક ક્રૂડતેલના ભાવ આજે ઝડપી ગબડતાં તેની એસર વૈશ્વિક સોનાના ભાવ પર નેગેટીવ દેખાઈ હતી.ક્રૂડતેલમાં નવી માગ ધીમી હતી. ઈરાનના પ્રમુખનું અકસ્માતમાં નિધન પછી સાઉદી અરેબિયાના કિંગની તબિયત પણ બગડયાના સમાચાર વચ્ચે બજારમાં નવા બનાવો પર ખેલાડીઓની નજર રહી હતી. બ્રેન્ટક્રૂડના ભાવ બેરલદીઠ ૮૩.૫૨ વાળા નીચામાં ૮૨.૧૦ થઈ ૮૨.૧૬ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૭૯.૫૫ વાળા નીચામાં ૭૮.૨૫ થઈ ૭૮.૩૧ ડોલર રહ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંશદીઠ ૧૦૫૯થી ૧૦૬૦ વાળા નીચામાં ૧૦૩૧ થઈ ૧૦૫૨થી ૧૦૫૩ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૦૦૫થી ૧૦૦૬ વાળા ઉંચામાં ૧૦૩૩ થઈ ૧૦૨૪થી ૧૦૨૫ ડોલર રહ્યા હતા. મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઘટતાં ઝવેરી બજારમાં સોનાના ભાવ પર તેની અસર નરમાઈન દેખાઈ હતી.

### ઊંચા મૂલ્યાંકનનો લાભ લઈ PE રોકાણકારોએ જંગી રકમ ઘરભેગી કરી

મુંબઈ : ૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશમાં પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) એક્ઝિટસ (રોકાણ પાછું ખેંચવા)માં વાર્ષિક ધોરણે ૩૫૪.૫૦ ટકાનો જોરદાર વધારો થયો હતો. પીઈ રોકાણ પાછા ખેંચાવાનો અર્થ રોકાણકારોના રોકાણ માનસમાં બદલાવ આવ્યો છે. ઈક્વિટીસના ઊંચા મૂલ્યાંકનને કારણે એક્ઝિટમાં વધારો જોવા મળ્યો છે. ૨૦૨૩ના પ્રથમ ત્રિમાસિકમાં ૧૧ એક્ઝિટસની સામે ૨૦૨૪ના આ ગાળામાં ૫૦ એક્ઝિટસ રહી છે એમ એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું છે. પીઈ રોકાણકારોએ એકંદરે ૩.૬૦ અબજ ડોલરના મૂલ્યનું એક્ઝિટ કર્યું હતું, જે ૨૦૨૩ના પ્રથમ ત્રિમાસિકમાં થયેલા એક્ઝિટના મૂલ્યના પાંચ ગણું છે. ઊંચા મૂલ્ય માટે ઓપન માર્કેટ એક્ઝિટસ મુખ્ય પરિબળ રહ્યું છે. ઓપન માર્કેટ એક્ઝિટસમાં પીઈ રોકાણકારો પોતાના હોલ્ડિંગ્સ કોઈ કંપનીને વેચી નાખે છે અથવા તો જાહેર ભરણાં મારફત ઈક્વિટીસનું વેચાણ કરે છે. પોતાના રોકાણકારો માટે વળતર મેળવવા પીઈ રોકાણકારો કંપનીઓમાંથી પોતાના ઈન્વેસ્ટમેન્ટસ જ્યારે પાછા ખેંચે છે તેને પીઈ એક્ઝિટસ તરીકે ગણવામાં આવે છે. માલિકીના ચોકક્સ સમયગાળા બાદ એક્ઝિટ જોવા મળતી હોય છે. માલિકીના ગાળામાં પીઈ રોકાણકારો પોતાના રોકાણ મૂલ્યને વધારવા વિવિધ વ્યૂહ અપનાવતા હોય છે. પીઈ એક્ઝિટસ સફળ ત્યારે જ ગણાય છે જ્યારે તેમાં વળતર મળી રહ્યું હોય. ઊંચા મૂલ્યાંકનને કારણે ૨૦૨૪નો પ્રથમ ત્રિમાસિક ગાળો પીઈ રોકાણકારો માટે એક્ઝિટ માટે સાનુકૂળ રહ્યો હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. દરમિયાન ૨૦૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં દેશમાં પીઈ સોદામાં પણ જોરદાર વધારો થયો હતો. કુલ ૩૧૦ સોદામાં ૫.૨૦ અબજ ડોલરનું પીઈ રોકાણ થયાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

# કઠોળના ભાવમાં ઘટાડો થવાની શક્યતા, સરકારે અનેક દેશોમાંથી આયાત વધારવા યોજના બનાવી

(એજન્સી) નવી દિલ્હી | તા 22



**આ વર્ષે કઠોળનું આટલુ ઉત્પાદન થવાનો અંદાજ**

| કઠોળ | અંદાજિત ઉત્પાદન |
|---|---|
| તુવેર | 33.39 લાખ ટન |
| ચણા | 121.61 લાખ ટન |
| અડદ | 20.55 લાખ ટન |
| મગ | 15.06 લાખ ટન |
| મસૂર | 16.36 લાખ ટન |
| અન્ય | 7.46 લાક ટન |
| કુલ ઉત્પાદન | 234.42 લાખ ટન |

કેન્દ્ર સરકારે અનેક દેશોમાંથી કઠોળની આયાત વધારવા યોજના બનાવી છે. આ નિર્ણય કઠોળ-દાળની વધતી કિંમતો પર અંકુશ લાદવા લેવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક સમયથી કઠોળના ભાવોમાં વધારો નોંધાઈ રહ્યો હોવાથી સરકાર નવી પીએમ આશા (PM Aasha) યોજના લઈ આવી છે. જે કઠોળના પાકને લઘુત્તમ ટેકાના ભાવે (MSP) પર ખરીદવાની ગેરેંટી આપે છે.મગ સિવાય અન્ય તમામ દાળની ડ્યૂટી ફ્રી આયાત શરૂ મગ સિવાય તમામ દાળની ડ્યૂટી ફ્રી આયાત થઈ રહી છે. દેશમાં કઠોળના ઉત્પાદનમાં વધારો કરવા એક બેલેન્સ પોલિસીની જરૂર છે. દેશમાં આજે પણ કઠોળ-દાળની જરૂરિયાતો પૂરી કરવા આયાત પર નિર્ભર છે. જેને સરકાર આત્મનિર્ભર બનાવવા પ્રયત્નશીલ બની છે.

2030 સુધી 40 મિલિયન ટન દાળની જરૂર પડશે

1 જાન્યુઆરી, 2023થી અત્યારસુધી સરકારે કઠોળ પર 11 નોટિફિકેશન જારી કરી છે. વારંવાર પોલિસીમાં ફેરફાર કરવાથી તમામને નુકસાન થઈ રહ્યું હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. જુલાઈ બાદ 10 મિલિયન ટન પીળા વટાણા માર્કેટમાં આવશે. જેની કિંમત રૂ. 1.5થી 2 પ્રતિ કિગ્રા સુધીનો ઘટાડો થશે.સરકાર વિદેશમાં અડદ અને દેશી ચણાનું ઉત્પાદન વધારવા પર ફોકસ કરી રી છે. જે ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ સહિત અન્ય દેશોમાંથી કઠોળની આયાત વધારશે. આર્જેન્ટિનામાંથી પણ દાળની આયાત અંગે ચર્ચાઓ થઈ રહી છે. તેમજ 4 મેથી સરકારે ડ્યુટી ફ્રી આયાતને મંજૂરી આપી હતી. માર્ચ, 2025 સુધી દેશી ચણાની ડ્યૂટી ફ્રી આયાત જારી રહેશે. તેમજ તુવેર, અડદ, મસૂર, પીળા વટાણા, દેશી ચણા સહિતના કઠોળની ડ્યૂટી ફ્રી આયાતને મંજૂરી મળશે.

### વૈશ્વિક ક્રિપ્ટોની માર્કેટ કેપ વધી 2.61 ટ્રિલિયન ડોલરના સ્તરે

# બિટકોઈન 71000 ડોલરને પાર

(એજન્સી) મુંબઈ | તા 22

સ્પોટ એથરમ એકસચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)ને અમેરિકાની સિક્યુરિટીઝ એન્ડ એકસચેન્જ કમિશન (એસઈસી) તરફથી મંજુરી મળવાની શકયતા વધી ગઈ હોવાના અહેવાલ બાદ એથરમની આગેવાની હેઠળ ક્રિપ્ટોકરન્સીસ બજારમાં છેલ્લા ચોવીસ કલાકમાં નોંધપાત્ર સુધારો જોવાયો હતો.મુખ્ય ક્રિપ્ટો બિટકોઈને છેલ્લા ચોવીસ કલાકમાં ફરી ૭૧૦૦૦ ડોલરની સપાટી કુદાવી હતી. જે એપ્રિલ બાદ પ્રથમ વખત જોવા મળી છે. એથરમનો ભાવ ૧૯ ટકા વધી ૩૭૦૦ ડોલર જોવા મળ્યો હતો.

બિટકોઈન નીચામાં ૬૬૮૯૮ ડોલર અને ઊંચામાં ૭૧૬૩૨ ડોલર થઈ મોડી સાંજે ૭૧૧૫૫ ડોલર બોલાતો હતો. એથરમ ૬૧૭ ડોલર વધી ૩૭૩૦ ડોલર મુકાતો હતો. ક્રિપ્ટોકરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ વધી ૨.૬૧ ટ્રિલિયન ડોલર પહોંચી ગઈ હતી. અન્ય ક્રિપ્ટોસ એકસઆરપી, સોલાના, એડીએમાં પણ ૩થી ૬ ટકા વધારો જોવા મળ્યો હતો. બજારમાં આવેલા અચાનક ઉછાળાથી અંદાજે ૨૬ કરોડ ડોલરની શોર્ટ પોઝિશનને લિક્વિડેટ કરવાની ફરજ પડી હતી. એકસચેન્જ જ્યારે ખેલાડીની ઊભી પોઝિશનને ફરજિયાત બંધ કરી નાખે છે તેને લિક્વિડેશન કહેવામાં આવે છે.

એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં સ્પોટ એથર ઈટીએફને મંજુરી મળવાની તક ૭૫ ટકા પર આવી ગયાના દાવાથી ક્રિપ્ટો માર્કેટસમાં તેજીનું સેન્ટિમેન્ટસ જોવા મળ્યું હતું. એસઈસીએ એથરમ સ્પોટ ઈટીએફસના અરજદારોને તેમના ૧૯બી-૪ફાઈલિંગ્સને અપડેટ કરવા વિનંતી કરી હોવાના અહેવાલથી એથરમ ઈટીએફસને પણ મંજુરી મળવાની શકયતા વધી ગઈ છે. એથર ઈટીએફસને મંજુરીથી સંસ્થાકીય રોકાણ પ્રવાહ વધવાની બજારને અપેક્ષા છે. જાન્યુઆરીમાં વહેલા થયેલા સ્પોટ બિટકોઈન ઈટીએફસમાં કુલ ૧૨ અબજ ડોલરનો ઈન્ફલોસ જોવા મળ્યો છે.

# શેરબજાર સળંગ 3 દિવસ સુધર્યા બાદ ફ્લેટ રહ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 22

ભારતીય શેરબજાર સળંગ 3 ટ્રેડિંગ સેશનમાં સુધારા તરફી બંધ રહ્યા બાદ આજે ફ્લેટ રહ્યા છે. સેન્સેક્સ ઈન્ટ્રા ડે 426.82ની વોલેટિલિટીના અંતે 52.63 પોઈન્ટ ઘટાડે 73953.31 પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી 27.05 પોઈન્ટના નજીવા સુધારા સાથે 22529.05 પર બંધ રહ્યો હતો. સ્ટોક સ્પેસિફિક તેજીના પગલે રોકાણકારોની મૂડી 2.14 લાખ કરોડ વધી છે. બીએસઈ માર્કેટ કેપ આજે 414.53 લાખ કરોડ રહી છે.સેન્સેક્સ પેકની 30 પૈકી આજે 17 સ્ક્રિપ્સ ઘટાડે અને 13 સ્ક્રિપ્સ સુધારા સાથે બંધ રહી હતી. શેરબજારમાં મેટલ, પાવર, એનર્જી સહિત સ્ટોક સ્પેસિફિક ઉછાળો નોંધાયો છે. બીએસઈ ખાતે 362 સ્ક્રિપ્સમાં અપર સર્કિટ અને 254 સ્ક્રિપ્સમાં લોઅર સર્કિટ વાગી હતી. 296 સ્ક્રિપ્સ વર્ષની ટોચે છે.સેક્ટોરલ ઈન્ડાઈસિસમાં મેટલ ઈન્ડેક્સ 4 ટકા, પાવર ઈન્ડેક્સ 2 ટકા, પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 1.5 ટકા વધ્યો છે. જ્યારે એફએમસીજી ઈન્ડેક્સ 0.5 ટકા ઘટ્યો છે. સ્મોલકેપ શેરોમાં ઘટાડો અને મીડકેપ શેરોમાં એકંદરે સુધારો જોવા મળ્યો હતો.આદિત્ય બિરલા ફેશન, બાલક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ, ભેલ, કોલ ઈન્ડિયા, હિન્દાલકો, ઈન્ડિયન બેન્ક, જિંદાલ સ્ટીલ, જેએસડબ્લ્યૂ સ્ટીલ, લિન્ડે ઈન્ડિયા, ઓઈલ ઈન્ડિયા, પોલિકેબ, પાવર ગ્રીડ, સેઈલ, ટાટા સ્ટીલ સહિત 296 શેરો વર્ષની ટોચે પહોંચ્યા હતા. વૈશ્વિક સ્તરે અમેરિકી ફેડ રિઝર્વ દ્વારા વ્યાજદરોમાં ઘટાડાની જાહેરાત થવાના આશાવાદ સાથે અમુક રોકાણકારો થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે,

### લોનની જેટલી રકમ હોય તેમાંથી 20 ટકા ડાઉન પેમેન્ટ આદર્શ ગણાય છે

# હવે ડાઉન પેમેન્ટની ચિંતા થશે દૂર, આ સરળ રીત અપનાવી તમે પણ ખરીદી શક્શો ઘર, જાણી લો ફટાફટ

(એજન્સી) નવી દિલ્હી | તા 22

પોતાની માલિકીનું એક ઘર હોય તે દરેકનું સ્વપ્ન હોય છે. પરંતુ આજની મોંઘવારીમાં અપૂરતી નાણાકીય જોગવાઈના કારણે ઘર ખરીદવુ મુશ્કેલ છે. બજારમાં વિવિધ બેન્કો, નાણાકીય સંસ્થાઓ ખોબલે ખોબલે હોમ લોન તો આપી રહી છે, પરંતુ તેની ચૂકવણી કરવા સક્ષમ હોવુ પણ તેટલુ જ જરૂરી છે. વધુમાં ઘર ખરીદતી વખતે સૌ પ્રથમ તો ડાઉન પેમેન્ટની જરૂર પડે છે. અહીં અમે તમને ડાઉન પેમેન્ટ માટે કેવી રીતે બચત કરી શકાય તેના વિશે જણાવીશું...તમારી કમાણીમાંથી તમે કેટલી બચત કરી શકો છો, તેનો આંકડો કાઢો. ત્યારબાદ એક મહિના સુધી તમારી આવક અને ખર્ચાઓ પર નજર રાખો. જેથી તમને સચોટ અંદાજ માલૂમ થશે. જો તમે અગાઉથી જ કોઈ લોન ધરાવતા હોવ તો પહેલાં તેની ચૂકવણી કરવા પ્રાધાન્ય આપો.

લોનની જેટલી રકમ હોય તેમાંથી 20 ટકા ડાઉન પેમેન્ટ આદર્શ ગણાય છે. તેમજ ઓછા ડાઉન પેમેન્ટ ધરાવતા વિકલ્પો પણ બજારમાં ઉપલબ્ધ છે. જુદી-જુદી બેન્કો પાસેથી લોન અને તેના વ્યાજદર તથા ડાઉન પેમેન્ટ પર એક રિસર્ચ કરો. ત્યારબાદ તમારે કેટલી લોનની જરૂર છે. અને તમારુ બજેટ ખોરવાય નહીં તે રીતે લોનનો વિકલ્પ પસંદ કરો.તમારી કુલ આવકમાંથી દરમહિને નિશ્ચિત રકમ અવશ્ય બચાવો. જેના માટે તમારે તમારી જરૂરિયાતોને પ્રાધાન્ય આપવુ પડશે. મનોરંજન અને હાલ જરૂર ન હોય તેવા ખર્ચાઓને હંમેશા બચત બાદ જ પ્રાધાન્ય આપો. તમારા ચેકિંગ એકાઉન્ટમાંથી તમારા ડાઉન પેમેન્ટ સેવિંગ એકાઉન્ટમાં રિકરિંગ ટ્રાન્સફર સેટ કરી બચતને ઓટોમેટ કરો. ખર્ચની આદતોનું એનાલિસિસ કરી એવા સેગમેન્ટમાં ખર્ચ કરવાનુ ટાળો, જેના વિના તમારૂ કામ થઈ જાય. જે તમારી બચતમાં વધારો કરશે. મનોરંજન, હરવા-ફરવા સહિતના શોખને હંમેશા છેલ્લી પ્રાયોરિટી આપો. જેથી તમે બચત પણ કરી શકો અને તમારો લક્ષ્યાંક પણ પૂર્ણ કરી શકો.આવક વધારવા માટે વિવિધ પ્રકારના પગલાં લઈ શકો છો. ફ્રિલાન્સ કામ કરી શકો છો. સ્થાયી નોકરીમાં પગાર ઓછો હોય તો અન્ય સ્થળે નોકરીની તકો શોધો અને અપ્લાય કરો. પાર્ટટાઈમ કે નવરાશની પળોમાં પોતાની આવડત અનુસાર, આવક મેળવી શકો છો.તમે બચત કરવાનું તો શરૂ કર્યું, પરંતુ બચતમાંથી પણ આવક ઉભી કરવા માટે તેનુ વિવિધ ઈન્વેસ્ટમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરો. ટેક્સ રિફંડ, વર્ક બોનસ, અનએક્સપેક્ટેડ ગિફ્ટનો ઉપયોગ કરી બચતમાં વધારો કરી શકો છો. ફાઈનાન્સિયલ એડવાઈઝરની સલાહ અનુસાર રોકાણ કરી શકો છો.

# મહિને માત્ર 210 રૂપિયા બચાવી સરકારની આ યોજનામાં કરો રોકાણ, નિવૃત્ત જીવનમાં મળશે આટલું પેન્શન

(એજન્સી) નવી દિલ્હી | તા 22

શું તમે પણ તમારા માટે પેન્શન પ્લાન શોધી રહ્યા છો, જેમાં ઓછા રોકાણમાં વધુ પેન્શન મળી શકે. આ સરકારી યોજનાની મદદથી તમે જીવનભર સારૂ એવી રકમ પેન્શન પેટે મેળવી શકો છો. સરકારની અટલ પેન્શન યોજનામાં બિન-સંગઠિત ક્ષેત્ર સાથે જોડાયેલા કોઈપણ કર્મચારી કે કામદાર પેન્શન મેળવી શકે છે. અટલ પેન્શન યોજનામાં તમારે દરમહિને રૂ. 210નં પેન્શન કરવાનું હોય છે. જેમાં તમે વાર્ષિક રૂ. 60000 અર્થાત દરમહિને રૂ. 5000નું પેન્શન જીવો ત્યાં સુધી મેળવી શકો છો.

અટલ પેન્શન યોજનામાં દર મહિને માત્ર રૂ. 210 જમા કરાવી તમે નિવૃત્તિ પછી એટલે કે 60 વર્ષ પછી દર મહિને મહત્તમ રૂ. 5,000નું પેન્શન મેળવી શકો છો. સરકાર દ્વારા સંચાલિત અટલ પેન્શન યોજના હેઠળ ગેરેન્ટેડ પેન્શન ઉપલબ્ધ છે. નિયમો અનુસાર, તેમાં માસિક ધોરણે મહત્તમ રૂ. 5000નું પેન્શન મળી શકે છે. જેના માટે તમારે દર મહિને 210 રૂપિયા ચૂકવવા પડશે. દર મહિને રૂ. 1,000નું પેન્શન મેળવવા માટે તમારે માસિક 42 રૂપિયા ચૂકવવા પડશે.વૃદ્ધાવસ્થામાં આવકની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકાર 2015-16ના બજેટમાં અટલ પેન્શન યોજના લાવી હતી. સરકાર સામાન્ય લોકોને, ખાસ કરીને અસંગઠિત ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને શક્ય તેટલી બચત કરવા પ્રોત્સાહિત કરે છે. બિન-સંગઠિત ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોને પણ નિવૃત્તિ પછી આવક ન થવાના જોખમથી બચાવવું પડશે. આ યોજના પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) દ્વારા ચલાવવામાં આવે છે.



અટલ પેન્શન યોજના હેઠળ, ગ્રાહકોને દર મહિને રૂ. 1,000થી રૂ. 5,000 સુધીનું પેન્શન મળે છે. ભારત સરકાર લઘુત્તમ પેન્શન લાભની ખાતરી આપે છે. કેન્દ્ર સરકાર સબ્સ્ક્રાઈબરના યોગદાનના 50 ટકા અથવા વાર્ષિક રૂ. 1,000 બેમાંથી જે ઓછું હોય તે યોગદાન આપે છે. સરકારી યોગદાન એવા લોકોને આપવામાં આવે છે જેઓ કોઈપણ વૈધાનિક સામાજિક સુરક્ષા યોજના હેઠળ આવરી લેવામાં આવતા નથી અને કરદાતા નથી. યોજના હેઠળ 1,000, 2000, 3,000, 4,000 અને 5,000 રૂપિયાનું પેન્શન ઉપલબ્ધ છે. રોકાણ પેન્શનની રકમ પર પણ આધાર રાખે છે. જો તમે નાની ઉંમરે જોડાશો તો તમને વધુ લાભ મળશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, વૈશાખ સુદ-પૂનમ

# મસાલા પર પ્રતિબંધ

સિંગાપોર, હોંગકોંગ બાદ હવે નેપાળે જે રીતે કેટલીક ભારતીય કંપનીઓના મસાલાની આયાત પર પ્રતિબંધ મૂકી દીધો છે તે ચિંતાજનક છે. કારણ કે આ દરમ્યાન ન્યૂઝીલેન્ડ, અમેરિકા વગેરેએ પણ કહ્યું કે તેઓ ભારતથી આયાત થનારા મસાલાઓની ગુણવત્તાની તપાસ કરશે. એ ઠીક છે કે એક પછી એક દેશો દ્વારા ભારતીય મસાલાની ગુણવત્તા પર સવાલ ઉઠવાને કારણે સરકારે એમ કહ્યું કે તેઓ નવા માપદંડ તૈયાર કરવાની સાથે જ એ પણ જોશે કે ભારતીય મસાલા કંપનીઓ વિરુદ્ધ્ઘ વિભિન્ન દેશો જે પગલાં ભરી રહ્યા છે, તેની પાછળ ક્યાંય કોઈ ષડયંત્ર તો નથી ને, પરંતુ સારું થાત કે સરકાર ત્યારે જ ચેતી જતી જ્યારે સિંગાપોર અને હોંગકોંગે એમડીએચ અને એવરેસ્ટ કંપનીઓના મસાલામાં હાનિકારક પદાર્થ મળવાની ફરિયાદ કરતાં તેની આયાત પર પ્રતિબંધ મૂકી દીધો હતો. જોકે ભારત મસાલાનું સૌથી મોટું નિકાસકાર છે અને તેમની નિકાસથી દેશને સારી એવી વિદેશી મુદ્રા પ્રાપ્ત થાય છે, તેથી ભારતીય મસાલા બોર્ડની સાથે સાથે સરકારે સમય રહેતાં સજાગતા દેખાડવી જોઈતી હતી. મસાલાની ગુણવત્તાને લઈને પહેલાં પણ સવાલ ઊઠી રહ્યા છે. કેટલીય વાર જોવા મળ્યું છે કે દેશમાં વેચાતી વિભિન્ન કંપનીઓના મસાલાની ગુણવત્તા યોગ્ય નથી હોતી. તેમાં અખાદ્ય વસ્તુઓ સુદ્ધ્ઘાં ભેળવવામાં આવે છે. વાત માત્ર મસાલાની નથી. અન્ય અનેક ખાદ્ય અને પેય પદાર્થોની સાથે સાથે દવાઓની ગુણવત્તાની પણ છે. એ કોઈથી છૂપું નથી કે ઈ રીતે કેટલાક દેશોએ ભારતથી આયાત થનારી ખાંસીની દવાને ઝેરી ગણાવતાં તેના પર પ્રતિબંધ મૂકી દેવાયો હતો. ત્યારબાદ ભારત સરકારે કાર્યવાહી કરવા મજબૂર થવું પડ્યું હતું. પ્રશ્ન એ છે કે આખરે ભારતીય ઉત્પાદનોની ગુણવત્તા પર બીજા દેશોમાં સવાલ ઉઠ્યા બાદ જ સરકાર અને તેની એજન્સીઓ કેમ ચેતે છે? ભારતમાં ખાદ્ય અને પેય પદાર્થોની સાથે દવાઓની ગુણવત્તા સાથે સમજૂતી થઈ રહી છે. આવું એટલા માટે થઈ રહ્યું છે, કારણ કે જેના પર એ નક્કી કરવાની જવાબદારી છે કે માપદંડો સાથે કોઈ સમજૂતી ન થવા પામે, તેઓ લાપરવાહી જ રાખતા હોય છે. એ કહેવામાં સંકોચ નહીં કે તેનું કારણ સંબંધિત અધિકારીઓનો ભ્રષ્ટાચાર છે. આ નિરાશાજનક છે કે ભારતીય ખાદ્ય સુરક્ષા અને માપદંડ સંસ્થા ના તો ભારતીય કંપનીઓનાં ઉત્પાદનોની ગુણવત્તાની યોગ્ય રીતે તપાસ કરી શકે છે કે ના બહુરાષ્ટ્રીય કંપનીઓના ઉત્પાદનોની. હવે જ્યારે ભારતીય ઉત્પાદનોની નિકાસ વધી રહી છે, ત્યારે સરકારે એ સુનિશ્ચિત કરવું જ પડશે કે દેશમાં વેચાતા ઉત્પાદનોની ગુણવત્તા યોગ્ય હોય એટલું જ નહીં, પરંતુ નિકાસ થનારા ઉત્પાદનોની ગુણવત્તા પણ યોગ્ય હોવી જોઈએ. સરકારની સાથે જ ઉદ્યમીઓએ પણ ચેતવું પડશે. તેમણે પોતાના ઉત્પાદનોની ગુણવત્તાને વિશ્વસ્તરીય અને વિશ્વસનીય બનાવવા માટે વધારાના પ્રયત્ન કરવા પડશે.

# વેરો વધાર્યા બાદ પણ તકલીફ... રાજપીપળા પાલિકાના અણઘડ વહીવટમાં નગરજનોને ભર ઉનાળે પાણીના વલખા

## વિવિધ વિસ્તારોમાં પાણી નહી આવતા મોકલાતા ટેંકરોમાં પણ લાલીયાવાડી

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા મથક રાજપીપળા ખાતે આવેલી એકમાત્ર નગરપાલિકા ના અણઘડ વહીવટ માં ભરઉનાળે નગર ના વિવિધ વિસ્તારો માં પાણી નહિ આવતું હોવાની બુમ ઉઠવા પામી છે અને પાણી ની તંગી ને કારણે નગરજનો તોબા પોકારી થઇ ઉઠ્યા છે મળતી માહિતી મુજબ ભાજપ શાસીત રાજપીપલા નગરપાલિકા ના વહીવટ માં નગરજનો ઉનાળા ની અસહ્ય ગરમી માં પાણી ની તંગી સહન કરી રહ્યા છે નગરના દરબાર રોડ , નવાફળીયા વિસ્તાર ,આર એસ. કમ્પાઉન્ડ તેમજ મંદિર આસપાસ ની સોસાયટીઓ વગેરે



વિસ્તાર માં પાણી નથી આવતું કે ખુબ ઓછું આવતું હોવાની બૂમ ઉઠવા પામી છે, થોડા દિવસ અગાઉ કાછીયાવાડ ની મહિલાઓ એ નગરપાલિકા કચેરીએ પાણી ની તંગી મામલે હલ્લાબોલ કર્યો હતો પાલિકા તંત્ર. ને રજુઆત કરતા રોહિત વાસ વોટરવર્કસ ની મોટર બગડી છે તો ક્યાંક પાઈપલાઈન માં ભંગાણ છે તેવા જવાબ અપાય છે, જે વિસ્તાર માં પાણી નથી પહોંચતું ત્યાં પાલિકા ટેંકર મોકલે છે તેમાં પણ વિલંબ અને અવ્યવસ્થા સર્જાય છે ત્યારે પાલિકા તંત્ર એ કાર્યક્ષમ વહીવટ કરી નગરજનો ને પૂરતો પાણી પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ તેવી લોકલાગણી છે કેટલાક સ્થાનિક રહીશો રોષ સાથે જણાવે છે કે પાણી વેરો વધાર્યા બાદ પણ પાલિકા પાણી જેવી ઉનાળા ની અત્યંત જરૂરિયાત માં પણ નિષ્ફળ ગયું છે અને સાફ સફાઈ કે અન્ય સુવિધા પણ ખાસ મળતી નથી છતાં કર્મચારીઓ ના પગાર કરવા માટે પાલિકા એડવાન્સ વેરા ના બિલો આપી ઉઘરાણી કરે છે તે કેટલું યોગ્ય છે.? પહેલા નગરજનો ને પૂરતી સુવિધા આપ્યા બાદ વેરા વસુલાત કરે તે જરૂરી છે.

## "આતંકવાદ વિરોધી દિવસ" નિમિત્તે

# નર્મદા કલેક્ટર કચેરી ખાતે અધિકારીઓ કર્મચારીઓએ શપથ ગ્રહણ કર્યા



ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ૨૧ મી મે, 'આતંકવાદ વિરોધી દિવસ' નિમિત્તે નિવાસી અધિક કલેક્ટર સી.કે.ઉંધાડ અને નાયબ કલેક્ટર પ્રોટોકોલ એન. એફ. વસાવાની ઉપસ્થિતિમાં વહીવટી તંત્રના કર્મયોગીઓએ લોકોને આતંકવાદી પ્રવૃત્તિ અને હિંસાના દુષ્પ્રભાવથી માહિતગાર કરવા તેમજ રાષ્ટ્રમાં સામાજિક સદભાવ, શાંતિ અને સલામતી જાળવી રાખવા અંગે શપથ ગ્રહણ કર્યા હતા. સમગ્ર વિશ્વની સામે પડકાર એવા આતંકવાદી પ્રવૃત્તિઓનો દુનિયાભરમાં હજારો લોકો ભોગ બને છે, ત્યારે નર્મદા જિલ્લા સહિત રાજ્ય-રાષ્ટ્રના યુવાનોને આતંકવાદ અને હિંસાના માર્ગથી દૂર રાખવા, રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને શાંતિનો સંદેશ પહોંચાડવા તેમજ યુવાપેઢીને આતંકવાદના દુષ્પ્રભાવથી માહિતગાર કરવા માટે વિવિધ સરકારી, બિનસરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં વિવિધ જાગૃતતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# રાજપીપળાની કોમર્સ કોલેજમાં જી કાસ પોર્ટલ વિશે સેમિનાર યોજાયો

ભરત શાહ : રાજપીપળા

શ્રી રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજ , રાજપીપળામાં ગુજરાત રાજ્ય દ્વારા બહાર પાડવામાં આવેલ જી કાસ પોર્ટલ વિશે એક સેમિનાર રાખવામાં આવ્યો હતો. જેમાં ટીવાય બીકોમ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ ધોરણ 12 માં પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે આગળના અભ્યાસક્રમમાં એડમિશન મેળવવા માટે જી કાસ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. અને ત્યારબાદ એડમિશન પ્રક્રિયા કેવી રીતે થઈ શકે છે તેની વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

આ સેમિનારમાં સારી એવી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાથે તેમના વાલીઓએ પણ આ સેમિનારમાં ઉપસ્થિત



રહીને માર્ગદર્શન મેળવ્યું હતું. વિદ્યાર્થીઓને અગવડ ન પડે તે માટે રાજપીપળા ની કોમર્સ કોલેજમાં હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. બજારમાં પ્રવેશ ફોર્મ ભરવાના લગભગ 200 રૂપિયા ચાર્જ કરે છે, જ્યારે કોમર્સ કોલેજ, રાજપીપળામાં આ ફોર્મ નિશુલ્ક ભરી આપવામાં આવે છે.

વિદ્યાર્થીઓએ સવારે 9:00 થી 12:00 વાગ્યા દરમિયાન આવીને નિશુલ્ક રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આ સેમિનાર માં કોલેજના આચાર્ય ડો. હિતેશ ગાંધીના માર્ગદર્શન હેઠળ પ્રાધ્યાપક કિંજલબેન ત્રિવેદી પ્રા. હિનાબેન માલી અને પ્રા. હાફિસ કુરેશી દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. રજીસ્ટ્રેશન નું કાર્ય કોલેજના એડમિશન ક્લાર્ક અજયભાઈ વસાવા અને હિરાજભાઈ વસાવા સંભાળે છે. વિદ્યાર્થીઓએ તારીખ 28 મે 2024 સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી દેવાનું ફરજિયાત હોવાનું જણાવ્યું છે



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા લેવાયેલી બી. કોમ. સેમેસ્ટર 6 ની પરીક્ષામાં રાજપીપળા ની શ્રી રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજની વિદ્યાર્થિની યાદવ સંજનાએ બેન્કિંગ વિષયમાં યુનિવર્સિટીમાં સૌથી વધારે માર્ક મેળવી કોલેજ નું ગૌરવ વધાર્યું છે. કોલેજના આચાર્ય ડો. હિતેશ ગાંધી અને સમગ્ર સ્ટાફ પરિવારે તેને અભિનંદન પાઠવ્યા હતા. (ભરત શાહ, રાજપીપળા )

# રાજપીપળાની ગોલ્ડન ગર્લ ફલક વસાવા ચીન ખાતે યોજાયેલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઝળકી



ભરત શાહ : રાજપીપળા

રબર જેવું શરીર ધરાવતી રાજપીપલાની ફલક ગુજરાતની સૌથી નાની વયની ગોલ્ડન ગર્લ છે, જેને અગાઉ રાષ્ટ્રીયકક્ષાની ટ્રેમ્પોલિન જીમ્નાસ્ટિક સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામે કહ્યું હતું કે, 'તમારી પહેલી સફળતા પછી આરામ ના કરો, કેમ કે તમે બીજી વખત અસફળ થશો તો ઘણા બધા હોઠ એવું કહેશે કે તમારી પ્રથમ સફળતા માત્ર એક સામાન્ય પ્રયાસ હતો.' ફલકે પોતાના ફિલ્ડમાં શ્રેષ્ઠ બનવા માટે સર્વશ્રેષ્ઠ પ્રયાસો કર્યા. ચીન ખાતે યોજાયેલી "છઠ્ઠી ટ્રેમ્પોલિન એશિયન ચેમ્પિયનશીપ ૨૦૨૪' આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈને ફલકે સાબિત કરી બતાવ્યું કે, સતત પ્રયાસોથી પરિણામ મળે છે. આ તો માત્ર શરૂઆત છે. જીવન હોય કે રમતનું મેદાન, હાર-જીત તો એક સિક્કાના બે પાસા છે. સ્વામી વિવેકાનંદે પણ કહ્યું હતું કે, 'એકવાર હાર્યા બાદ ફરીથી પ્રયત્ન કરવામાં ડરશો નહીં, કેમકે આ વખતની શરૂઆત શૂન્યથી નહીં પણ અનુભવથી થશે.' ભારત દેશનું પ્રતિનિધિત્વ કરતી રાજપીપલાની કુ. ફલક ચંદ્રકાંત વસાવાએ ચીનના હોંગકોંગ ખાતે યોજાયેલી સ્પર્ધામાં ફાઈનલ રાઉન્ડમાં છઠો ક્રમ હાંસલ કર્યો હતો. ભાગ લઈને નર્મદા જિલ્લા સહિત ગુજરાત રાજ્ય અને ભારત દેશનું ગૌરવ વિશ્વફલક પર વધાર્યુ છે. ફલક આદિવાસી સમાજનું ગૌરવ છે, જેને ફાઈનલ રાઉન્ડમાં છઠ્ઠો ક્રમ હાંસલ કર્યો હતો. નર્મદા જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાએ પણ ફલકને રમતક્ષેત્રે ઉજ્જવળ ભાવિ બનાવવા શુભેચ્છા પાઠવી હતી. ફલકે પણ સતત મહેનત કરીને મેડલ હાંસલ કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આજે ફલક રમતક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઉભી કરીને જિલ્લાના રમતવીરો માટે એક ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કરી રહી છે. ફલક ઈન્ડિવિઝ્યુઅલ વુમન ટ્રેમ્પોલિન જીમ્નાસ્ટિક અંડર ૧૪ એજ ગૃપમાં છેલ્લા બે વર્ષમાં રાજ્યકક્ષાએ બે ગોલ્ડ મેડલ, રાષ્ટ્રીય કક્ષાની ટ્રેમ્પોલિન જીમ્નાસ્ટિક સ્પર્ધામાં ગત વર્ષે સિલ્વર અને આ વર્ષે ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો.

વર્ષ ૨૦૨૩ માં ડોમ્બિવલી ખાતે યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશીપમાં પણ ચોથા ક્રમે પસંદગી પામી હતી. કેરેલાના કોઝીકુડુ ખાતે ફેબ્રુઆરી ૨૦૨૪ માં યોજાયેલી ટ્રેમ્પોલિન જીમ્નાસ્ટિક રાષ્ટ્રીયકક્ષાની ઓપન ચેમ્પિયન શીપમાં પણ ફલકે ગોલ્ડ મેડલ જીત્યો હતો.

# મહીસાગર જિલ્લાની ગોધર પશ્ચિમ આંગણવાડી કેન્દ્ર ખાતે બાલક પાલક સર્જન કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહીસાગર જિલ્લાની તમામ આંગણવાડી ખાતે બાળકોના નામાંકન વધારવા તેમજ બાળકો રેગ્યુલર હાજરી આપે તેવા ઉમદા આશય સાથે પ્રોગ્રામ ઑફિસર શ્રી દક્ષાબેનની સૂચના હેઠળ તા ૨૧ અને ૨૨ મે ના રોજ બાલક પાલક સર્જન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આંગણવાડીમાં બાળકોના નામાંકનમાં વધારો કરવા તેમજ નોંધાયેલ બાળકો આંગણવાડીમાં નિયમિત આવતા થાય તે માટે વાલીની ભાગીદારી વધારવા બાળકો અને વાલી સાથે મળીને પ્રવુતિઓ કરે તે માટે આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકો અને વા લીઓ માટે આજે બાલક પાલક સર્જન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતરામપુર ઘટક-3 ના સીડીપીઓ શ્રી જીણીબેનની આગેવાનીમાં તમામ આંગણવાડી ખાતે બાલક પાલક સર્જન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ઘટક કક્ષાનો ગોધર પશ્ચિમ આંગણવાડી કેન્દ્ર



ખાતે પાપા પગલી પ્રોજેક્ટના પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર શ્રીમતિ કોમલબેન માર્ગદર્શન હેઠળ બાળકોએ વાલીઓની હાજરીમાં બોટલના ઢાંકણ, પાંદડા, ભીંડાના ડીંટા, કાંટા ચમચી વડે છાપકામ, પેન્સિલની છોલ, લાકડાનો વેરમાંથી ચીટકકામ, છાપાના રંગીન કાગળના ટુકડા વડે કોલાજકામ, તેમજ ફૂલ પાંદડા વડે રંગકામ દોરીથી રંગકામ અને મુક્ત ચિત્ર અને રંગપુરણી, જેવી હની વિવિધ પ્રવત્તિઓ કરી હતી.

# નર્મદા જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં પોલીસ કર્મીઓને ફરજીયાત છત્રીનો ઉપયોગ કરવાની સુચના

ભરત શાહ : રાજપીપળા

અસહ્ય ગરમી વચ્ચે રસ્તા પર ફરજ બજાવતા પોલીસકર્મીઓ માટે ડી જી પી વિકાસ સહાય દ્વારા રાહતના સમાચાર આવ્યા છે. રાજ્યના પોલીસ વિભાગમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓને ગરમીમાં મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે કેટલીક જરૂરી સુચનાઓ આપવામાં આવી છે. જેમાં પોલીસ દ્વારા



પેટ્રોલિંગ દરમિયાન પાણી, છાશ તથા ORS ની વ્યવસ્થા રાખવા જણાવાયું છે. રાજ્યમાં રેડ અને ઓરેન્જ એલર્ટ દરમિયાન ટ્રાફિક કે અન્ય કામગીરી માટે પોલીસ કર્મચારીઓને બને ત્યાં સુધી વધારે સમય તડકામાં ઉભા ન રહેવા તેમજ છત્રીનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે. તે સિવાય પોલીસ કર્મચારીઓને સ્પોર્ટ્સ કેપનો ઉપયોગ કરવા મંજુરી આપવામાં આવી છે.

# પાટણ ક્લેક્ટરે ધિણોજ નજીક જર્જરીત પુલ પર ભારે વાહનો પસાર થવા પરનો પ્રતિબંધ હટાવ્યો



(એજન્સી) પાટણ । તા. 22

ધિણોજ નજીક જર્જરીત પુલ જોખમી હોઈ તેનું રીપેરીંગ કામ કરવાનું હોવાથી કલેક્ટરે ભારે વાહનો પસાર થવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડ્યું હતું. ધિણોજ નજીક પુલ જર્જરીત થયેલો હોવાથી ભારે વાહનો પસાર થાય તો મોટી હોનારત થાય તેવી દહેશત ના પગલે આ પુલ નુ રીપેરીગ કરવાની જરૂરીયાત ઉભી થતાં પાટણ ક્લેક્ટર દ્વારા ૯મી એપ્રિલ થી ૨૮ મી એપ્રિલ સુધી ભારે વાહનો પસાર થવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામૂં બહાર પાડતાં ભારે વાહનો સાથે સાથે મહેસાણા અમદાવાદ જતી એસ ટી બસો ને વડાવલી મોઢેરા રોડ પર ડાયવર્ટ કરાઈ હતી ધિણોજ નજીક પુલ જર્જરીત થતાં ભારે વાહનો માટે આ પુલ ભારે દુર્ઘટના સર્જે તેવી હાલત થઈ હતી અને આ જર્જરીત પુલ નું રીપેરીંગ કામ હાથ ધરવાનું હોવાથી પાટણ ક્લેક્ટર દ્વારા આ પુલ પરથી ભારે વાહનો પસાર થવા પર ૯મી એપ્રિલ થી ૨૮મી એપ્રિલ સુધી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડાતાં ભારે વાહનો સહિત એસ ટીં બસો વાયા વડાવલી મોટેરા થઈ પરંતુ જર્જરીત પુલ નું રીપેરીગ કામ પુરુ થતા અને પુલ પરથી ભારે વાહનો પસાર થઈ જતાં કલેક્ટર પાટણ દ્વારા ૨૧ મી મેં થી ભારે વાહનો પસાર થવા ના પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું રદ કરી ભારે વાહનો આ પુલ પરથી પસાર થવા લીલીઝંડી આપતો આદેશ કરતાં ચાણસ્મા ડેપો સહિત હારી જ પાટણ રાધનપુર ડેપો વાયા ધિણોજ મહેસાણા રોડ પર એસ ટીં બસો પુનઃ શરૂ કરાતાં મુસાફરો માં આનંદ વ્યાપી જવા પામ્યો છે.

# ભોમિયા વિના મારે ભમવા તા ડુંગરા... ડુંગર ની ખીણ ખીણ ઘુમવું હતું

ભોમિયો શબ્દ સાથે જ સમજાશે કે શબ્દ ની અંદર સૃષ્ટી નો સંપૂર્ણ ઈતિહાસ,ભૂગોળ,ગણિત અને વિજ્ઞાન ના ગુપ્ત રહસ્યો છુપાયેલા છે.આ દુનિયા માં મનુષ્ય ને જન્મ,શિક્ષણ,નોકરી,પરિવાર,અને માર્ગ વગેરે વગેરે પથ માંથી પસાર થતી વખતે ભોમિયાની આવશ્યકતા પડતી હોય છે. કંટાળા પથ પર ચાલવું અત્યંત કઠિન છે પરંતુ સાથે ભોમિયો રાખ્યો હોય તો એ પથ ને સરળ બનાવી નાખે છે.તો પ્રશ્ન એ થાય કે કોણ છે આ "ભોમિયો"? ભોમિયો એટલે પથ દર્શક.મહાભારત ના યુદ્ધ મા કૌરવો ની સેના બળ અસંખ્ય હતું ને પાંડવો નું સૈન્ય બળ ગાય ની ખરી થી પડતાં ખાડા ના આકાર જેટલું હતું છતાંય જીત પાંડવો ની થઈ. કૌરવોની ના થઈ એનું મુખ્ય કારણ એ હતું કે દુર્યોધન એના મામા શ્રી શકુની અને અંધ પિતા ના અહંકાર નું જીવતું જાગતું પરિણામ હતું. દુર્યોધન સૂતાં બેઠતા જાગતા માત્ર ને માત્ર પાંડવો નો સર્વનાશ ઈચ્છતો હતો.જની ઈચ્છા જ નબળી હોય એને નજર સામે ભોમિયા હોય તોય ક્યાંથી દેખાવવાના.એની પાસે ખુદ એના ગુરુ દ્રોણાચાર્ય,ભીષ્મ પિતામહ, કૃપાચાર્ય વગેરે જેવા બુધ્ધિમાન અને પરાક્રમી યોધ્ધા હોવા છતાંય અભિમાન અને દંભ ના લીધે વીર પરાક્રમી વડીલો ને ભોમિયા બનાવવાના બદલે સેનાપતિ બનાવ્યા હતા. ભગવાન શ્રી કૃષ્ણ એ યુદ્ધ મા હથિયાર ઉઠાવીશ નહિ એવી પ્રતિજ્ઞા લીધી હતી છતાંય યુદ્ધ ભૂમિ માં ભીષ્મ પિતામહ સામે હથિયાર લઈને દોડ્યા હતા.ભીષ્મ પિતામહ ના અસંખ્ય બાણ અર્જુન તરફ આવતા પોતે ખાધા,એમાંનું એક બાણ સહેજ અર્જુન ના હાથ ને માત્ર સ્પર્શ કર્યું હતું. અર્જુન ના હાથ માં લોહી નિહાળતા જ ગુસ્સે થઈને ભગવાન શ્રી કૃષ્ણ રથ માંથી ઉતરી ને અન્ય રથ નું પૈડું હાથ માં પકડી ભીષ્મ પિતામહ ને મારવા દોડ્યા હતા પરંતુ માર્યું નહિ..કેમ? ભગવાન તો મહાભારત ના યુદ્ધ મા અર્જુનના ભોમિયા હતા તોય . વિદ્વાનો નું માનવું છે કે એ સમયે ભગવાન નું કાળ સ્વરૂપે પ્રગટ થયા હતા. કાળ એ બ્રાહ્મણ છે ને બ્રાહ્મણ ઉત્તરીય પહેરી ને જ ભોજન ગ્રહણ કરે છે.ભગવાન ગુસ્સા મા ભીષ્મ પિતામહ તરફ દોડ્યા ત્યારે એનું ઉત્તરીય હવા માં ઉડી ગયું હતું. ભગવાન પાંડવો ના ભોમિયા હતા એટલે મહાભારત મા જીત પાંડવોની થઈ. જેનું મૂળ જ ઈર્ષા અને વેરઝેર ની વિષવેલ થી ઘટા બંધ વૃક્ષ ના રૂપે ફૂલ્યું ફાલ્યું હોય ત્યાં "ભોમિયા" નથી હોતા એ વૃક્ષ નાનકડી હવાની થપાટથી પણ પડી ને પાદર થતું હોય છે. હસ્તિનાપુર ની સભામાં અક્રૂરજી એ ધૃતરાષ્ટ્ર ને ભોમિયા બની સાચું પથ દર્શક કરવા આવ્યા ને પૂછ્યું હતું કે રાજન,તમે અનાથ પાંડુ પુત્ર સાથે ભેદભાવ કેમ કરો છો? ભાઈના બાળકો એ તમારા પુત્ર સમાન સમજો.તમે જે કરો છો એ પૃથ્વી પરનું મોટા માં મોટુ પાપ છે. ત્યારે ધૃતરાષ્ટ્ર એ મંદ સ્મિત કરતા કહ્યું હતું કે અક્રૂરજી,તમારા મુખ માંથી નીકળતી અસ્ખલિત ધર્મ સભર વાણી સાંભળતા મન તૃપ્ત થાય છે પરંતુ એને માનવું મારા માટે અશક્ય છે એનું મુખ્ય કારણ "હું પુત્ર મોહ " માં બંધાઈ ચૂક્યો છું સાચું ખોટું કશુંય જાણતો નથી ને જાણવા માંગતો પણ નથી.મૃત્યુ બાદ શું? કોણ જાણે છે ને કોણ જાણ્યું છે? મારી આંખ અંધ છે એજ રીતે મારું મન પુત્ર મોહ માં અંધ છે.તમે મારા જીવન ના સાચા પથ દર્શક બની આવ્યા છો પણ મારા મન ને ભોમિયા ની આવશ્યકતા નથી..માફ કરજો તમારી વાત મારા સુધી પોહચવી અશક્ય છે.



ભોમિયો

- રુપાલી દવે

મનુષ્ય ના જીવન માં પ્રથમ પથ દર્શક એ માતાપિતા ને માનવા માં આવ્યા છે. મોટાભાગ ની બિઝનેસ, ફિલ્મી દુનિયા વગેરે ની સફળ વ્યક્તિ ની જીવન કથની નું નિરીક્ષણ કરશો તો સમજાશે કે એની સાચી સફળતા ના અસલી હકદાર એના માતા પિતા છે.જે બાળક બાળપણ થી જ એના માતાપિતા નું માન સન્માન સાચવી ને નિયમિત એને પગે લાગે છે એના પર ભગવાન ના સીધા આશીર્વાદ પડે છે. જેણે જન્મ આપ્યો છે એ માં બાળક ની ઈચ્છા અનિચ્છા સ્વભાવ વગેરે વિશે ની ખબર એના જન્મ પહેલા હોય છે. વાસ્તવિકતા તો એ છે કે માં એના બાળક ને સાચું માર્ગદર્શન કરી શકે છે પરંતુ ઓછા બાળકો યુવાન થતાં માતા પિતા ને સરખી રીતે માનસન્માન આપતા હોય છે. પિતા એ બાળકો ની સાચી જમાં પુંજી સમજો.એની આંખ માં અનુભવ નો સમુદ્ર અને પ્રેમ ની ભાષા હોય છે.એ જે માર્ગદર્શન આપશે એ પુત્ર હિત માં વધારે હોય છે.એટલુ વિચારો કે એણે તમને જન્મ આપ્યા બાદ અનેક કઠણાઈ પીડા સહન કરીને આગળ વધારવાની શું જરૂરત હતી? છતાંય તમારી પ્રગતિ માટે ઓફિસમાં ઓવર ટાઈમ કરી કરીને નિશ્ચિત સ્થાન અપાવ્યું. મહેનત ના રૂપિયા તમારા લગન માં ખર્ચી ને તમારો સુખી સંસાર બને એના સ્વપ્ના પણ જોયા. ચાણક્ય એ લખ્યું છે કે પથ દર્શક એને માનવો જોઈએ કે જેને પથ નો અભ્યાસ હોય.રાજા ધનાનંદ ના દરબાર માં ચાણક્યનું અપમાન થયું ત્યારે ચાણક્ય એ એની ચોંટીની ગાઠ છોડી ને ઊંચા અવાજે કહ્યું કે રાજન, તે બ્રાહ્મણ નું અપમાન કર્યું છે બ્રાહ્મણ નું અપમાન મતલબ ભગવાન નો દ્રોહ,સમગ્ર મનુષ્ય જાતિ નો સાચો પથ દર્શક બ્રાહ્મણ છે.બ્રાહ્મણ એની તાકાતથી રાજગાદી અપાવી શકે છે ને ભલભલા રાજા ને રાજ ગાદીએ થી ઉતારી પણ શકે છે.હું વિષ્ણુ ગુપ્ત પ્રતિજ્ઞા લઉં છું કે આજ થી તારા પતનના દિવસો શરૂ થઈ ગયા છે ને તારી રાજગાદી પર નવો રાજા હું નક્કી કરીશ.જે રાજા એના સાચા પથ દર્શક ને ઓળખી શકતો નથી એનું પતન નિશ્ચિત હોય છે. વિષ્ણુગુપ્ત ચાણક્ય એ રાજા ધનાનંદ ની સભા માંથી નીકળતા હતા ત્યાં એની નજર દાસી ના પુત્ર બિંદુ સાર પર પડતાં દાસી પુત્ર ના મુખના ચળકાટ પરથી સમજી ગયા કે રાજા ધનાનંદ ના પડકાર સામેનો જવાબ. દાસી પુત્ર બિંદુ સાર ના સાચા પથ દર્શક બની ને યોગ્ય સફળતા નો એવો માર્ગ ચીંધ્યો કે અમુક દિવસો બાદ મગધ ની રાજગાદી પર બિંદુસાર નો રાજ્ય ભિષેક થયો ને એ પછી એ પથ દર્શક ચાણક્ય ના માર્ગદર્શન દ્વારા ચક્રવતી રાજા બન્યા હતા.. સમ્રાટ અશોક ના પણ પથ દર્શક ચાણક્ય હતા,ચાણક્ય એ બિંદુસાર ના મૃત્યુ બાદ મગધ ના રાજકારણ માં બદલવા આવવા છતાંય અશોક ને રાજા બનાવવા અંત સુધી સંઘર્ષ કર્યો હતો..

એવું નથી જીવન ના સંસાર ચક્ર ને સુખ રૂપ પસાર કરવા માટે મનુષ્યના રૂપ માં "ભોમિયો" મળશે.ગુરુ દત્તાત્રેય એ એના જીવન માં ૨૪ ગુરુઓ બનાવ્યા હતા એ એનું જીવન કરોળિયો,સાપ,કુંવારી કન્યા, વાદળ, પવન, અજગર,પિંગલા વેષ્યા,નદી,તળાવ વગેરે વગેરે ને પથ દર્શક બનાવ્યા હતા..જો ભોમિયો ના સાથે હોય તો જીવન ના વિષ ચક્ર માં ફસાઈ જવાનું જોખમ સતત રહિયા કરે છે માટે "ભોમિયો" તો જરૂરી છે. સાચું ને.



# 5 મિનિટ ચહેરા પર આ વસ્તુ લગાવી જુઓ, પહેલીવારમાં જ કાંચની જેમ ચમકી ઉઠશે ગાલ

ગાલની ત્વચાને ચમકદાર બનાવવા માટે તમે આ નેચરલ વસ્તુઓની મદદ લઈ શકો છો, જેથી સ્કિન હાઈડ્રેટેડ દેખાય.



**Korean Beauty Hacks:** ત્વચાની સંભાળ રાખવા માટે તમને માર્કેટમાં ઘણી બધી પ્રોડક્ટ્સ સરળતાથી મળી જશે, પરંતુ ઘરેલુ વસ્તુઓથી વધારે અસરકારક અને નેચરલ વસ્તુઓ ભાગ્યે જ તમને જોવા મળશે. બદલાતા બ્યુટી ટ્રેન્ડમાં આજકાલ કોરિયન બ્યુટી પ્રોડક્ટ્સને ખૂબ જ વધુ પસંદ કરવામાં આવી રહી છે. ગાલની ત્વચાને ચમકદાર બનાવવા માટે તમે આ નેચરલ વસ્તુઓની મદદ લઈ શકો છો, જેથી સ્કિન હાઈડ્રેટેડ દેખાય. તો ચાલો આજે અમે તમને જણાવીશું ગાલની ત્વચાને નેચરલ રીતે ચમકદાર બનાવવા માટેના ઘરેલું ઉપાયો અને તે વસ્તુઓને ગાલ પર ઉપયોગ કરવાના ફાયદા...

**કેવી રીતે ઉપયોગ કરવો?** ■ સૌથી પહેલા એક બાઉલમાં 2 ચમચી મુલતાની માટ્ટીમાં 2થી 3 ચમચી ગુલાબજળ મિક્સ કરો. ■ આ બંનેને સારી રીતે મિક્સ કરી લો અને ગાલ પર લગાવી લો. ■ 20 મિનિટ સુધી તેને ગાલ પર રહેવા દો. ■ કોટન અને પાણીની મદદથી ચહેરાની ત્વચાને સાફ કરી લો. ■ તમે અઠવાડિયામાં 3 વખત તેને ચહેરા પર લગાવી શકો છો. ■ સતત આ વસ્તુઓને ગાલ પર લગાવવાથી સ્કિન હેલ્ધી દેખાશે.

**ફાયદા:** મુલતાની માટીમાં હાજર એન્ટીઓક્સીડેન્ટ તત્વો ત્વચા પર હાજર ટેનિંગને દૂર કરવામાં મદદ કરે છે. તેમાં રહેલા તત્વો ચહેરાની ત્વચા પરના પિમ્પલ્સના ડાઘને ઘટાડવામાં મદદ કરે છે. ત્વચાને ડીપ ક્લીન કરવા માટે મુલતાની માટી ખૂબ અસરકારક સાબિત થાય છે. તે ત્વચાના Ph લેવલને જાળવી રાખવામાં મદદ કરે છે. ડાર્ક સ્પોટ્ર્સ ઘટાડવામાં મદદરુપ સાબિત થાય છે. સ્કિનના પાર્સને સાફ કરીને તેને મિનિમાઈઝ કરવાનું કામ કરે છે.

# મોજાની દુર્ગંધથી નીચું નહીં જોવું પડે, ઘરેથી નીકળતા ફોલો કરો ટિપ્સ

ગરમીમાં પરસેવા અને બેક્ટેરિયાને કારણે મોજામાંથી દુર્ગંધ આવવા લાગે છે, પરંતુ ઘરેલું ટ્રિક્સની મદદથી તમે આ સમસ્યામાંથી સરળતાથી છુટકારો મેળવી શકો છો. જાણો આ ટ્રિક્સ વિશે, જેની મદદથી તમે સરળતાથી મોજાં પહેરી શકો છો અને દુર્ગંધ પણ આવતી નથી.



### ■ પાવડરનો કરો ઉપયોગ

તમને પરસેવો વધારે થાય છે તો તમે મોજાં પહેરો એ પહેલા પાઉડર લગાવો. પાઉડર પરસેવાને શોષી લે છે. જેના કારણે વાસ આવતી નથી. આ સિમ્પલ ટ્રિક તમને દિવસભર આરામ આપવાનું કામ કરે છે. આ તમારા પગને ચોખ્ખા રાખવાનું કામ કરે છે.

### ■ યોગ્ય મોજાં પસંદ કરો

ગરમીમાં ખાસ કરીને કોટનના મોજાં પહેરો. કારણ કે કોટનના મોજાં પરસેવો શોષી લે છે. આ સાથે તમે લાઈટ કલરનાં મોજાં પહેરો. ખાસ કરીને વ્હાઈટ એકદમ પરફેક્ટ છે. આમ કરવાથી વાસ આપોઆપ ઓછી થઈ જશે.

### ■ પરફ્યૂમનો ઉપયોગ કરો

તમારા પગમાં પરસેવો વધારે થાય છે અને પછી મોજાં પહેરો ત્યારે આ સમસ્યા વધી જાય છે તો તમારા માટે પરફ્યૂમ એક બેસ્ટ ઓપ્શન છે. પરફ્યૂમ પરસેવાની વાસને દૂર કરવાનું કામ કરે છે. પરફ્યૂમની સુંગંધ તમને ફ્રેશ ફિલ કરાવે છે.

### ■ યોગ્ય જૂતાની પસંદગી કરો

પરસેવો વધારે થાય છે અને મોજામાંથી વાસ વધારે આવે છે, તો તમે યોગ્ય જૂતાંની પસંદગી કરો. ખાસ કરીને ગરમીમાં એવા ચંપલ પહેરો જે ખુલ્લા રહે અને વધારે ફીટ ના હોય. હવાની અવર-જવર પ્રોપર થાય.

# ડાઘ-ધબ્બા ગાયબ થવા સાથે જ ચહેરો ચમકી ઉઠશે, બસ અપનાવો આ ઘરગથ્થુ નુસખો...

**Brinjal Face Pack:** ત્વચા પર રહેલા ડાઘ આપણી સુંદરતા પર ખૂબ અસર કરે છે. ઘણા કારણોસર ત્વચા પર ડાઘ અને ફોલ્લીઓ આવી શકે છે. કેટલાક લોકોને ડાઘ અને ફોલ્લીઓની સાથે-સાથે કરચલીનો પણ સામનો કરવો પડે છે.
કરચલીની સમસ્યા એવા લોકોને થાય છે જેઓ તડકામાં વધુ ફરે છે. આવી સ્થિતિમાં ઉનાળાની ઋતુમાં કરચલી આવવાનું જોખમ વધારે રહે છે. આજે અમે તમને એવા એક ઘરેલુ ઉપાય વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જે તમારી આ તમામ મુશ્કેલીઓને દૂર કરી શકે છે. ચાલો જાણી લો તેના વિશે



## બનાવવાની રીત

આ માટે સૌથી પહેલા રીંગણનો પલ્પ તૈયાર કરો.
હવે તેમાં બે ચમચી એલોવેરા જેલ મિક્સ કરીને તમારા ચહેરા પર લગાવો.
15 મિનિટ પછી ચહેરાને નવસેકા પાણીથી ધોઈ લો.

## ફાયદા

રીંગણ ફ્રીકલ્સની સમસ્યાને દૂર કરવા માટે ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે.
રીંગણમાં વિટામિન સી અને વિટામિન ઈ ભરપૂર માત્રામાં હોય છે, જે તમારી ત્વચાને નુકસાનકારક કિરણોથી બચાવે છે.
સૂર્યની ખતરનાક કિરણો ફ્રીકલ્સની સમસ્યાનું કારણ બને છે.
રીંગણના ઉપયોગથી ત્વચા પરથી ડાઘ અને ફોલ્લીઓ પણ દૂર થઈ શકે છે.

# RAW GINGER BENEFITS: કાચું આદુ ખાવાથી ઘણા જબરદસ્ત સ્વાસ્થ્ય લાભ થાય છે



**કાચું આદુના ફાયદા:** ભારતીય ઘરોમાં આદુનો ઉપયોગ ઘણી રીતે થાય છે. કેટલાક આદુની ચા પીવે છે, જ્યારે કેટલાક આદુનો ઉપયોગ ભોજનનો સ્વાદ વધારવા માટે કરે છે. તમને જણાવી દઈએ કે આદુ ઔષધીય ગુણોથી ભરપૂર છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ અને એન્ટી-ઈન્ફ્લેમેટરી ગુણ જોવા મળે છે. જે શરીરને ઘણી બીમારીઓથી બચાવે છે. આદુ ખાવાથી ઘણા સ્વાસ્થ્ય લાભ થાય છે. આદુ વજન ઘટાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત આદુ ખાવાથી શરદી અને સંધિવા જેવી બીમારીઓથી પણ રાહત મળે છે. જો કે, આદુને માત્ર ખોરાક સાથે જ નહીં પણ કાચી પણ ખાઈ શકાય છે. આવો જાણીએ કાચું આદુ ખાવાના ફાયદા-

## ■ કાચું આદુ ખાવાના ફાયદા

### પાચન માટે ફાયદાકારક

કાચું આદુ સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. જો તમે કાચું આદુ ખાશો તો તે પાચન સંબંધી સમસ્યાઓ દૂર કરશે. કાચું આદુ ખાવાથી પેટ સ્વસ્થ રહે છે. તેનાથી કબજિયાત, અપચો અને ગેસ જેવી સમસ્યાઓથી રાહત મળે છે.

### મુક્ત રેડિકલથી છુટકારો મેળવો

કાચું આદુ એન્ટીઓક્સીડેન્ટથી ભરપૂર હોય છે. તે શરીર અને ત્વચાને મુક્ત રેડિકલથી બચાવે છે. તે હૃદય અને કેન્સરની બીમારીઓનું જોખમ ઘટાડે છે. ગંભીર રોગોથી બચવા માટે તમે તમારા આહારમાં કાચા આદુનો સમાવેશ કરી શકો છો.

### બ્લડ સુગરને નિયંત્રિત કરે છે

ડાયાબિટીસના દર્દીઓ માટે આદુ ખૂબ જ ફાયદાકારક છે. તેનાથી બ્લડ શુગર લેવલ કંટ્રોલમાં રહે છે. આ ઉપરાંત, તે હૃદયની બીમારીઓનું જોખમ પણ ઘટાડે છે. ડાયાબિટીસ અને હૃદયની બીમારીઓથી બચવા માટે તમે ઓછી માત્રામાં આદુનું સેવન કરી શકો છો. જો કે, ઉનાળાની ઋતુમાં આદુનું સેવન કરવાથી બચી શકાય છે.

### શરદી અને ઉધરસ થી રાહત

આદુ શરદી અને ઉધરસમાં રાહત આપે છે. જો તમે શરદી કે ઉધરસ જેવી સમસ્યાનો સામનો કરી રહ્યા છો, તો તમે તમારા આહારમાં આદુનો સમાવેશ કરી શકો છો. આદુ શ્વસનતંત્ર સાથે જોડાયેલી આ સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. તમે આદુનો રસ મધ સાથે મિક્સ કરીને લઈ શકો છો. અથવા તમે તમારા મોંમાં આદુનો ટુકડો મૂકીને તેને ચાવી શકો છો. તેનાથી પણ તમને ઘણી રાહત મળશે.

### પીરિયડ્સના દુખાવાથી રાહત આપે છે

આદુ પીરિયડ્સના દુખાવામાં રાહત આપી શકે છે. વાસ્તવમાં, આદુમાં જીંજરોલ નામનું કમ્પાઉન્ડ જોવા મળે છે, જે પેટના દુખાવા અને જકડાઈ જવા જેવી સમસ્યાઓથી રાહત આપે છે. તેથી, પીરિયડ્સ દરમિયાન, તમે પેઈન કિલરને બદલે આદુનું સેવન કરી શકો છો. તેનાથી તમને ઘણી રાહત મળશે. તમે કાચું આદુ ચાવી શકો છો આદુની ચાનું સેવન કરી શકો છો.

# ગ્લોઈંગ સ્કિન મેળવવા માટે આ રીતે ઘરે જ બનાવો નેચરલ ટોનર, ત્વચા નિખરી ઉઠશે...!




Natural Face Toner For Summer In Gujarati: ઉનાળામાં સ્કિનનું ખાસ ધ્યાન રાખવું પડે છે. તડકા અને પરસેવાના કારણે સ્કિન સંબંધિત સમસ્યાઓ વધી જાય છે. સ્કિનને હેલ્ધી રાખવા માટે ટોનરનો ઉપયોગ જરૂરી માનવામાં આવે છે. ટોનર ત્વચા પર હાજર ગંદકી, એક્સ્ટ્રા ઓઈલ અને મેકઅપના નિશાનને દૂર કરવામાં મદદ કરે છે. તે સ્કિનના કુદરતી pH સંતુલનને જાળવી રાખે છે અને સ્કિનને હાઈડ્રેટેડ રાખવામાં મદદ કરે છે.
ચહેરા પર ટોનર લગાવવાથી ત્વચા પરના ઓપન પોર્સ ઘટી જાય છે, જેનાથી સ્કિન મુલાયમ બને છે. આમ તો તમને માર્કેટમાં ઘણા પ્રકારના ફેસ ટોનર મળી જશે. પરંતુ તેમાં આલ્કોહોલનો ઉપયોગ કરવામાં આવે છે, જે તમારી સ્કિનને ઈરિટેટ કરી શકે છે. આવી સ્થિતિમાં જો તમે ઈચ્છો તો ઘરે જ કેટલાક નેચરલ ટોનર બનાવીને ઉપયોગ કરી શકો છો. તેના ઉપયોગથી સ્કિનને કોઈ સાઈડ ઈફેક્ટ નહીં થાય અને સ્કિનમાં નિખાર પણ આવશે. આજે આ લેખમાં અમે તમને ઉનાળા માટે 3 નેચરલ હોમમેઈડ સ્કિન ટોનર વિશે જણાવી રહ્યા છીએ, જેનો તમે ઉનાળામાં તમારી સેન્સેટિવ સ્કિન પર સરળતાથી ઉપયોગ કરી શકો છો
ઉનાળાની ઋતુમાં તમે તમારી સેન્સેટિવ સ્કિન માટે ગુલાબજળ અને ગ્લિસરીનની મદદથી ટોનર બનાવી શકો છો. ગુલાબ જળ તમારી સ્કિનને ઠંડક આપે છે, ગ્લિસરીન સ્કિનની નમી જાળવી રાખવામાં મદદ કરે છે.

**ઉપયોગ કરવાની રીત:** સૌથી પહેલા એક બાઉલમાં ગુલાબજળ, ગ્લિસરીન અને એસેન્શિયલ ઓઈલ નાખીને બરાબર મિક્સ કરી લો. હવે તમે તેને એક સ્વચ્છ બોટલમાં ભરીને સ્ટોર કરો. દરેક વખતે ઉપયોગ કરતાં પહેલા સારી રીતે હલાવો અને કોટન પેડની મદદથી ચહેરા પર લગાવો.

## કાકડીમાંથી બનાવો ટોનર

ઉનાળામાં સેન્સેટિવ સ્કિન માટે કાકડીની મદદથી ટોનર બનાવવું એ ચોક્કસપણે એક સારો વિચાર છે. તે ખૂબ જ હાઈડ્રેટિંગ છે અને તમારી સ્કિનને કૂલિંગનો અહેસાસ કરાવે છે.

## એલોવેરા જેલની મદદથી બનાવો ટોનર

જો તમારી સ્કિન સેન્સેટિવ છે, તો એલોવેરા તમારી સ્કિન પર ખૂબ જ સારી રીતે કામ કરે છે. એન્ટી-ઓક્સિડન્ટ્સથી ભરપૂર એલોવેરા ટોનર માત્ર તમારી સ્કિનને હાઈડ્રેટ જ નથી કરતું, પરંતુ તેને ઠંડક પણ આપે છે. ઉનાળામાં સ્કિનમાં થતી બળતરાને શાંત કરવા માટે એલોવેરાનો ઉપયોગ કરવામાં આવે છે.

# પેટના દુખાવાને મટાડશે આમલીનું પાણી : કેવી રીતે કરવું તૈયાર

ઘણા લોકોને અપચાના કારણે વારંવાર પેટનો દુખાવો રહેતો હોય છે. ખાવા પીવામાં કંઈ પણ ફેરફાર થઈ જાય તો પેટમાં દુખાવો થવા લાગે છે. ઘણી વખત પેટનો દુખાવો એટલો વધારે હોય કે લોકો દવા ખાઈને રાહત મેળવી લેતા હોય છે. પરંતુ જો તમારે પેટના દુખાવામાં દવા ન ખાવી હોય તો ખાટી આમલી દવા જેવું કામ કરી શકે છે. જાણીને નવાઈ લાગશે પરંતુ ખાટી આમલી પેટના દુખાવામાં દવા જેવું કામ કરી શકે છે. ખાટી આમલી વિટામિન ઈ, વિટામિન સી, કેલ્શિયમ, પોટેશિયમ, આયરન સહિતના પોષક તત્વોથી ભરપૂર હોય છે. આમલી દરેક ઘરના રસોડામાં સરળતાથી ઉપલબ્ધ હોય છે. આમલીનો ઉપયોગ રસોઈમાં પણ કરવામાં આવે છે. આ આમલીનો એક ઘરેલુ નુસખો આજે તમને જણાવીએ. આ નુસખો અજમાવશો તો પેટનો દુખાવો ગણતરીની મિનિટોમાં જ દૂર થઈ જશે. પેટનો દુખાવો હોય, અપચો હોય, ગેસ થયો હોય કે એસીડીટી હોય તેનાથી છુટકારો મેળવવો હોય તો આ રીતે આમલીનું પાણી તૈયાર કરી લેવું. આ રીતે તૈયાર કરેલું આમલીનું પાણી પીવાથી ગણતરીની મિનિટોમાં જ પેટ સંબંધિત આ સમસ્યાઓ દૂર થઈ જાય છે.



## આમલીનું પાણી બનાવવાની રીત


જો પેટનો દુખાવો અસહ્ય હોય તો એક ગ્લાસ હુંફાળા પાણીમાં એક ચમચી આંબલીની છાલનો પાવડર, સિંધવ મીઠું અને એક ચમચી મધ ઉમેરી મિક્સ કરો. હવે આ મિશ્રણનું સેવન કરો. આ પાણી પીધા પછી થોડી મિનિટ સુધી કંઈ પણ ખાવું કે પીવું નહીં. થોડી જ વારમાં પેટનો દુખાવો મટી જશે. ઘણી વખત પેટના દુખાવાની સાથે ઝાડાની સમસ્યા પણ થઈ જાય છે. આ તકલીફમાં પણ આમલીનો ઉપયોગ કરી શકાય છે. તેના માટે 100 ગ્રામ આમલીના પાનને બે ગ્લાસ પાણીમાં ઉકાળો. પાણી એક ગ્લાસ જેટલું બચે એટલે ગેસ બંધ કરી તેને ગાળી લો આ પાણી હુંફાળું ગરમ હોય ત્યારે પી લેવું. ગેસ થયો હોય તો આમલીના ઝાડની છાલનો પાવડર બે ચમચી લેવો અને તેમાં થોડા કાળા મરી મિક્સ કરી દેવા. હવે આ મિશ્રણને છાશમાં ઉમેરીને પી લેવું. તેનાથી પણ પેટની સમસ્યા મટે છે.

# વાસી મોઢે પાણી પીવાના આ ફાયદા વિશે જાણશો તો સવારે જાગીને મોબાઈલ નહીં પાણીનો ગ્લાસ હાથમાં લેશો

સ્વસ્થ રહેવું હોય તો દિવસમાં 10 થી 12 ગ્લાસ પાણી પીવાની સલાહ આપવામાં આવે છે. પાણી પીવાની સાથે પાણી ક્યારે પીવું અને કેટલું પીવું તે પણ મહત્વનું હોય છે. પાણી પીવાને લઈને લોકોની અલગ અલગ આદતો હોય છે. ઘણા લોકો સવારે જાગીને બ્રશ કર્યા વિના વાસી મોઢે પાણી પીવાનું પસંદ કરે છે. પાણી પીવાની આ આદતને લઈને લોકોના મનમાં પ્રશ્નો હોય છે. ઘણા લોકોને આ આદત સારી નથી લાગતી. તો કેટલાક લોકોને લાગે છે કે વાસી મોઢે પાણી પીવાથી નુકસાન થાય છે. તો ચાલો આજે આ શંકાનું સમાધાન કરવા જણાવીએ કે સવારે વાસી મોઢે પાણી પીવાથી શરીરને કેટલા ફાયદા થાય છે.

## બ્રશ કર્યા વિના પાણી પીવાથી થતા ફાયદા

- સવારે જાગીને બ્રશ કર્યા વિના જ પાણી પીવાથી શરીર હાઈડ્રેટ થઈ જાય છે. તેના કારણે પેટ સંબંધિત સમસ્યાઓ ઘટી જાય છે. વાસી મોઢે પાણી પીવાથી સ્કીન પર સૌથી વધારે સારી અસર થાય છે.
- સ્વાસ્થ્ય નિષ્ણાંતો જણાવે છે કે બ્રશ કર્યા પહેલા એક ગ્લાસ પાણી પી લેવાથી ડાયજેશન સિસ્ટમ મજબૂત થાય છે. તેનાથી ઘણી બધી બીમારીઓ દવા વિના જ મટવા લાગે છે.
- બ્રશ કર્યા વિના વાસી મોઢે પાણી પીવાથી ઈમ્યુનિટી સ્ટ્રોંગ થાય છે. જો તમે રોજ એક ગ્લાસ પાણી સવારે જાગીને પીવો છો તો તેનાથી શરદી, ઉધરસ જેવી બીમારીઓથી બચાવ થાય છે.
- સવારે જાગીને વાસી મોઢે બે થી ત્રણ ગ્લાસ પાણી પી લેવાથી સ્કીન અને વાળ પર ખૂબ જ સારી અસર થાય છે. તેનાથી વાળ અને સ્કીનની ચમક વધે છે અને ઓવરઓલ હેલ્થ પણ સુધરે છે.
- હાઈ બ્લડ પ્રેશર અને ડાયાબિટીસના દર્દીઓએ આ આદત તુરંત જ અપનાવી જોઈએ. જો આ બીમારીઓમાં સવારે વાસી મોઢે પાણી પીવામાં આવે તો બંને સમસ્યા કંટ્રોલમાં રહે છે.
- જે લોકોને મોંમાંથી દુર્ગંધ આવવાની સમસ્યા હોય તેમણે પણ સવારે જાગીને હૂંફાળું પાણી પીવું જોઈએ. રાત્રે સૂતી વખતે મોઢામાં લાળ બનતી નથી જેના કારણે બેક્ટેરિયા વધે છે અને વાસ આવે છે. તેવામાં જો સવારે હુંફાળું પાણી પીવામાં આવે તો આ સમસ્યા સમાપ્ત થઈ જાય છે.




### અભિષેક-અજય તુરંત જ હોસ્પિટલ લઈ ગયા હતા, ભાંગેલા પગને જોઈને મણિરત્મનને હાર્ટ એટેક આવ્યો...

# યુવા ફિલ્મના શૂટિંગ દરમિયાન વિવેકનો થયો હતો અકસ્માત

2004માં આવેલી ફિલ્મ 'યુવા'માં વિવેક ઓબેરોય, અજય દેવગન, અભિષેક બચ્ચન સાથે જોવા મળ્યો હતો. હાલમાં જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન વિવેકે જણાવ્યું હતું કે 'યુવા' ફિલ્મના શૂટિંગ દરમિયાન તેનો બાઈક અકસ્માત થયો હતો. અકસ્માતમાં તેનો પગ ભાંગી ગયો હતો, જેને જોઈને ફિલ્મના નિર્દેશક મણિરત્નમને હાર્ટ એટેક આવ્યો હતો.

હાલમાં ઝૂમને આપેલા એક ઈન્ટરવ્યૂમાં વિવેક ઓબેરોયે ફિલ્મ 'યુવા'ના શૂટિંગની વાત કહી હતી. તેમણે કહ્યું કે એક ભયાનક મોટરસાઈકલ અકસ્માત પછી સાંજ એકદમ મજેદાર દિવસમાંથી પીડામાં ફેરવાઈ ગઈ હતી. અકસ્માતમાં મારો પગ ત્રણ જગ્યાએ ભાંગ્યો હતો. મને યાદ છે કે મારા મોટા ભાઈ અજય દેવગન અને મારા મિત્ર અભિષેક બચ્ચને મને ઉપાડ્યો અને હોસ્પિટલ લઈ ગયા. પગ ભાંગી ગયો હતો અને બધે લોહી વહી રહ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે,મને પાછળથી ખબર પડી કે મણિ અન્ના (નિર્દેશક મણિરત્નમ)ને મારો અકસ્માત જોઈને હાર્ટ એટેક આવ્યો હતો. જ્યારે હું અને મણિરત્નમ હોસ્પિટલમાં સાજા થતા હતા ત્યારે અજય અને અભિષેક મારી સાથે હતા, તેઓ મજાક કરીને મારી આશાઓ વધારતા હતા.



## સાજા થવામાં 4 મહિના લાગ્યા


વિવેક ઓબેરોયે જણાવ્યું કે અકસ્માતમાં પગ ભાંગ્યા બાદ તેમને સાજા થવામાં લગભગ 4 મહિનાનો સમય લાગ્યો હતો. સ્વસ્થ થયા પછી તે સેટ પર પરત ફર્યો અને 'ફના' અને 'અંજાના અંજાની' ગીતોનું શૂટિંગ કર્યું. જ્યારે તે સમયે તેનો પગ ઠીક થઈ રહ્યો હતો.

અત્રે ઉલ્લખેનીય છે કે, 21 મે 2004ના રોજ રિલીઝ થયેલી ફિલ્મ 'યુવા' ઘણી હિટ રહી હતી. આ ફિલ્મને 50મા ફિલ્મફેર એવોર્ડ્સમાં 7 નોમિનેશન મળ્યા હતા, જેમાંથી ફિલ્મે 6 કેટેગરીમાં એવોર્ડ જીત્યા હતા. વિવેક ઓબેરોયને આ ફિલ્મ માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો સ્ટારડસ્ટ એવોર્ડ મળ્યો હતો.

**હાલમાં ઝૂમને આપેલા એક ઈન્ટરવ્યૂમાં વિવેક ઓબેરોયે ફિલ્મ 'યુવા'ના શૂટિંગની વાત કહી હતી. તેમણે કહ્યું કે એક ભયાનક મોટરસાઈકલ અકસ્માત પછી સાંજ એકદમ મજેદાર દિવસમાંથી પીડામાં ફેરવાઈ ગઈ હતી.**

# આલિયાએ શેર કરી ક્રિપ્ટિક પોસ્ટ, કહ્યું- કોઈ તર્ક નથી

### વોટ આપવા ન આવી હતી એક્ટ્રેસ, સોશિયલ મીડિયા પર નાગરિકતાની ચર્ચાએ પકડ્યું હતું જોર




ગત સોમવારે મુંબઈમાં યોજાયેલી લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કાના મતદાનમાં અમિતાભ બચ્ચનથી લઈને શાહરુખ ખાને મતદાન કરીને લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી. ઘણા કલાકારોએ તેમના કામના કમિટમેન્ટ વચ્ચે મતદાન કરવા માટે સમય કાઢ્યો હતો અને પ્રેગ્નેન્સીમાં પણ સમય કાઢીને વોટિંગ કર્યું હતું.

એક્ટર રણબીર કપૂરે પણ નીતિશ તિવારીની ફિલ્મ 'રામાયણ'ના શૂટિંગમાંથી સમય કાઢીને પોતાનો મત આપ્યો હતો. જોકે, આ દરમિયાન તેની પત્ની આલિયા ભટ્ટ ન તો તેની સાથે હતી અને ન તો તે પછીથી વોટ આપવા આવી હતી.

આ સાથે જ આલિયાની નાગરિકતા અંગે સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ હતી. જેઓ નથી જાણતા, અમે તમને જણાવી દઈએ કે આલિયા પાસે ભારતીય નાગરિકતા નથી પરંતુ તેની પાસે બ્રિટિશ નાગરિકતા છે.

આ ચર્ચા વચ્ચે એક્ટ્રેસે સોશિયલ મીડિયા પર એક ક્રિપ્ટિક પોસ્ટ શેર કરી છે. તેમણે એક વાર્તા શેર કરી જેમાં લખ્યું હતું - ' પ્રેમ, એવી કોઈ દલીલ નથી, ભલે ગમે તેટલી મજબૂત હોય, જે આ શબ્દ પ્રેમને હરાવી શકે. ★The GoodWord.'

અગાઉ ગેલ ગેડોટ અભિનીત તેની પ્રથમ હોલિવૂડ ફિલ્મ 'હાર્ટ ઓફ સ્ટોન'ના પ્રમોશન દરમિયાન આલિયાએ ખુલાસો કર્યો હતો કે તે બ્રિટિશ નાગરિક છે.એક્ટ્રેસે કહ્યું હતું કે તેની માતાનો જન્મ બર્મિંગહામમાં થયો હતો, પરંતુ તે પોતે ભારતમાં જન્મી અને ઉછરી છે.

આ પહેલાં આલિયાની માતા સોની રાઝદાને પણ ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યૂમાં આ વિશે વાત કરી હતી.

તેમણે કહ્યું હતું- 'મારો જન્મ યુકેમાં થયો હતો, પરંતુ મારું મોટાભાગનું જીવન ભારતમાં વિત્યું હતું. હું માત્ર 3 મહિનાની હતી ત્યારે અમે મુંબઈ આવ્યા હતા.

મારી માતાએ મારો બ્રિટિશ પાસપોર્ટ બનાવ્યો. વિશ્વના નાગરિક તરીકે એ મારી પસંદગી અને અધિકાર છે કે મારે કયો પાસપોર્ટ જોઈએ છે.

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આલિયાની આગામી ફિલ્મ 'જીગરા' છે, જેને તે પ્રોડ્યુસ પણ કરી રહી છે. આ દરમિયાન એક્ટ્રેસે યશરાજ ફિલ્મ્સની એક ફિલ્મ પર કામ પણ શરૂ કરી દીધું છે.

# વરુણ સૂદને મગજમાં થઇ ઇજા

### ડોકટરોએ સ્ક્રીન ટાઈમ ઘટાડવાની આપી સલાહ, સો. મીડિયાથી લીધો બ્રેક



'રોડીઝ' અને 'સ્પ્લિટ્સવિલા' જેવા રિયાલિટી શોથી ઓળખ મેળવનાર વરુણ સૂદને મગજમાં ઈજા થઈ છે. વરુણે પોતે સોશિયલ મીડિયા દ્વારા આ માહિતી આપી છે. તેમણે કહ્યું છે કે ડોક્ટરોની સલાહ પર તે હવે સોશિયલ મીડિયાથી બ્રેક લઈ રહ્યો છે.

વરુણ સૂદે હાલમાં જ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટોરી સેક્શન દ્વારા મગજની ઈજાના સમાચાર આપ્યા હતા. તેમણે લખ્યું છે, હેલો, મને કનેક્શન છે. હું થોડા દિવસો સુધી કોઈપણ મેસેજનો જવાબ આપી શકીશ નહીં. મને સ્ક્રીન ટાઈમ ઘટાડવાનું કહેવામાં આવ્યું છે. હું જલ્દી પાછો આવીશ.

કનકેશન એ મગજની ઈજાનો એક પ્રકાર છે, જે મગજની કામગીરીમાં સમસ્યાઓનું કારણ બને છે. આ પ્રકારની મગજની ઈજાથી પીડિત લોકોને ધ્યાન કેન્દ્રિત કરવામાં, વસ્તુઓને યાદ રાખવામાં, સંતુલિત કરવામાં અને ઊંઘવામાં તકલીફ પડે છે. દર્દીઓને માથાનો દુખાવો પણ થાય છે. જોકે આ સ્થિતિ કામચલાઉ છે. વરુણ સૂદ આ વર્ષે રિલીઝ થયેલી સિરીઝ 'કર્મા કોલિંગ'માં જોવા મળ્યો છે. આ સિરીઝમાં તેમની સાથે રવિના ટંડન, રોહિત રોય, વલુશા ડિસોઝા લીડ રોલમાં હતા. આ સિરીઝ ડિઝની પ્લસ હોટસ્ટાર પર પ્રસારિત કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, 29 વર્ષના વરુણ સૂદે એમટીવીમાં વીડિયો જોકી બનીને પોતાના કરિયરની શરૂઆત કરી હતી. થોડો સમય વીજે તરીકે કામ કર્યા પછી તેમણે MTV રોડીઝની 12મી સીઝનમાં ભાગ લીધો. આ શોમાં તેને ખૂબ પસંદ કરવામાં આવ્યો હતો. આ પછી તેણે રિયાલિટી શો 'સ્પ્લિટ્સવિલા'ની 9મી સિઝનમાં પણ ભાગ લીધો હતો. તે 'ખતરોં કે ખિલાડી 11'માં પણ જોવા મળ્યો છે.

એક્ટિંગ કરિયર વિશે વાત કરવામાં આવે તો, વરુણે 2019 માં અલ્ટ બાલાજીની ફિલ્મ 'રાગિણી એમએમએસ'થી એક્ટિંગની શરૂઆત કરી હતી. 2022માં વરુણે કરન જોહરની ફિલ્મ 'જુગ જુગ જિયો'માં છોટાની ભૂમિકા પણ ભજવી છે.

# અનુરાગ કશ્યપની થ્રીલરમાં બોબી દેઓલ સાથે સાન્યા મલ્હોત્રા



મુંબઈ : અનુરાગ કશ્યપ બોબી દેઓલ અને સાન્યા મલ્હોત્રાને લીડ રોલમાં લઈ એક થ્રીલર ફિલ્મ બનાવી રહ્યો છે. હૃતિક રોશનની ગર્લફ્રેન્ડ સબા આઝાદ પણ આ ફિલ્મમાં મહત્વની ભૂમિકામાં છે.

ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. પરંતુ, તેનું શૂટિંગ મુંબઈમાં શરુ થઈ ચૂક્યું છે. મલયાલમ ફિલ્મોનો જાણીતો અભિનેતા જોજુ જ્યોર્જ પણ આ ફિલ્મની કાસ્ટમાં સામેલ છે.

અનુરાગ કશ્યપ તેની સ્ટાઈલ પ્રમાણે કેટલીક વાસ્તવિક ઘટનાઓનો આધાર લઈ આ હાર્ડ હિટિંગ થ્રીલર બનાવી રહ્યો હોવાનું કહેવાય છે. ફિલ્મની સ્ક્રિપ્ટ લખવાનું કામ 'એનએચ ૧૦', 'ઉડતા પંજાબ' ના લેખક સુદિપ શર્માને સોંપવામાં આવ્યું છે.

બોબી અને સાન્યાએ આ ફિલ્મ માટે સળંગ તારીખો ફાળવી છે. આથી આ વર્ષમાં જ ફિલ્મનું શૂટિંગ આપી વર્ષના અંત સુધીમાં તેને રીલિઝ કરી દેવાનું પ્લાનિંગ છે.

# 'બોર્ડર 2'ની તૈયારીઓ શરૂ કરવામાં આવી

### સ્ટારકાસ્ટમાં સની દેઓલ અને આયુષ્માન ખુરાનાનો સમાવેશ

1997ની ઓલટાઈમ બ્લોકબસ્ટર ફિલ્મ 'બોર્ડર'ની સિક્વલની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ ફિલ્મમાં સની દેઓલની સાથે આયુષ્માન ખુરાના પણ લીડ રોલમાં છે. હવે મેકર્સ ટૂંક સમયમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરવા જઈ રહ્યા છે.

પિંકવિલાના હાલના રિપોર્ટમાં ફિલ્મ ડેવલપમેન્ટ સાથે જોડાયેલા એક સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે 'બોર્ડર 2'નું શૂટિંગ ઓક્ટોબરથી શરૂ થવા જઈ રહ્યું છે. ફિલ્મ 'બોર્ડર' સાથે જોડાયેલી ટીમ ઘણા સમયથી ફિલ્મને લગતી તમામ તૈયારીઓમાં વ્યસ્ત હતી. પહેલી ફિલ્મ બોર્ડરની મેગ્નીટ્યૂડ સાથે મેચ કરવા માટે ટીમ દિવસ-રાત કામ કરી રહી છે. હવે જ્યારે ફિલ્મને લગતી તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે, મેકર્સ ટૂંક સમયમાં ફિલ્મનું શૂટિંગ શરૂ કરશે.

થોડા સમય પહેલાં ફિલ્મના લીડ એક્ટર સની દેઓલે રણવીર અલ્હાબાદિયાને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે 'બોર્ડર 2' પહેલાં 2015માં બની હતી. તેમણે કહ્યું, મેં પોતે સાંભળ્યું છે કે 'બોર્ડર 2' બની રહી છે. અમે તેમને 2015માં બનાવવાનાં હતાં. પરંતુ પછી મારી ફિલ્મો ફ્લોપ થવા લાગી અને લોકો તે ફિલ્મો બનાવતા ડરી ગયા. હવે દરેક વ્યક્તિ ફિલ્મો બનાવવા માગે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'બોર્ડર 2'નું નિર્દેશન અને નિર્માણ જેપી દત્તા દ્વારા કરવામાં આવશે, જેમણે 1997ની 'બોર્ડર'નું પણ નિર્દેશન કર્યું હતું. ભૂષણ કુમાર અને જેપી દત્તાની પુત્રી નિધિ દત્તા પણ આ ફિલ્મનું નિર્માણ કરી રહી છે. આ ફિલ્મમાં સની દેઓલની સાથે આયુષ્માન ખુરાના પણ લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં સની દેઓલ મેજર કુલદીપની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ વર્ષ 2026માં ગણતંત્ર દિવસના અવસર પર રિલીઝ થશે. સની દેઓલની ફિલ્મોની વાત કરીએ તો તેની છેલ્લી ફિલ્મ 'ગદર 2' હતી, જે બોક્સ ઓફિસ પર સુપરહિટ રહી હતી.



# આયુષ્માન પહેલીવાર સારા અને કરન સાથે કરશે કામ

### એક્શન-કોમેડી ફિલ્મનું શૂટિંગ શરૂ, 'ભૂલ ભુલૈયા-2' ફેમ લેખક આકાશ કૌશિક દિગ્દર્શક તરીકે કરશે ડેબ્યુ

આયુષ્માન ખુરાના ટૂંક સમયમાં કરન જોહર સાથે કામ કરવા જઈ રહ્યો છે. એક્ટર ધર્માં અને સિખ્યા એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ બની રહેલી ફિલ્મમાં જોવા મળશે.

આ ફિલ્મમાં આયુષ્માનની સામે સારા અલી ખાન જોવા મળશે. આ ફિલ્મ દ્વારા બંને પહેલીવાર સાથે સ્ક્રીન શેર કરતા જોવા મળશે.

મંગળવારે, નિર્માતાઓએ આ ફિલ્મની જાહેરાત કરતી વખતે આ માહિતી આપી. આ એક એક્શન-કોમેડી ફિલ્મ છે જેનું ટાઈટલ હજુ સુધી નક્કી કરવામાં આવ્યું નથી. ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયું છે અને મેકર્સ ટૂંક સમયમાં તેના ટાઈટલની પણ જાહેરાત કરશે. આ ફિલ્મ આકાશ કૌશિક દ્વારા લખવામાં આવીછે અને તે આ સાથે દિગ્દર્શક તરીકે પણ ડેબ્યુ કરશે. આ પહેલાં તેમણે 'ભૂલ ભુલૈયા 2'ની સ્ક્રિપ્ટ લખી છે. ધર્મા અને સિખ્યાની આ એકસાથે ત્રીજી ફિલ્મ છે. આ પહેલાં બંને બેનરો મળીને વેબ સિરીઝ 'Eleven-Eleven' અને 'Kill' જેવા પ્રોજેક્ટ્સ બનાવી ચૂક્યા છે.

કરન અને સારા બંને સાથે આયુષ્માનની આ પહેલી ફિલ્મ છે. ફિલ્મ સાથે સંબંધિત બાકીની સ્ટારકાસ્ટની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

વર્ક ફ્રન્ટ પર આયુષ્માનની છેલ્લી ફિલ્મ 2023માં રિલીઝ થયેલી 'ડ્રીમ ગર્લ 2' હતી. આ વર્ષે અત્યાર સુધી તેની એક પણ ફિલ્મ રિલીઝ થઈ નથી.

# ફારાહ ખાને ઈન્ડસ્ટ્રીની સૌથી કંજુસ વ્યક્તિનો ખુલાસો કર્યો : કહ્યું, 'ચંકી પાંડે સૌથી મોટા કંજૂસ'



ફિલ્મ નિર્માતા-કોરિયોગ્રાફર ફારાહ ખાને બોલિવૂડની સૌથી કંજૂસ વ્યક્તિ વિશે એક રસપ્રદ ઘટસ્ફોટ કર્યો છે. ફારાહ 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના આગામી એપિસોડમાં અનિલ કપૂર સાથે જોવા મળશે, જ્યાં તેમણે ઈન્ડસ્ટ્રીના સૌથી 'કંજૂસ' વ્યક્તિ વિશે વાત કરી હતી.

જ્યારે કપિલે તેમને પૂછ્યું કે, અનિલ અને ફારાહમાં વધુ કંજૂસ કોણ છે? તો તેઓએ કહ્યું કે આ બંને કંજુસ નથી, બલ્કે ખુલ્લેઆમ પૈસા ખર્ચે છે. પરંતુ ફારાહે એ પણ કહ્યું કે તે દરેકને કહી શકે છે કે આખી ઈન્ડસ્ટ્રીમાં સૌથી મોટો 'કંજુસ' કોણ છે. આ પછી ફારાહે ચંકી પાંડેને ફોન કર્યો અને ફોન લાઉડસ્પીકર પર મુક્યો અને તેની પાસેથી 500 રૂપિયા માગ્યા હતા.

કોલ પર ચંકી પાંડે સાથે વાત કરતી વખતે ફારાહે કહ્યું- ચંકી, સાંભળ, મારે 500 રૂપિયા જોઈએ છે. આ સાંભળીને ચંકીએ જવાબ આપ્યો, 'તો પછી ATM પર જાઓ. આ પછી ફારાહે આગળ કહ્યું, 'ચંકી, મને ઓછામાં ઓછા 50 રૂપિયા આપો.' આ સાંભળીને તેમણે કહ્યું, 'હેલ્લો? કોને જોઈએ છે?' બંને વચ્ચેની આ રમૂજી વાતચીત સાંભળીને બધા જ હસવા લાગ્યા.

'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો' નેટફ્લિક્સ પર ટેલિકાસ્ટ કરવામાં આવે છે. ફારાહ અને અનિલ કપૂર સાથેનો આ એપિસોડ શનિવારે સ્ટ્રીમ થવા જઈ રહ્યો છે.

ફારાહ ખાનના વર્ક ફ્રન્ટ વિશે વાત કરતા તે દરમિયાન તેમને 'છોટા ભીમ એન્ડ ધ કર્સ ઓફ દમયાન'નું ટ્રેલર લોન્ચ કર્યું હતું. ફિલ્મમાં યજ્ઞ ભસીન, અનુપમ ખેર, મકરંદ દેશપાંડે, કબીર શેખ, અદ્વિક જયસ્વાલ, દૈવિક દાવર, દિવ્યમ દાવર, આશ્રય મિશ્રા અને સ્વર્ણ પાંડે જેવા સ્ટાર્સ જોવા મળશે. ફારાહે તેના ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર ટ્રેલર શેર કર્યું અને ટ્રેલર લોન્ચ માટે તેના કેપ્શનમાં આખી ટીમને અભિનંદન આપ્યા.



# કરન જોહરે ઈશારા-ઇશારામાં પરિણીતી પર સાધ્યું નિશાન

### 'મેં કોઈ પણ એક્ટરને કોઈ પાર્ટીમાં રોલ ઓફર કર્યો નથી, કેમ્પબાઝીની વાત બિલકુલ પાયાવિહોણી'

બોલિવૂડ ફિલ્મમેકર કરન જોહરે વાત-વાતના જ પરિણીતી ચોપડા પર નિશાન સાધ્યું છે. પરિણીતીએ હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં જે વાતો કહી હતી તેનાથી કરન જોહર નારાજ છે. પરિણીતીએ કહ્યું હતું કે બોલિવૂડમાં કામ મેળવવા માટે તેનું PR ખુબ જ ખરાબ હતું, તેથી જ એક્ટ્રેસને ઘણી મુશ્કેલીથી ફિલ્મો મળી હતી.

પરિણીતીએ એમ પણ કહ્યું હતું કે બોલિવૂડમાં કેમ્પબાઝી છે અને લોકો તેને પાર્ટીઓમાં બોલાવે છે અને રોલ ઓફર કરે છે.

કરન હાલમાં જ આગામી ફિલ્મના પ્રમોશનના સંદર્ભમાં એક વીડિયો ઈન્ટરવ્યૂઆપી રહ્યો હતો, જ્યાં તેમણે પરિણીતીનું નામ લીધા વિના પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા અને કહ્યું કે તે ક્યારેય કોઈને પાર્ટીમાં આમંત્રિત કરતો નથી અને તેને રોલ ઑફર કરતો નથી.

કરને કહ્યું- 'મેં હાલમાં કેટલાક કલાકારોના ઈન્ટરવ્યૂ જોયા છે, હું અહીં નામ નહીં લઉં, પરંતુ મને લાગે છે કે ક્યારેક તેઓ ચર્ચામાં રહેવા માટે માત્ર એક સાધન તરીકે ઉપયોગ કરે છે. ખૂબ જ સફળ લોકો જેમણે સફળ ફિલ્મો આપી છે. તે કહે છે કે, 'હું એક બહારના વ્યક્તિની જેમ અનુભવતો હતો અને સ્ટાર કિડને કારણે મેં તકો ગુમાવી હતી'. કોઈ કહે છે કે હું કોઈ પાર્ટીમાં નથી ગયો એટલે મને કોઈ રોલ મળ્યો નથી. મને નથી લાગતું કે મેં કોઈ પાર્ટીમાં એક્ટરનેરોલ ઓફર કર્યો હોય. કેમ્પિંગ વિશે વાત કરવાનો શું અર્થ છે? , પરિણીતીએ કહ્યું હતું- 'હું એવી પાર્ટીઓમાં નથી જતી જ્યાં રોલ ઓફર કરવામાં આવે છે'

હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં પરિણીતીએ પોતાની કરિયરમાં મળેલી ઓછી તકો અને ખોટા નિર્ણયોને કારણે યોગ્ય રોલ ન મળવા અંગે વાત કરી હતી.

તેમને કહ્યું, 'હું બોલિવૂડની પાર્ટીઓ, ડિનર અને લંચમાં નથી જતી જ્યાં ફિલ્મો કે રોલમાં કામ મળવાની શક્યતાની ચર્ચા થતી હોય. હું ઈચ્છું છું કે દિગ્દર્શકો અને નિર્માતાઓ મને કામ આપવા માટે બોલાવે કારણ કે હું સખત મહેનત કરવા તૈયાર છું. મને 10 વર્ષ પહેલાં ફિલ્મ 'ઈશકઝાદે' માટે નેશનલ એવોર્ડ મળ્યો હતો. હું હજી પણ એ જ એક્ટ્રેસ છું.

પરિણીતીએ વધુમાં કહ્યું હતું કે, 'બોલિવૂડમાં કામ મેળવવાનો માપદંડ માત્ર એક્ટિંગ કે પ્રતિભા નથી. તમે કોઈ શિબિર સાથે જોડાયેલા હોવા જોઈએ. હું યોગ્ય સમયે યોગ્ય જગ્યાએ ન હતો. ફોટોગ્રાફર દરરોજ મને ક્લિક કરતા નથી. મારું PR ખૂબ જ ખરાબ છે.

# મોંઘા પરફ્યુમ છોડો આ સસ્તી વસ્તુઓ વાપરો પરસેવાની વાસથી મળી જાશે કાયમી છુટકારો



ઉનાળામાં પરસેવો થાય તે સામાન્ય વાત છે. પરંતુ જો પરસેવો વધારે પ્રમાણમાં થાય તો શરીરમાંથી વાસ આવવા લાગે છે. ઘણા લોકોના પરસેવામાંથી એટલે દુર્ગંધ આવે કે તેની પાસે બેસવું પણ અન્ય લોકો માટે મુશ્કેલ થઈ જાય. શરીરમાંથી આવતી પરસેવાની વાસ જાહેર જગ્યાએ કોઈ પણ વ્યક્તિને શરમજનક સ્થિતિમાં મૂકી શકે છે. જે લોકોને વધારે પ્રમાણમાં પરસેવો થતો હોય અને વાસ પણ આવતી હોય તેવો મોંઘા મોંઘા પરફ્યુમનો ઉપયોગ કરે છે. પરંતુ આવી વસ્તુઓની અસર પણ થોડા કલાકો સુધી જ રહે છે. સાંજ સુધીમાં તો તેની સુગંધ પણ ઉડી જાય છે અને ફરીથી પરસેવાની દુર્ગંધ સતાવે છે. આવી સ્થિતિમાં જો તમે કેટલાક ઘરેલુ નુસખા અજમાવો છો તો પરસેવાની વાસથી છુટકારો મેળવી શકો છો. આજે તમને 5 એવા ઘરેલુ નુસખા જણાવીએ જે શરીરની દુર્ગંધને દૂર કરી શકે છે.

## લીંબુનો રસ

લીંબુમાં એન્ટી બેક્ટેરિયલ ગુણ હોય છે. જે પરસેવાને બદબુદાર બનાવતા બેક્ટેરિયાને મારે છે. પરસેવાની દુર્ગંધને દૂર કરવી હોય તો નહાયા પછી લીંબુના રસમાં રુ બોળીને શરીરના એ અંગો પર લીંબુનો રસ લગાડો જ્યાં પરસેવો વધારે થતો હોય. લીંબુનો રસ સંવેદનશીલ ત્વચા પર ન લગાડવો.

## બેકિંગ સોડા

બેકિંગ સોડા પણ પરસેવાને શોષી લે છે અને બદબુ ઉત્પન્ન કરતા બેક્ટેરિયાનો નાશ કરે છે. જો પરસેવાની વાસ વધારે પ્રમાણમાં આવતી હોય તો નહાવા જાવ તે પહેલા એ અંગો પર બેકિંગ સોડા લગાડો જ્યાં પરસેવો વધારે થતો હોય. બેકિંગ સોડાને થોડી મિનિટ રહેવા દો અને પછી નહાઈ લેવું.

## વિનેગર

એપલ સાઈડર વિનેગર પણ પરસેવાની દુર્ગંધને દૂર કરવા માટે કારગર છે. તેના માટે અડધો કપ પાણીમાં અડધો કપ એપલ સાઈડર વિનેગર મિક્સ કરી સ્પ્રે બોટલમાં ભરી લો. નહાયા પછી આ મિશ્રણને શરીર પર છાંટો. એપલ સાઈડર વિનેગરના એસિડીક ગુણ શરીરમાં ગંધ ઉત્પન્ન કરતાં બેક્ટેરિયાનો નાશ કરી દેશે.

## બટેટા

પરસેવાની વાસથી છુટકારો મેળવવા માટેનો આ અસરકારક ઈલાજ છે. બટેટાની મદદથી પણ તમે પરસેવાની દુર્ગંધને દૂર કરી શકો છો. આ કામ નહાવા જાઓ તે પહેલા કરવાનું છે. બટેટાનો એક ટુકડો કરી શરીરના એ અંગો પર લગાડો જ્યાં પરસેવો વધારે થતો હોય અને વાસ આવતી હોય. થોડી મિનિટ રહેવા દો અને પછી સ્નાન કરી લો.


# શું તમે પ્રેગનેન્સી દરમિયાન પેટમાં ખંજવાળ કે ઇચિંગથી પરેશાન છો? તો અજમાવો આ ઉપાય તુરંત મળશે રાહત



ગર્ભાવસ્થાના 9 મહિના એ કોઈપણ સ્ત્રીના જીવનનો સૌથી અનોખો અને યાદગાર અનુભવ છે. આ સમયગાળા દરમિયાન, હોર્મોનલ ફેરફારોને કારણે શરીરમાં ઘણા ફેરફારો થાય છે. સગર્ભાવસ્થા દરમિયાન મહિનાઓ આગળ વધે છે અને બાળકનો વિકાસ થાય છે, ત્વચા પર ખંજવાળ, ખાસ કરીને પેટના વિસ્તારમાં, એક સામાન્ય સમસ્યા છે કારણ કે આ સમયગાળા દરમિયાન ત્વચા ખેંચાઈ જાય છે. ઘણી વખત, સ્ત્રીઓ ગર્ભાવસ્થા દરમિયાન ત્વચા પર ખંજવાળને કારણે ખૂબ જ ચિંતિત થઈ જાય છે. પ્રેગ્નન્સી દરમિયાન પેટ, જાંઘ વગેરેની ત્વચામાં ખંજવાળ આવવાનું કારણ ત્વચાના ખેંચાણ ઉપરાંત હોર્મોનલ ફેરફારો અને શુષ્ક ત્વચા પણ હોઈ શકે છે. હાલમાં કેટલીક પ્રાકૃતિક વસ્તુઓ આ સમસ્યામાંથી રાહત આપી શકે છે. નારિયેળ ઓઈલ અને ઓલિવ ઓઈલથી માલિશ કરો- નારિયેળ ઓઈલ અને ઓલિવ ઓઈલનો ઉપયોગ ત્વચાને સ્વસ્થ રાખવા માટે ખૂબ અસરકારક માનવામાં આવે છે. તેમાં માત્ર એન્ટી-બેક્ટેરિયલ ગુણોની સાથે સાથે તે ત્વચાને મોશ્ચર પણ પ્રદાન કરે છે. આનાથી તમે શુષ્ક ત્વચા, ખંજવાળ વગેરે જેવી સમસ્યાઓથી દૂર રહી શકો છો. ગર્ભાવસ્થા દરમિયાન પેટ પર હળવા હાથે નાળિયેરનું તેલ લગાવો. શિયા બટર ખંજવાળમાં રાહત આપશે- શિયા બટરને ત્વચાને મોઈશ્ચર આપવા માટે ઉત્તમ મોઈશ્ચરાઈઝર માનવામાં આવે છે. તેમાં રહેલા તત્વો ત્વચાને લાંબા સમય સુધી હાઈડ્રેટ રાખે છે અને ફ્લેકી સ્કિન, ખંજવાળ જેવી સમસ્યાઓથી બચવામાં મદદ કરે છે. ગર્ભાવસ્થા દરમિયાન ત્વચા પર ખંજવાળ અને બળતરાથી રાહત મેળવવા માટે, તમે તેને અસરગ્રસ્ત વિસ્તારોમાં લગાવી શકો છો. તમે પેટ્રોલિયમ જેલી લગાવી શકો છો- ગર્ભાવસ્થા દરમિયાન ખંજવાળથી રાહત મેળવવા માટે, તમે પેટ્રોલિયમ જેલી લગાવી શકો છો. આ તમારી ત્વચાને મોઈશ્ચરાઈઝ્ડ રાખશે. દિવસમાં બેથી ત્રણ વખત પેટ પર હળવા હાથે પેટ્રોલિયમ જેલી લગાવો. પેટ્રોલિયમ જેલી હાથ, પગ અને શરીરના અન્ય ભાગો પર પણ લગાવી શકાય છે. આ બાબતો ધ્યાનમાં રાખો- સ્ત્રીઓમાં ગર્ભાવસ્થા દરમિયાન હોર્મોનલ ફેરફારોને કારણે, કોઈપણ વસ્તુની ગંધ પણ તેમને પરેશાન કરી શકે છે, તેથી જો કોઈ પણ બાબતમાં થોડી પણ સમસ્યા હોય તો તેનો ઉપયોગ કરવાનું તરત બંધ કરી દો. ખંજવાળની સમસ્યાથી બચવા માટે ઢીલા અને સોફ્ટ ફેબ્રિકના કપડાં પહેરો. પુષ્કળ પાણી પીવા ઉપરાંત મોસમી ફળોનું સેવન કરવું જોઈએ.

ગરમીનો પ્રકોપ દિવસે ને દિવસે સતત તેનું રૌદ્ર રૂપ દેખાડી રહ્યો છે. આ સમયે ઓઈલી સ્કીન વાળા લોકોની સ્કીન સંબંધી સમસ્યા વધી જાય છે. જો તમે પણ સ્કીન સંબંધી સમસ્યાનો ગરમીના કારણે સામનો કરી રહ્યા છો કે તમારા ચહેરા પર ફોલ્લીઓ વધી રહી છે તો તમે આ સમયે સ્ટ્રેસ લેવાનું ટાળો. તેના માટે અન્ય અનેક કારણો જેમકે ચિંતા, હોર્મોન્સ ચેન્જ, ફેસવોશનું ધ્યાન ન રાખવું વગેરે કારણો પણ હોઈ શકે છે. જો તમે ચહેરાની સુંદરતા ગરમીમાં પણ જાળવી રાખવા ઈચ્છો છો તો તમે બ્યુટી પ્રોડક્ટ્સને બાય-બાય કહો અને સાથે જ કેટલાક ઘરેલૂ અને અસરકારક નુસખાની મદદ લો. તેનાથી તમારા ચહેરાની સુંદરતા વધી જશે. તો જાણો ઘરે કયા ખાસ ઉપાયો કરવાથી તમે ઓછા ખર્ચે સુંદર ચહેરો મેળવી શકો છો.

# માથા પરની ફોલ્લીઓ બગાડે છે સુંદરતા 7 ઘરેલૂ નુસખાથી કરો દૂર



## લીમડાના પાન



લીમડાના પાનને પાણીમાં ઉકાળીને તે પાણીને ઠંડું કરો અને તેને આ દાણા પર લગાવો. તમે તેનાથી ચહેરો પણ ધોઈ શકો છો. લીમડાના એન્ટીબેક્ટેરિયલ ગુણ દાણાને સૂકવવામાં તમારી મદદ કરી શકે છે.

## હળદર અને દહીં



હળદરમાં એન્ટી બેક્ટેરિયલ ગુણ હોય છે અને દહીંમાં લેક્ટોબેસિલસ બેક્ટેરિયા હોય છે જે દાણાને ઓછા કરવામાં મદદ કરી શકે છે. એક નાની ચમચી હળદરને દહીંની સાથે મિક્સ કરીને ફેસ પર એપ્લાય કરો. તમારા ચહેરા પર જલ્દી તેનો ફરક જોવા મળશે. આ ઉપાય તમે અઠવાડિયામાં 2-3 વાર કરી શકો છો.

## ટીટ્રી ઓઈલ




તેને ચહેરા પરના દાણા પર સીધા લગાવવાથી સોજા અને લાલિમા ઘટે છે. આ એન્ટીબેક્ટેરિયલ ગુણોથી ભરપૂર હોય છે. તેને સીધું લગાવવાથી થોડી બળતરા થાય તો તમે તેમાં ક્રીમ મિક્સ કરીને પણ લગાવી શકો છો.

## અલોવેરા



તેને કાપીને તેનો જ્યુસ કાઢો અને દાણા પર લગાવો. અલોવેરામાં એન્ટીઓક્સીડન્ટ અને એન્ટીબેક્ટેરિયલ ગુણ હોય છે. જે દાણાને ક્યોર કરવામાં તમારી મદદ કરી શકે છે.

## મધ




મધમાં એન્ટીબેક્ટેરિયલ ગુણ હોય છે. આ માટે મધને દાણા પર લગાવવાથી તેનું દર્દ અને સોજો ઓછો થાય છે. આ સિવાય માથા પર જામેલી ગંદગીને દૂર કરવામાં પણ મદદ મળે છે.

**બટાકાનો રસ |** બટાકાનો રસ દાણા પર લગાવવાથી તેનો સોજો ઘટે છે અને તે જલ્દી સૂકાઈ જાય છે. તો તમે તેનો પણ ઉપયોગ કરી શકો છો. આ તમામ ઉપાયો સામાન્ય ગરમીના કારણે થતી સમસ્યામાં કારગર નીવડે છે. જો તમને વધારે સમસ્યા જણાય તો તમે કોઈ સ્કીન સ્પેશિયાલિસ્ટની મદદ લઈ શકો છો.

# ઉનાળામાં બાળકને લૂ લાગી જાય તે પહેલા જ ઓળખો ડિહાઈડ્રેશનના લક્ષણોને

ગરમીનો પ્રકોપ દિવસેને દિવસે વધી રહ્યો છે. આ વાતાવરણમાં નાના મોટા સૌ કોઈએ પોતાના સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. તેમાં પણ આ સમય બાળકો માટે ખૂબ જ નાજુક હોય છે. બાળકો લૂથી જલ્દી પ્રભાવિત થઈ શકે છે. લૂના કારણે બાળકોમાં ડિહાઈડ્રેશન પણ થઈ જાય છે. જો આ સમસ્યા વધી જાય તો તે ખતરનાક સાબિત થઈ શકે છે. બાળકોમાં ડિહાઈડ્રેશનની સમસ્યા ગંભીર એટલા માટે હોય છે કે તેઓ પાણી પીવાની વાતને લઈને સિરિયસ નથી હોતા. પાણી પીવું કેટલું જરૂરી છે તે બાળકો સમજતા નથી. નાના બાળકો તરસ લાગી હોય તો પણ માતા-પિતાને જણાવી શકતા નથી. જો ઘરમાં નાનું બાળક હોય તો માતા પિતાએ જ ડીહાઈડ્રેશનના લક્ષણોને ઓળખીને તેમને સમયે સમયે પાણી પીવડાવતા રહેવું પડે છે.



## લૂથી બાળકને કેવી રીતે બચાવવું ?

**ઉનાળા દરમિયાન બાળકને ડિહાઈડ્રેશન અને લૂથી બચાવવું હોય તો બાળકને થોડી થોડી કલાકે પાણી પીવડાવતા રહો ભલે તેને તરસ ન લાગી હોય. બાળક રમવા બહાર જાય તો તેને પાણીની બોટલ આપો. બાળકને આ વાતાવરણમાં ઢીલા અને સુતરાઉ કપડાં જ પહેરાવો. બાળકો તડકામાં ન રમે તે વાતનું ધ્યાન રાખો. પાણી સિવાય દિવસ દરમિયાન બાળકોને રસદાર ફળ અને તરલ પદાર્થો વધારે પ્રમાણમાં ખવડાવો.**

## બાળકોમાં ડિહાઈડ્રેશનના શરૂઆતી લક્ષણો

- જો બાળકને ડિહાઈડ્રેશન હોય તો તેના પેશાબનો રંગ પીળો થવા લાગે છે અને બાળક પેશાબ પણ ઓછું કરે છે.
- બાળકનું મોઢું સુકાયેલું રહે છે અને તે વારંવાર જીભ બહાર કાઢે છે.
- જો બાળકને વધારે પડતો થાક કે નબળાઈ જણાય તો તે ડિહાઈડ્રેશનનું લક્ષણ હોય છે.
- બાળક લાંબા સમય સુધી તડકામાં રમે તો તેને માથામાં દુખાવો અને ચક્કર આવવા જેવી સ્થિતિ રહી શકે છે તે પણ ડિહાઈડ્રેશન ના કારણે હોઈ શકે છે.
- નાના બાળકો રડે અને તેની આંખમાંથી આંસુ ન નીકળે તો શક્ય છે કે તેના શરીરમાં પાણી ઘટી રહ્યું છે.
- જો બાળકમાં ડિહાઈડ્રેશન ગંભીર રીતે વધ્યું હોય તો તેની આંખ ઊંડી ઉતરી જાય છે.
- જ્યારે તમે બાળકની ત્વચા પર ચપટી ભરો છો તો ત્વચા સંકોચાઈ જાય છે. ત્વચા પર કરચલીઓ દેખાય તો સમજી લેવું કે બાળક ડિહાઈડ્રેટ છે.
- આ પ્રકારના લક્ષણો બાળકમાં જણાય તો તુરંત જ ડોક્ટરનો સંપર્ક કરવો.

# ડાયાબિટીસના દર્દીઓ આ 3 પ્રકારની રોટલીનું કરે સેવન



દુનિયાભરમાં ડાયાબિટીસની બીમારી ઝડપથી ફેલાઈ રહી છે. આજના સમયમાં લગભગ દરેક ઉંમરના લોકો આ બીમારીની ઝપેટમાં આવી રહ્યાં છે. ડાયાબિટીસને સામાન્ય ભાષામાં બ્લડ સુગર પણ કહેવામાં આવે છે, આ એક એવી સમસ્યા છે જે ખરાબ ખાનપાન અને ખરાબ લાઈફસ્ટાઈલને કારણે થઈ શકે છે. ડાયાબિટીસની કોઈ ચોક્કસ દવા નથી, તેને લાઈફસ્ટાઈલ અને ખાનપાનમાં ફેરફાર કરી કંટ્રોલ કરી શકાય છે. ડાયાબિટીસના દર્દીઓ પોતાના ખાનપાનમાં સુધાર નથી કરતા તો તેના શરીરમાં બ્લડ સુગર લેવલ વધી શકે છે. બ્લડ સુગર લેવલ વધવાથી શરીરમાં ઘણી સમસ્યાઓ થઈ શકે છે. ડાયાબિટીસના દર્દીઓએ ખાવાપીવામાં ધ્યાન રાખવું જોઈએ. જો તમે ડાયાબિટીસના દર્દી છો તો ઘઉંના લોટની રોટલીની જગ્યાએ આ અનાજની રોટલીનું સેવન કરી શકો છો.

## 1. રાગીની રોટલી

રાગીને ડાયાબિટીસના દર્દીઓ માટે ખુબ ફાયદાકારક માનવામાં આવે છે. જો તમે ડાયાબિટીસના દર્દી છો તો તમારા ડાઈટમાં રાગીનો લોટ સામેલ કરી શકો છો. રાગીના લોટથી તમે લાડવા, પરાઠા પણ બનાવી શકો છો.

## 2. જુવારની રોટી

જુવારનો લોટ ફાઈબરથી ભરપૂર હોય છે, જેના સેવનથી પેટ લાંબા સમય સુધી ભરેલું રહે છે અને વજન ઘટાડવામાં મદદ મળે છે. વિટામિન બી કોમ્પ્લેક્સ, આયરન, મેગ્નીશિયમની સાથે કેલ્શિયમ અને પ્રોટીનથી ભરપૂર જુવારનો લોટ ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક થઈ શકે છે.

## 3. રાજગરાની રોટલી

રાજગરાનો લોટ સ્વાસ્થ્ય માટે ખુબ સારો માનવામાં આવે છે. આ લોટથી તમે ઘણા પ્રકારની રેસિપી બનાવી શકો છો. ઓછા ગ્લાઈસેમિક ઈન્ડેક્સવાળા રાજગરાના લોટમાં કાર્બોહાઈડ્રેટની માત્રા ઓછી હોય છે. તેવામાં આ લોટ શરીરમાં બ્લડ સુગરના લેવલને કંટ્રોલ કરવામાં મદદ કરી શકે છે.

### મેક્સ હેલ્થકેરના ક્લિનીકલ ન્યુટ્રીશન અને ડાયેટેટિક્સ વિભાગના પ્રાદેશિક વડા રિતીકા સમદ્દર

# કુદરતી પ્રોટીનથી સમૃદ્ધ ખોરાક પ્રોટીન સપ્લીમેન્ટ્સનુ સ્થાન લઇ શકે છે

(એજન્સી) અમદાવાદ । તા. 22



પ્રોટીન એ એકંદરે સુખાકારી માટે આવશ્યક છે કેમ કે તે સ્નાયુઓ, ટિસ્યુઓ અને હોર્મોન્સના બ્લોક્સનું સર્જન કરવામાં, ચયાપચયના નિયમનમાં મદદ કરે છે, રોગપ્રતિકારક કાર્યમાં ટેકો આપે છે અને ટકાઉ ઉર્જા પૂરી પાડે છે. અનેક લોકો જ્યારે સુગમતા માટે પ્રોટીન સપ્લીમેન્ટ પર આધારિત છે ત્યારે હૈદરાબાદ સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ન્યૂટ્રીશન (NIN) દ્વારા નવી રજૂ કરાયેલ ખોરાકને લગતી માર્ગદર્શિકા શારીરિક પિંડ માટે તેના ઉપયોગ સામે સલાહ આપે છે. આ બાબત સમજણ અને કુદરતી પ્રોટીન સ્ત્રોતને અગ્રિમતા આપવાની અગત્યના પર ભાર મુકે છે. એક અનુભવી ડાયેટિશિયન તરીકે, હું સતત મારા ગ્રાહકોને પ્રોટીન સપ્લિમેન્ટ્સથી દૂર રહેવાની સલાહ આપું છું અને તેના બદલે બદામ જેવા કુદરતી પ્રોટીન સ્ત્રોતોને અગ્રિમતા આપું છું. આ વિકલ્પો કોઈપણ આડઅસર વિના અસંખ્ય સ્વાસ્થ્ય લાભો પ્રદાન કરે છે, જે એકંદર સુખાકારીમાં ફાળો આપે છે. આ લેખમાં, હું કેટલાક કુદરતી પ્રોટીન સ્ત્રોતો શેર કરીશ જે માત્ર અત્યંત પૌષ્ટિક જ નથી પણ તમારા આહારમાં સામેલ કરવા માટે પણ સરળ છે. બદામ પ્રોટીનનું પાવરહાઉસ છે અને આવશ્યક પોષણનો શ્રેષ્ઠ સ્ત્રોત છે. તે નોંધપાત્ર રીતે પોષણયુક્ત અને શ્રેષ્ઠ છે, જે તેમને તમારા ખોરાકમાં પ્રોટીનના ઉમેરણ માટે લોકપ્રિય પસંદગી બનાવે છે. પ્રોટીન, તંદુરસ્ત ચરબી, ફાઈબર, વિટામિન E અને મેગ્નેશિયમ સહિત 15 આવશ્યક પોષક તત્વોથી ભરપૂર એવી બદામ સ્વાસ્થ્ય લાભોની વિશાળ શ્રેણી પ્રદાન કરે છે. વાસ્તવમાં, કેલિફોર્નિયાના એલમન્ડ બોર્ડ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ તાજેતરમાં પ્રકાશિત થયેલ કહેવાતા વિટાર્ડ અભ્યાસ કહેવામાં આવે છે તેમાંથી બહાર આવ્યું છે કે બદામનું સેવન કરવાથી કસરત પુનઃપ્રાપ્તિ દરમિયાન સ્નાયુઓના દુખાવાની ચોક્કસ લાગણીઓ ઓછી થાય છે. સલાડ, ટ્રેલ મિક્સ, ગ્રાનોલામાં ઉમેરવામાં આવે અથવા નાસ્તા તરીકે જાતે જ માણવામાં આવે છે, બદામ તમારા પ્રોટીનની માત્રાને વધારવા અને એકંદર આરોગ્યને ટેકો આપવા માટે એક અનુકૂળ અને સ્વાદિષ્ટ રીત પ્રદાન કરે છે. મસૂર ખરેખર ઘણા આહારમાં પાયાનો પથ્થર છે, જે તેમની ઉચ્ચ પ્રોટીન સામગ્રી, રસોઈમાં વૈવિધ્યતા અને સમૃદ્ધ પોષક પ્રોફાઈલ માટે મૂલ્યવાન છે. પ્રોટીન, ફાઈબર અને લોહ અને ફોલેટ જેવા આવશ્યક પોષક તત્વોથી ભરપૂર, મસૂર કોઈપણ ભોજનમાં પોષક વધારો આપે છે. પ્રિય સૂપ અને સ્ટ્યુથી લઈને તાજું સલાડ અને સ્વાદિષ્ટ વેજી બર્ગર સુધી, મસૂરને વિવિધ પ્રકારની વાનગીઓમાં સમાવી શકાય છે, જે તેમને એક ઉત્તમ પ્રોટીન વિકલ્પ બનાવે છે. ગ્રીક દહીં એ અન્ય પ્રોટીન સમૃદ્ધ ખોરાક છે જે કોઈપણ આહારમાં મૂલ્યવાન ઉમેરો હોઈ શકે છે. તેમાં નિયમિત દહીં કરતાં વધુ પ્રોટીન હોય છે અને તે કેલ્શિયમ અને પ્રોબાયોટીક્સનો પણ સારો સ્ત્રોત છે. નાસ્તા તરીકે ગ્રીક દહીંનો આનંદ માણો અથવા સ્વાદિષ્ટ રીતે તમારા પ્રોટીનનું સેવન વધારવા માટે સ્મૂધી, ડીપ્સ અને ડ્રેસિંગ માટે તેનો આધાર તરીકે ઉપયોગ કરો. ઈંડા, એક બહુમુખી પ્રોટીન સ્ત્રોત છે, મોટા ઈંડા દીઠ આશરે 6 ગ્રામ પ્રોટીન પ્રદાન કરે છે અને તે વિટામિન B12, D અને કોલિનથી પણ સમૃદ્ધ છે. ભલેને સ્ક્રેમ્બલ્ડ, બાફેલા, ઉકળતા પાણીમાં બાફવા અથવા આમલેટ, ફ્રિટાટાસ અને બેકડ સામાન જેવી વિવિધ વાનગીઓમાં ઉપયોગમાં લેવાતા ઈંડા એ એક અનુકૂળ અને પૌષ્ટિક પ્રોટીન વિકલ્પ છે. પોલ્ટ્રી અને માછલી બંને પ્રોટીનના ઉત્તમ સ્ત્રોત છે, જે સ્નાયુઓની વૃદ્ધિ, મરમ્મત અને જાળવણી માટે જરૂરી છે. માછલી, ખાસ કરીને, ઓમેગા -3 ફેટી એસિડ્સ, વિટામિન્સ અને ખનિજોથી સમૃદ્ધ છે, જે હૃદયની તંદુરસ્તી, મગજની કામગીરી અને રોગપ્રતિકારક શક્તિને ટેકો આપે છે.



# અંબુજા સિમેન્ટ્સે ડિલીવરી માટે મહત્ત્વનું લોજિસ્ટીકલ સીમાચિહ્ન સ્થાપિત કર્યું

(એજન્સી) અમદાવાદ । તા. 22

વૈવિધ્યકૃત્ત અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બિલ્ડીંગ મટીરિયલ કંપની અંબુજા સિમેન્ટ્સ કરાંજા પોર્ટ ખાતે અદ્યતન બલ્ક સિમેન્ટ વેસેલ અનલોડરને કાર્યરત કરવાની સાથે લોજિસ્ટિક્સ ક્ષેત્રે વધુ એક સીમાચિન્હ સુધી પહોંચી ગઇ છે. આ ઇન્સ્ટોલેશન ગુજરાતના વિખ્યાત સાંઘીપુરમ પ્લાન્ટથી મુંબઇની આસપાસના વિસ્તારોમાં અત્યંત કરકસરપૂર્ણ ખર્ચે પર્યાવરણને માફક આવે તે રીતે સિમેન્ટની ઝડપી હેરફેર કરવા માટે સજ્જ છે.

બલ્ક સિમેન્ટ વેસેલ અનલોડરનું ઇન્સ્ટોલેશન અંબુજા સિમેન્ટસની ટોચની ગુણવત્તાવાળી પ્રોડક્ટ કે જે ટેકનોલોજીકલી એડવાન્સ્ડ સાંઘીપુરમ પ્લાન્ટમાં ઉત્પાદિત કરવામાં આવે છે તેની સીધી રવાનગી તરફે વધુ એક નોંધપાત્ર કદમને ચિન્હિત કરે છે. લિડ ડીસ્ટન્સ સમયમાં ઘટાડો થવાની સાથે મુંબઇની આસપાસના વિસ્તારોના ગ્રાહકો હવે સમયસર પ્રોજેક્ટ પૂર્ણતા અને વિસ્તરિત ગ્રાહક સંતોષની ખાતરી સાથે સિમેન્ટ ત્વરીતતાથી મેળવવાની અપેક્ષા રાખી શકે છે. નવા અનલોડરની ઉપયોગિતાથી સાંઘીપુરમ પ્લાન્ટની ક્ષમતા ઉપયોગિતામાં ભારે વધારો કરશે તેમજ નફાકારકતા હાંસલ કરવાની વધુ નજીક તેને લઇ જશે. આ પ્રગતિ અંબુજા સિમેન્ટ્સની લોજિસ્ટિક પડકારોમાં ઘટાડો કરીને અને ગ્રાહકોને અંતરાયમુક્ત પુરવઠા શ્રૃંખલા દ્વારા પૂરુ પાડવાની સાથે ઓપરેશનલ કાર્યક્ષમતાને ઈષ્ટતમ બનાવવાની પ્રતિબદ્ધતા પર ભાર મુકે છે. અદાણી ગ્રુપના સિમેન્ટ બિઝનેસના સીઈઓ શ્રી અજય કપૂરએ જણાવ્યું હતુ કે 'કરાંજા પોર્ટ ખાતે બલ્ક સિમેન્ટ વેસેલ અનલોડર ચાલુ થઇ જવું તે અંબુજા સિમેન્ટ્સ માટે મહત્ત્વનું સીમાચિહ્ન છે. આ રોકાણ અમારી પ્રવૃત્તિઓને સ્ટ્રીમલાઇન કરવા અને ગ્રાહકના અનુભવને વિસ્તરિત બનાવવાના અમારા વ્યૂહાત્મક વિઝન સાથે સંપૂર્ણ રીતે મેળ ખાય છે. ઉચ્ચ ગુણવત્તાવાળા સિમેન્ટની સીધી રવાનગી પ્રદાન કરતા અમે ગર્વ અનુભવીએ છીએ, જે લિડ ડીસ્ટન્સ સમયમાં ઘટાડો કરે છે અને મુંબઇની માંગને પહોંચી વળે છે, જે હાલમાં નોંધપાત્ર પ્રમાણમાં આંતરમાળખાકીય વિકાસ અનુભવી રહ્યુ છે.' ટકાઉ બાંધકામ સામગ્રીમાં એક અગ્રમી તરીકે અંબુજા સિમેન્ટ્સ નવીનતા કરવાનું અને ઉત્પાદન ક્ષમતાઓ, પુરવઠા શ્રૃંખલા કાર્યક્ષમતા પર્યાવરણીય સેવામાં વધારો કરતી અદ્યતન ટેકનોલોજીઓમાં રોકાણ કરવાનું ચાલુ રાખશે.

# "મિસ્ટર એન્ડ મિસિસ માહી"ના પ્રમોશન અર્થે જાહન્વી કપૂર બની અમદાવાદની મહેમાન

(એજન્સી) અમદાવાદ । તા. 22



ધર્મા પ્રોડક્શન અને ઝી સ્ટુડિયોઝના બેનર હેઠળ બનેલ અને અત્યંત પ્રતિભાશાળી નિર્દેશક શરણ શર્મા દ્વારા ડિરેક્ટ કરાયેલ આવનાર સ્પોર્ટ્સ ડ્રામા હિન્દી ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'ના પ્રમોશન અર્થે ખૂબસૂરત અભિનેત્રી જાહન્વી કપૂર અમદાવાદની મહેમાન બની હતી. ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં જ રિલીઝ થયું હતું અને ફેન્સમાં લોકપ્રિય થઈ ગયું છે. જાહન્વી-રાજકુમાર મિસ્ટર અને મિસિસ માહી બનીને ધમાકો કરવા તૈયાર છે. ટ્રેલર રિલીઝ થયા બાદ સોશિયલ મીડિયા પર ફિલ્મ જોવા માટે જોરદાર ધમાલ મચી ગઈ છે. 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'ના ટ્રેલરનો દરેક સીન એટલો અદભૂત છે કે તેને જોયા પછી તમને આગળની સ્ટોરી વિશે જાણવા માટે એક અલગ જ એક્સાઈટમેન્ટ મળશે. ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી' 31 મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મની એક સિક્વન્સનું શૂટિંગ અમદાવાદ ખાતે પણ થયું છે. ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'માં રાજકુમાર રાવ અને જાન્હવી ઉપરાંત રાજેશ શર્મા, કુમુદ મિશ્રા, અભિષેક બેનર્જી, ઝરીના વહાબ અને અરિજિત તનેજા પણ જોવા મળશે. મિસ્ટર અને મિસિસ માહી બંને ફિલ્મમાં તેમના સપના અને ફરજો વચ્ચે સંઘર્ષ કરતા જોઈ શકાય છે. માહી તેમની પત્નીને ક્રિકેટર બનવા દેવા માટે તેના પરિવાર સામે બળવો પણ કરે છે. ફિલ્મનું સોન્ગ 'દેખા તેનું ...'નો દર્શકોમાં અલગ જ ક્રેઝ જોવા મળી રહ્યો છે. સ્ટોરી લાઈનની વાત કરીયે તો મહેન્દ્ર બનેલા રાજકુમાર અને મહિમા બનેલી જાહન્વીને લોકો પ્રેમથી 'માહી' કહીને બોલાવે છે. થોડા દિવસો સુધી મળ્યા પછી બંને પ્રેમમાં પડે છે અને લગ્ન કરી લે છે. લગ્ન પછી થોડા સારા દિવસો પસાર થાય છે, ત્યારે મહેન્દ્રને ખબર પડે છે કે મહિમાનું સપનું ક્રિકેટર બનવાનું હતું. પરંતુ તેના પરિવારના આગ્રહને કારણે તેણે પોતાના સપનાનું બલિદાન આપ્યું અને ડોક્ટર બની. આ વાત જાણીને મહેન્દ્ર તેને ફરી ક્રિકેટર બનવા પ્રેરે છે. વાસ્તવમાં, તે પોતે પણ એક સમયે ક્રિકેટર બનવા માંગતો હતો પરંતુ પરિવારના દબાણને કારણે તેણે પણ પોતાનું સપનું ભૂલી જવું પડ્યું. આગળની વાર્તામાં બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે મહેન્દ્ર તેની પત્નીને ક્રિકેટર બનાવવા માટે સંઘર્ષ કરે છે. આ સમય દરમિયાન, તેણે માત્ર તેના પરિવાર સાથે લડવું પડ્યું તેવું નથી, પરંતુ તેની અને મહિમા વચ્ચે કેટલોક સમય ગેરસમજ ઊભી થઈ જાય છે. હવે આગળ શું થાય છે તર તો ફિલ્મ થકી જ જોવું રહ્યું. રાજકુમાર રાવ અને જાહ્નવી કપૂરે દર્શકોના દિલ જીતી લીધા છે. 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'માં તેની ભૂમિકા માટે, જાહ્નવી એ ક્રિકેટરની રીતભાત શીખવા અને અપનાવવા માટે સખત તાલીમ લીધી.

# Awfis Space Solutionsએ એન્કર ઇન્વેસ્ટર્સ પાસેથી રૂપિયા 268 કરોડ એકત્ર કર્યાં

(એજન્સી) મુંબઇ । તા. 22

કો-વર્કિંગ સ્પેસ સંચાલક ઓફિસ સ્પેસ સોલ્યુશન્સ લિમિટેડે જણાવ્યું હતું કે તેણે જાહેર ભરણા માટે તેના પ્રારંભિક શેર-સેલના એક દિવસ પહેલાં એન્કર ઇન્વેસ્ટર્સ પાસેથી રૂ. 268 કરોડ ઊભાં કર્યાં છે. બીએસઇની વેબસાઇટ ઉપર અપલોડ કરાયેલા સર્ક્યુલર મૂજબ કંપનીએ પ્રતિ શેર રૂ. 383ના અપર પ્રાઇઝ બેન્ડ ઉપર 32 ફંડ્સને 70.13 લાખ ઇક્વિટી શેર્સની ફાળવણી કરી છે. આ કિંમતે કંપનીએ રૂ. 268.61 કરોડ ઊભાં કર્યાં છે, તેમ તેણે ઉમેર્યું હતું.

એન્કર રાઉન્ડમાં સામેલ થનારમાં ગોલ્ડમેન સૅક્સ, ઇસ્ટબ્રિજ કેપિટલ માસ્ટર ફંડ, એચડીએફસી મ્યુચ્યુઅલ ફંડ (એમએફ), આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ એમએફ, એક્સિસ એમએફ, યુટીઆઇ એમએફ, આદિત્ય બિરલા સન લાઇફ ઇન્સ્યોરન્સ કંપની અને એસબીઆઇ જનરલ ઇન્સ્યોરન્સ કંપની સામેલ છે. ઇશ્યૂનો પ્રાઇઝ બેન્ડ પ્રતિ શેર રૂ. 364-383 છે, જે 22 મેના રોજ ખુલ્યો છે અને 27 મેના રોજ બંધ થશે. આ પ્રસ્તાવિત જાહેર ભરણા (આઇપીઓ)માં રૂ. 128 કરોડના ફ્રેશ શેર્સ અને અપર પ્રાઇઝ બેન્ડ ઉપર રૂ. 471 કરોડના મૂલ્યના 1.23 કરોડ શેર્સનો ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે. તે સાથે આઇપીઓનું કુલ કદ રૂ. 599 કરોડ થવા પામે છે.

પ્રમોટર પીક XV પાર્ટનર્સ ઇન્વેસ્ટમેન્ટ V (અગાઉ એસસીઆઇ ઇન્વેસ્ટમેન્ટ્સ તરીકે ઓળખાતા) તેમજ શેરધારકો બિસ્ક લિમિટેડ અને લિંક ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ ઓએફએસ દ્વારા શેર્સ ઓફલોડ કરશે. પીક XV ઓફિસમાં 22.86 ટકા હિસ્સો ધરાવે છે, જ્યારે કે બિસ્ક અને લિંક ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ અનુક્રમે કંપનીમાં 23.47 ટકા અને 0.36 ટકા હિસ્સો ધરાવે છે.

ફ્રેશ ઇશ્યૂમાંથી પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ નવા સેન્ટર્સની સ્થાપના માટે મૂડી ખર્ચ, કાર્યકારી મૂડીની જરૂરિયાતો તથા કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરાશે. ઓફિસ ફ્લેક્સિબલ વર્કસ્પેસ સોલ્યુશન્સ પ્રદાન કરે છે, જેમાં ઇન્ડિવિડ્યૂઅલ ફ્લેક્સિબલ ડેસ્કની જરૂરિયાતોથી લઇને કોર્પોરેટ્સ માટે કસ્ટમાઇઝ્ડ ઓફિસ સ્પેસ સામેલ છે.જાહેર ભરણામાં ઇશ્યૂ સાઇઝના 75 ટકા ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યૂશનલ બીડર્સ (ક્યુઆઇબી), 15 ટકા નોન-ઇન્સ્ટિટ્યૂશનલ ઇન્વેસ્ટર્સ અને બાકીના 10 ટકા રિટેઇલ ઇન્વેસ્ટર્સ માટે અનામત રખાયા છે. રોકાણકારો લઘુત્તમ 39 ઇક્વિટી શેર્સ અને ત્યારબાદ 39 ઇક્વિટી શેર્સના ગુણાંકમાં બીડ કરી શકે છે.

# ખઝાંચી જ્વેલર્સ લિમિટેડે નાણાકીય વર્ષ 24ના કર બાદના નફામાં 261.13%નો ઉછાળો નોંધાવ્યો

(એજન્સી) મુંબઇ । તા. 22

ખઝાંચી જ્વેલર્સ લિમિટેડ (બીએસઇ: 543953), સોના, હીરા, કિંમતી પથ્થરો અને બુલિયન આઇટમ્સમાં વિશેષતા ધરાવતી અગ્રણી ભારતીય જ્વેલરી કંપનીમાંની એકે નાણાકીય વર્ષ 24ના બીજા અર્ધ વાર્ષિક અને નાણાકીય વર્ષ 24ના તેના ઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.

પ્રદર્શન અંગે ટિપ્પણી કરતા, ખઝાંચી જ્વેલર્સ લિમિટેડના ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી રાજેશ કુમારે જણાવ્યું, "અમને ખઝાંચી જ્વેલર્સ લિમિટેડ માટે પ્રશંસનીય વિકાસ પથની જાણ કરતાં આનંદ થઇ રહ્યો છે. વૈશ્વિક સ્તરે સોનાના દાગીનાના બીજા સૌથી મોટા ગ્રાહક તરીકે, ભારતે ક્રિસિલ રેટિંગની આગાહી પ્રમાણે નાણાકીય વર્ષ 24માં સંગઠિત ગોલ્ડ જ્વેલર્સની આવકમાં 16-18% આવકની વૃદ્ધિ જોઈ છે. અમારી કંપનીએ સોનાના વધતા ભાવને કારણે ઊભા થયેલા પડકારોને કુશળતાપૂર્વક મેનેજ કર્યા છે. અમારી સંચાલકીય કાર્યક્ષમતા અને મજબૂત બ્રાન્ડ અપીલે અમને મજબૂત વૃદ્ધિ અને નફાકારકતા ટકાવી રાખવા સક્ષમ બનાવ્યા છે.

નાણાકીય વર્ષ 24માં, વધતી માંગને પહોંચી વળવા અને અમારી બજાર ઉપસ્થિતિને વધારવામાં વ્યૂહાત્મક ક્ષમતા વિસ્તરણ અને પહેલ મહત્વપૂર્ણ હતા. ઉચ્ચ-ગુણવત્તાવાળી જ્વેલરી પ્રોડક્ટ્સ વિતરીત કરવાની અમારી પ્રતિબદ્ધતાએ અમારી કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કર્યો છે. વધુમાં, સોવકાર્પેટ, ચેન્નાઈમાં અમારો આગામી ફ્લેગશિપ શોરૂમ, જે મે 2025 સુધીમાં ખુલવાનો છે, તે અમારી બજાર સ્થિતિને વધુ મજબૂત કરશે અને અસાધારણ સેવા અને ઉત્પાદનો પ્રત્યેના અમારા સમર્પણ પર ભાર મૂકશે. આ સમયગાળા માટેના નાણાકીય પરિણામો આવક, EBITDA અને ચોખ્ખા નફામાં નોંધપાત્ર વધારો સાથે નોંધપાત્ર વેગ દર્શાવે છે, જે અમારી નાણાકીય વ્યૂહરચનાઓની અસરકારકતાને સ્પષ્ટપણે દર્શાવે છે. કુલ આવક અને EBITDA બંનેએ નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે, જે અમારી સતત કાર્યક્ષમતા અને નફાકારકતાને રેખાંકિત કરે છે.

# ગોદરેજ સિક્યોરિટી સોલ્યુશન્સ એનએક્સ એડવાન્સ્ડ લોકર્સ સાથે ચિંતામુક્ત મુસાફરીની પુનઃવ્યાખ્યા કરે છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

હોમ સિક્યોરિટીમાં અગ્રણી એવી ગોદરેજ એન્ડ બોય્સના ડિવિઝન ગોદરેજ સિક્યોરિટી સોલ્યુશન્સ તેના નવા ઈનોવેશનરૂપી એનએક્સ એડવાન્સ્ડ લોકર રેન્જ રજૂ કરતા ગર્વ અનુભવે છે. આ આધુનિક સિરીઝ ઘરની સુરક્ષાના દ્રષ્ટિકોણમાં પરિવર્તન લાવવા, ઘરના માલિકોને અદ્વિતીય સુરક્ષા અને વધુ ઉચ્ચ માનસિક શાંતિ પૂરી પાડવા માટે તૈયાર છે. એનએક્સ એડવાન્સ્ડ લોકર્સ આધુનિક ટ્રિપલ લોકિંગ મિકેનિઝમ ધરાવે છે જે તમામ વયજૂથના વપરાશકર્તાઓ માટે સુરક્ષિત વપરાશને સુનિશ્ચિત કરવા માટે ડિજિટલ, બાયોમેટ્રિક અને મિકેનિકલ લોક્સનું મિશ્રણ રજૂ કરે છે. આ લોકર્સ ઘૂસણખોરીની ચેતવણી માટે ઇનબિલ્ટ આઈબઝ એલાર્મ, વપરાશકર્તાની સુગમતા માટે અવાજ-આધારિત સ્વીકૃતિ, ઓછી બેટરી સૂચવતું ઇન્ડિકેટર, માસ્ટર પાસવર્ડ ક્ષમતા અને મિકેનિકલ ઓવરરાઇડ કી સહિતની અનેક નવીનતાઓ ધરાવે છે. આ એડવાન્સ્ડ ટેક્નોલોજી સાથે વપરાશકર્તાઓ તેમની મૂલ્યવાન વસ્તુઓ સુરક્ષિત અને સલામત છે તે જાણીને ચિંતામુક્ત પ્રવાસ કરી શકે છે. ગોદરેજ સિક્યોરિટી સોલ્યુશન્સના એક્ઝિક્યુટિવ વાઇસ પ્રેસિડેન્ટ અને બિઝનેસ હેડ શ્રી પુષ્કર ગોખલેએ જણાવ્યું હતું કે, "ગોદરેજ સિક્યોરિટી સોલ્યુશન્સ સમગ્ર ભારતના પરિવારો માટે એક વિશ્વસનીય ગાર્ડિયન તરીકે ઊભી છે, જે આવનારી પેઢીઓ માટે સુરક્ષા સુનિશ્ચિત કરે છે. અમારા નવા કેમ્પેઈન સાથે, અમારો ઉદ્દેશ્ય લોકોને માહિતગાર નિર્ણયો લેવા સક્ષમ બનાવવાનો અને પ્રવાસને લગતી ચિંતાઓને દૂર કરવાનો છે.

# મહિન્દ્રા ફાઈનાન્સ ગ્રામીણ અને અર્ધશહેરી વિસ્તારોમાં ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ્સનું વિસ્તરણ કરશે, IRDAI પાસેથી કોર્પોરેટ એજન્સીનું લાયસન્સ મેળવ્યું

(એજન્સી) મુંબઇ । તા. 22

ભારતની અગ્રણી નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપની મહિન્દ્રા ગ્રુપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડ ("મહિન્દ્રા ફાઇનાન્સ")એ IRDAI (કોર્પોરેટ એજન્સી લાયસન્સ) પાસેથી વીમા અધિનિયમ હેઠળ કોર્પોરેટ એજન્ટ તરીકે કામ કરવાનું લાયસન્સ મેળવ્યું હોવાની જાહેરાત કરી છે. આ લાયસન્સ મહિન્દ્રા ફાઈનાન્સને કંપનીના ગ્રાહક કેન્દ્રિત અભિગમમાં વધારો કરવા ઉપરાંત તેના ગ્રાહકોને વ્યાપકપણે ઈન્સ્યોરન્સ પ્લાન ઓફર કરવા સક્ષમ બનાવશે.

કોર્પોરેટ એજન્સી લાયસન્સની મદદથી ઈન્સ્યોરન્સ સોલ્યુશન્સને ઈનકોર્પોરેટ કરતાં મહિન્દ્રા ફાઈનાન્સના પ્રોડક્ટ પોર્ટફોલિયોને વિસ્તરિત કરવામાં મદદ કરશે. જે ગ્રાહકોને એક જ કંપનીમાં નાણાકીય અને ઈન્સ્યોરન્સ સંબંધિત જરૂરિયાતો મેળવવા સક્ષમ બનાવશે. કંપની ડગલે અને પગલે તેનું વિસ્તરણ કરતાં બ્રાન્ચ નેટવર્કના સમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરી આવક અને નફામાં વૃદ્ધિ નોંધાવશે. આ અંગે મહિન્દ્રા ફાઈનાન્સના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ રાઉલ રેબેલોએ જણાવ્યું હતું કે, "કોર્પોરેટ એજન્સી લાયસન્સ હાંસલ કરવુ એ અમારા માટે મહત્વપૂર્ણ પળ છે, જે અમને અમારા ગ્રાહકોને શ્રેષ્ઠ પ્રોડક્ટ્સ અને સર્વિસ પ્રદાન કરવા સશક્ત બનાવે છે. આ નવુ ડાયવર્સિફિકેશન મહિન્દ્રા ફાઈનાન્સના 1360થી વધુ બ્રાન્ચમાં ગ્રાહકોને પર્સનલાઈઝ્ડ સર્વિસ પ્રદાન કરતાં નવા રેવેન્યૂ મોડલ્સ શરૂ કરશે. જે તેના અનુભવમાં વધારો કરશે. અમારી ક્ષમતાઓ અને સેવાઓના વિસ્તરણ સાથે અમારો ઉદ્દેશ ઈનોવેશનને પ્રોત્સાહન આપી ઉભરતા ભારતને પસંદગીનું ફાઈનાન્સર બનાવવાના પ્રવાસમાં અમારા ગ્રાહકો અને સ્ટેક હોલ્ડર્સને લાભ આપવાનો છે." કંપનીનો કોર્પોરેટ એજન્સી બિઝનેસમાં પ્રવેશની સાથે પોલિસી, પ્રક્રિયા, અને આંતરિક નિયંત્રણો સહિત એક મજબૂત અનુપાલન માળખું IRDAIની અનિવાર્ય રેગ્યુલેટરી જરૂરિયાતોનુ પાલન કરવાની ખાતરી આપે છે. આ બિઝનેસ મોડલનું મુખ્ય પરિબળ ઈન્સ્યોરટેક્સ સાથે જોડાણો અને ઓપરેશનલ કાર્યક્ષમતા છે. મહિન્દ્રા ફાઈનાન્સ મેન્યુઅલ કામગીરી ઘટાડી કાર્યક્ષમતામાં સુધારો કરવા ટેક્નોલોજી ઈનોવેશનમાં ક્રાંતિ લાવશે. જેના માટે ઈન્સ્યોરટેક્સ સાથે મળી ક્વોટ જનરેશન, પોલિસી મેનેજમેન્ટ અને ક્લેમ સપોર્ટ જેવી પ્રક્રિયાઓના ઓટોમેશન પર કામ કરશે. IRDAI દ્વારા કોર્પોરેટ એજન્ટ તરીકે કામ કરવાની પરવાનગી આપતુ કોર્પોરેટ એજન્સી લાયસન્સ મહિન્દ્રા ફાઈનાન્સને વિવિધ વીમા કંપનીઓ વતી લાઈફ ઈન્સ્યોરન્સ, હેલ્થ ઈન્સ્યોરન્સ, જનરલ ઈન્સ્યોરન્સ સહિત તમામ પ્રકારની ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ અને સર્વિસના વેચાણ, વિતરણ, જાહેરાત, માર્કેટિંગનો બિઝનેસ કરવા સક્ષમ બનાવશે. ભારતના ગ્રામીણ અને અર્ધશહેરી વિસ્તારોમાં ઈન્સ્યોરન્સનું માર્કેટ મેટ્રો અને ટિઅર-1 શહેરોની તુલનાએ ખૂબ ઓછું છે.

# ક્લબ મહિન્દ્રાના પુડુચેરી રિસોર્ટમાં 'મિની ફ્રાન્સ'ના અનુભવનો લ્હાવો મેળવો

(એજન્સી) પુડુચેરી । તા. 22

ભારતના સૌથી વધુ પ્રચલિત પ્રવાસન સ્થળ અને જૂના વારસા અને પ્રકૃતિનું આકર્ષણ ધરાવતા પુડુચેરીનો વિચાર આવે ત્યારે મગજમાં સૌ પ્રથમ 'ફ્રેન્ચ ટાઉન ઓફ ઈન્ડિયા'ની યાદ આવે. જેના અનુભવનો લ્હાવો તમે પુડુચેરીમાં સ્થિત ક્લબ મહિન્દ્રાના આ ફ્રેન્ચ વન્ડરલેન્ડમાં લઈ શકો છો. શાંત માહોલ વચ્ચે સ્થિત અને સુંદર દરિયાઈ રમણીય દ્રશ્યો સાથે ક્લબ મહિનદ્રા પુડુચેરી વેકેશનને જીવનભરની યાદગીરી બનાવવા માગતા પરિવારોને અજોડ અનુભવ આપે છે.

20 એકરથી વધુ ઉષ્ણકટિબંધીય હરિયાળીમાં વિસ્તરેલો આ રિસોર્ટ ટાઈટેનિયમ ડાયોક્સાઈડના બુદ્ધિશાળી ઉપયોગ અને ગ્લાસ કવરેજ ધરાવતી ઈમારતો સાથે સજ્જ છે. રિસોર્ટનું બાંધકામ જૂના અને આધુનિક સૌંદર્યનું સંપૂર્ણ મિશ્રણ ધરાવે છે. આ તત્વો ઉષ્ણકટિબંધીય સુકા લીલા જંગલ સાથે એકરૂપ થઈ પર્યાવરણની સુંદરતા માણવાનો મોકો આપે છે. સુંદર રીતે શણગારેલા વિશાળ 125 રૂમો પરિવારજનોને એકબીજા સાથે ક્વોલિટી ટાઈમ પસાર કરવાની ખાતરી આપે છે. ક્લબના સભ્યો આરામદાયક અનુભવ સાથે વેકેશનની મજા માણી શકે તે હેતુ સાથે રિસોર્ટમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ છે. તમામ વયજૂથને ધ્યાનમાં રાખી વિવિધ એક્ટિવિટી દ્વારા સભ્યોને મનોરંજન પણ પૂરુ પાડે છે. ક્લબ મહિન્દ્રા પુડુચેરી પાસે તમામ માટે કંઈક છે. જેમાં ખાનગી બીચ પર ચાલવાથી માંડી એડવેન્ચરથી સજ્જ વોટર એક્ટિવિટી, એટીવી બીચ રાઈડ્સ, શહેરમાં ઈ-સાયકલ ટુર્સ સહિત પ્રત્યેક માટે એક્ટિવિટી ઉપલબ્ધ છે. સભ્યો દર શનિવારે પારંપારિક કાર્યક્રમના દિવસોમાં સ્થાનિક સંસ્કૃતિને જોઈ-માણી શકે છે. વધુમાં ગ્રાહકો સવારમાં યોગ અને દરિયાઈ મોજાના અવાજ સાથે પ્રકૃતિના ખોળે રહેવાનો આનંદ અનુભવી શકો છો. રિસોર્ટનો હેપ્પી હબ સેક્શન ખૂબ જ આકર્ષક છે, જે ઝોર્બિંગ, આર્ચરી,



પેઈન્ટિંગ સહિત અન્ય ઘણી એન્ટરટેઈનિંગ એક્ટિવિટી ઓફર કરે છે. ક્લબ મહિન્દ્રા રિસોર્ટ્સમાં સ્વાદિષ્ટ ભોજન પણ માણી શકો છો. જે પુડુચેરીમાં અનન્ય ડાઈનિંગ એક્સપિરિયન્સ પ્રદાન કરે છે. રિસોર્ટમાં બે રેસ્ટોરન્ટ છે. જેમાં સિશેલ્ઝ તમિલ, ફ્રેન્ચ, ફ્યુઝન ડીશ ઓફર કરે છે. જ્યારે બીજી ઓપન-એર સિફૂડ રેસ્ટોરન્ટ ફિન્ઝ છે. જ્યાં સીફૂટ પ્રેમીઓ મજેદાર વાનગીઓનો લ્હાવો લઈ શકે છે. આ સિવાય રેસ્ટોરન્ટમાં ખાસ પ્રસંગોની ઉજવણીને અનુરૂપ સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવે છે. મહેમાનો રિસોર્ટની મર્યાદાની બહાર પણ સાહસ કરી શકે છે અને નજીકના ઐતિહાસિક સીમાચિહ્નો, જેમ કે આઇકોનિક અરબિંદો આશ્રમ શોધવા માટે માર્ગદર્શિત પ્રવાસો શરૂ કરી શકે છે. રિસોર્ટનું અનુકૂળ સ્થાન પુડુચેરીના પ્રાચીન દરિયાકિનારા, જેમ કે પ્રોમેનેડ બીચ, પેરેડાઇઝ બીચ અને સેરેનિટી બીચ પર આરામદાયક પ્રવેશ પ્રદાન કરે છે. તે બેકવોટર અને મેન્ગ્રોવ ફોરેસ્ટની નજીકના વિસ્તારનો પણ આનંદ માણે છે જ્યાં સભ્યો અનોખા બોટિંગ અનુભવો માણી શકે છે. જે લોકો હસ્તકલાનો આનંદ માણે છે, તેઓ માટે પુડુચેરી નગર જોવા જેવું છે. સભ્યો પુડુચેરી શહેરમાં હસ્તકલા ખરીદી શકે છે, જે તેમના અદ્ભુત વેકેશનને આદર્શ સમાપ્તિ સ્પર્શ પ્રદાન કરે છે. પુડુચેરીની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ મહિનો જૂન છે, વરસાદની મોસમ શરૂ થાય તે પહેલાં. વધુમાં, ઓક્ટોબર અને નવેમ્બર મનમોહક સ્થળની મુલાકાત લેવા માટે આદર્શ મહિના છે. ક્લબના મહેમાનો રિસોર્ટની મર્યાદાની બહાર પણ એડવેન્ચરનો લાભ લઈ શકે છે. તેઓ પુડુચેરીમાં સ્થિત આઈકોનિક ઓરોબિંદો આશ્રમ સહિત ઐતિહાસિક સ્મારકોની મુલાકાત લઈ શકે છે. પ્રોમેનેડ બીચ, પેરાડાઈઝ બીચ, સેરેનિટી બીચ જેવા પ્રાચીન બીચ પર દરિયાઈ સુંદરતાનો લાભ લઈ શકે છે. તેઓ બેકવોટર અને મેન્ગ્રોવ ફોરેસ્ટની નજીકના વિસ્તારોમાં પ્રકૃતિના સૌંદર્યને માણી શકે છે. યુનિક બોટિંગ કરી શકે છે. તદુપરાંત સ્થળની હસ્તકળાને નિહાળી ખરીદી પણ કરી શકે છે. જે તમારા વેકેશનને યાદગાર બનાવતી સ્મૃતિ તરીકે તમારી સાથે રહેશે. પુડુચેરીની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય જૂન છે. આ મહિનામાં અહીં ચોમાસુ શરૂ જ થઈ રહ્યુ હોય છે

# મોદી સરકારની યોજનાથી લોકો ખૂબ નારાજ છે : પ્રશાંત કિશોરનો દાવો

■ કૃષિ કાયદો, CAA-NRCનો વિરોધ અને SC-ST એક્ટનો સમાવેશ થાય છે. કૃષિ કાયદાઓ પાછા ખેંચવા, CAA-NRC લાગુ કરવામાં વિલંબ તેમજ SC-ST એક્ટના કારણે પણ સરકારને 7-8 દિવસમાં પોતાના નિર્ણયો પાછા ખેંચવા પડ્યા હતા.'

(એજન્સી) નવી દિલ્હી | તા 22

લોકસભા 2024ની ચૂંટણી માટે પાંચ તબક્કાનું મતદાન થઈ ગયું છે. અને હવે ત્રણ તબક્કાનું મતદાન બાકી છે. ચૂંટણીનું પરિણામ ચોથી જૂને જાહેર થશે. ત્યારે લોકોને ખબર પડી જશે કે કોની સરકાર બનશે. આ વચ્ચે ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર એ મોદી સરકારની એક યોજના વિશે વાત કરતા દાવો કર્યો છે કે આ યોજનાથી લોકો ખૂબ જ નારાજ છે. પ્રશાંત કિશોરે એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું કે, 'મને લાગે છે કે ભાજપ ગત ચૂંટણીમાં જેટલી બેઠક મળી હતી એટલી જ બેઠકો કે તેનાથી થોડી વધુ મેળવવામાં સફળ થશે. પ્રશાંત કિશોરે વાતચીતમાં આગણ જણાવ્યું હતું કે, 'આગામી દિવસોમાં વિપક્ષની નબળી પડી રહેલી સ્થિતિ વચ્ચે લોકો જ વિપક્ષની ભૂમિકા ભજવશે. વર્ષ 2014-2019ની વચ્ચે લોકોએ ભૂમી અધિગ્રહણ બિલનો ઉગ્ર વિરોધ કર્યો હતો.



સરકાર આ બાબતે વટહુકમ લાવતી રહી. પરંતુ અંતે સરકારને ઝૂકવું પડ્યું હતું. વડાપ્રધાન મોદીના પ્રથમ કાર્યકાળ દરમિયાન આ એકમાત્ર વિરોધ હતો. તો 2019-2024 વચ્ચે એટલે કે બીજા કાર્યકાળમાં સરકાર વધુ તાકાત સાથે બની, પરંતુ વિપક્ષના આંકડા પણ વધ્યા હતા.' આ ઉપરાંત વધુમાં પ્રશાંત કિશોરના જણાવ્યા મુજબ 'મોદી સરકારને તેના બીજા કાર્યકાળમાં ત્રણ વખત લોકો સમક્ષ ઝૂકવું પડ્યું હતું. તેમાં કૃષિ કાયદો, CAA-NRCનો વિરોધ અને SC-ST એક્ટનો સમાવેશ થાય છે. કૃષિ કાયદાઓ પાછા ખેંચવા, CAA-NRC લાગુ કરવામાં વિલંબ તેમજ SC-ST એક્ટના કારણે પણ સરકારને 7-8 દિવસમાં પોતાના નિર્ણયો પાછા ખેંચવા પડ્યા હતા.' પ્રશાંત કિશોરે હવે પછીના કાર્યકાળ વિશે પણ આવી જ આગાહીઓ વ્યક્ત કરતાં કહ્યું હતું કે 'આવનારા સમયમાં આવા વધુ દેખાવો જોવા મળશે. તેમજ આગામી પાંચ વર્ષમાં ગ્રામીણ અર્થવ્યવસ્થા, જીએસટીથી થતા નુકસાન અને અનામત સંબંધિત બેરોજગારી સાથે જોડાયેલા મુદ્દાઓ પર દેખાવ જોવા મળશે.'

## યોગીની મોટી જાહેરાત, આઝમગઢનું નામ બદલીને કરશે 'આર્યમગઢ'

(એજન્સી) નવી દિલ્હી | તા 22

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મંગળવારે જિયનપુરમાં આયોજિત ચૂંટણી જનસભામાં સપા અને કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. સીએમ એ કહ્યું કે, તમે પાંચ વર્ષનો સમય આપો આઝમગઢનું નામ બદલીને 'આર્યમગઢ' કરી દઈશું.

યોગી આદિત્યનાથે કહ્યું કે, જનતાને સૈફઈ પરિવાર લૂંટવા આવ્યો છે. તેમણે કહ્યું કે, સપા સરકારમાં આઝમગઢમાં એરપોર્ટ કેમ બનાવવામાં ન આવ્યું ? યુનિવર્સિટીની સ્થાપના કેમ કરવામાં ન આવી? સંગીત વિશ્વવિદ્યાલય કેમ બનાવવામાં ન આવી? દેશમાં જ્યારે પણ કોઈ મોટી આતંકવાદી ઘટના બની તો આઝમગઢના સંજરપુર અને સરાયમીરનું નામ ચર્ચામાં આવ્યુ. નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બનશે.દોઢ વર્ષમાં દિનેશ લાલ યાદવ નિરહુઆએ આઝમગઢમાં ઘણું કામ કર્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, તેમાં કોઈ શંકા નથી કે, નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે અને દેશમાં ભાજપ 400 પાર થવા જઈ રહી છે. એક ભારત શ્રેષ્ઠ ભારતની સંકલ્પના સાથે નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા માટે સમગ્ર દેશમાં લહેર ચાલી રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, 80 કરોડ લોકોને રાશન, ગરીબો માટે આયુષ્માન કાર્ડ, કિસાન સન્માન નિધિ, શૌચાલય, ઉજ્જવલા ગેસ જેવી તમામ યોજનાઓ લાગુ કરી દેશને સમૃદ્ધ બનાવવામાં આવી રહ્યો છે. દેશમાં હાઈવે, રેલવે, મેટ્રો, નમો ભારત, અમૃત ભારત, કમિશનરેટ, યુનિવર્સિટી, આઈઆઈટી કોલેજ જેવી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી રહી છે.

### આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ નિમિત્તે

## ઉત્તરાખંડ જૈવવિવિધતા બોર્ડ અને UCOST દ્વારા સંયુક્ત રીતે આયોજિત કાર્યક્રમ યોજાયો

(એજન્સી) દેહરાદૂન । તા.22

આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ નિમિત્તે, 22 મે 2024 ના રોજ, ઉત્તરાખંડ જૈવવિવિધતા બોર્ડ અને ઉત્તરાખંડ સ્ટેટ કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સંયુક્ત રીતે ઝોનલ સાયન્સ સેન્ટર, UCOST ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની મુખ્ય થીમ બી એ પ્લાનનો એક ભાગ હતો. પદ્મ ભૂષણ, ડો.અનિલ પ્રકાશ જોષી આ કાર્યક્રમના મુખ્ય મહેમાન હતા. કાર્યક્રમની શરૂઆત ઉત્તરાખંડ જૈવવિવિધતા બોર્ડ દ્વારા આયોજિત ફોટો પ્રદર્શનથી કરવામાં આવી હતી. યુસીઓએસટીના જોઈન્ટ ડાયરેક્ટર ડો. ડી.પી. ઉન્યાલે તમામ મહેમાનોનું સ્વાગત કર્યું અને જૈવવિવિધતા સંરક્ષણ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમણે કહ્યું કે વિજ્ઞાન આધારિત અભિયાનોની સફળતા જનજાગૃતિ અને ભાગીદારી પર નિર્ભર છે. કાર્યક્રમના મુખ્ય મહેમાન ડો.અનિલ પ્રકાશ જોષીએ હિમાલય પ્રદેશની જૈવવિવિધતા અને તેના સંરક્ષણ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું કે ઈકોલોજી અને અર્થતંત્ર વચ્ચેના પરસ્પર સહયોગથી જ આપણે સર્વાંગી વિકાસની કલ્પના કરી શકીએ છીએ. તેમણે કહ્યું કે હિમાલયનો પ્રદેશ



જૈવવિવિધતાના હોટસ્પોટ હોવા ઉપરાંત કુદરતી આફતોની દૃષ્ટિએ પણ ખૂબ જ સંવેદનશીલ છે, તેથી આ ક્ષેત્રમાં વિજ્ઞાન આધારિત વિકાસની ભૂમિકા વધુ વધે છે. તેમણે કહ્યું કે ઈકોસિસ્ટમને સંતુલિત કરવા માટે, આપણે સ્થાનિક સમુદાયોની મહત્વપૂર્ણ ભૂમિકાને ઓળખવી પડશે અને તેમના કૌશલ્ય વિકાસ અને ક્ષમતા નિર્માણ પર પણ ધ્યાન આપવું પડશે. તેમણે કહ્યું કે આપણે પર્યાવરણ સુરક્ષાના ક્ષેત્રમાં ડેટા આધારિત સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. જૈવવિવિધતા બોર્ડના સદસ્ય સચિવ શ્રી આર.કે. મિશ્રાએ જૈવવિવિધતા વ્યવસ્થાપન સમિતિના કાર્યો, ધ્યેયો અને આગામી પ્રસ્તાવ વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે પ્રકૃતિ સંરક્ષણ એ આપણા સૌની જવાબદારી છે અને આપણે તેમાં સહકાર આપવો જોઈએ. આ પ્રસંગે બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા વિતેલા વર્ષોમાં વિવિધ ક્ષેત્રોમાં કરાયેલી કામગીરી અને સૂચિત જૈવવિવિધતા સ્થળોની માહિતી આપવા માટે એક ટૂંકી ફિલ્મનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બોર્ડ દ્વારા આયોજિત રાજ્ય પ્રતીક ફોટોગ્રાફી સ્પર્ધા અને વિવિધ શાળાઓમાં આયોજિત કલા સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા અને નિબંધ લેખન સ્પર્ધાના વિજેતાઓનું પણ કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નેસ્ટ મેન ઓફ ઈન્ડિયા શ્રી રાકેશ ખત્રીએ દરેકને તેમના કાર્ય વિશે માહિતગાર કર્યા અને કહ્યું કે આપણે પક્ષીઓ માટે માળાઓ અને ફીડરની વ્યવસ્થા કરીને પર્યાવરણને પણ મદદ કરી શકીએ છીએ.

## હોમ ક્રેડિટ ઈન્ડિયા દ્વારા 'ધ ગ્રેટ ઈન્ડિયન વૉલેટ' અભ્યાસ નાણાકીય સુખાકારીમાં વધતો આત્મવિશ્વાસ દર્શાવે છે

### બે તૃતીયાંશ ગ્રાહકો બચત અને રોકાણ કરતાં હોવાનો દાવો કરે છે

(એજન્સી) અમદાવાદ । તા. 22

અગ્રણી વૈશ્વિક કન્ઝ્યુમર ફાઈનાન્સ પ્રોવાઈડરની સ્થાનિક શાખા, હોમ ક્રેડિટ ઈન્ડિયા (HCIN) એ તેના ઈન-હાઉસ વાર્ષિક કન્ઝ્યુમર સર્વેની બીજી આવૃત્તિ - ધ ગ્રેટ ઈન્ડિયન વૉલેટ સ્ટડી: મુખ્ય નાણાકીય પાસાઓ પ્રત્યે ગ્રાહક વર્તન બહાર પાડી. ગ્રેટ ઈન્ડિયન વૉલેટનો અભ્યાસ દિલ્હી-એનસીઆર, મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ, બેંગલુરુ, હૈદરાબાદ, અમદાવાદ, પુણે, લખનઉ, જયપુર, ભોપાલ, પટના, રાંચી, ચંદીગઢ, દહેરાદૂન, લુધિયાણા અને કોચી સહિત 17 શહેરોમાં હાથ ધરવામાં આવ્યો હતો. નમૂનાનું કદ આશરે હતું. 18-55 વર્ષની વય જૂથમાં 2500, વાર્ષિક આવક રૂ. 2 લાખથી રૂ. 5 લાખ. આ તારણો પર બોલતા, હોમ ક્રેડિટ ઈન્ડિયાના ચીફ માર્કેટિંગ ઓફિસર, આશિષ તિવારીએ કહ્યું: "ગ્રેટ ઈન્ડિયન વૉલેટનો અભ્યાસ અમારા દિશાસૂચકયંત્ર તરીકે કામ કરે છે, જે અમને દર વર્ષે ગ્રાહક નાણાકીય વર્તણૂકના જટિલ લેન્ડસ્કેપ દ્વારા માર્ગદર્શન આપે છે. અંતર્ગત વર્તણૂકના વલણોની તપાસ કરીને, અમે ઘરની નાણાકીય સ્થિરતા અને નાણાકીય વ્યવહારોમાં તકનીકી સાથે સંકળાયેલા સંભવિત જોખમો વિશે મૂલ્યવાન આંતરદૃષ્ટિ મેળવીએ છીએ. આ વર્ષનો અભ્યાસ મજબૂત આર્થિક વૃદ્ધિને કારણે શહેરી અને અર્ધ-શહેરી ગ્રાહકોમાં એકંદર નાણાકીય સુખાકારીમાં વૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે, અને ગ્રાહક ભાવનાઓ, ખર્ચની પદ્ધતિઓ અને વિવિધ વસ્તી વિષયક અને સેગમેન્ટ્સમાં બચતની આદતોની સ્પષ્ટ સમજ પૂરી પાડે છે.' પ્રાદેશિક રીતે, 2024 માં, અમદાવાદમાં, 2024 માં સરેરાશ વ્યક્તિગત માસિક આવક 33 હજાર છે, જે 2023 માં 32 હજાર થી થોડી વધારે છે, જ્યારે 2023 માં 18 હજાર ની તુલનામાં 2024 માં નિયત માસિક ખર્ચ 19 હજાર પર સ્થિર રહ્યો છે. આ સ્થિર ખર્ચ હોવા છતાં, 2024 માં માત્ર 58% ઉત્તરદાતાઓ બચત કરવામાં સક્ષમ હતા, જે 2023 માં 63% થી નીચે છે. આવશ્યક માસિક ખર્ચ મુખ્યત્વે કરિયાણા (25%), ભાડું (21%), મુસાફરી (20%), બાળકોનું શિક્ષણ (13%), તબીબી ખર્ચ (8%), વીજળી (7%), રસોઈ ગેસ (4%) અને મોબાઈલ બિલ (2%) માટે ફાળવવામાં આવે છે. વિવેકાધીન ખર્ચ કરવાની ટેવ સ્થાનિક મુસાફરી અને જોવાલાયક સ્થળો (27%), બહાર જમવા જવું (23%), મૂવીઝ (10%), ફિટનેસ (1%) અને OTT એપ્લિકેશન્સ (2%) માટે પસંદગી દર્શાવે છે.

### પીએમ મોદીની રેલી પહેલાં મોટી કાર્યવાહી

## ભાજપે દિગ્ગજ ભોજપુરી સ્ટારને પાર્ટીમાંથી તગેડી મૂક્યાં

(એજન્સી) નવી દિલ્હી | તા 22

બિહારની કારાકાટ લોકસભા બેઠકથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા ભોજપુરી સ્ટાર પવન સિંહની ભાજપે પાર્ટીમાંથી હકાલપટ્ટી કરી દીધી છે. વડાપ્રધાન મોદીની કારાકાટમાં એનડીએ ઉમેદવાર રાષ્ટ્રીય લોક મોર્ચા (RLM) ના અધ્યક્ષ ઉપેન્દ્ર કુશવાહાના સમર્થનમાં જાહેર સભા પહેલા જ ભાજપે આ મોટી કાર્યવાહી કરી હતી.



બિહારના ભાજપ અધ્યક્ષ સમ્રાટ ચૌધરીના નિર્દેશ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ભાજપમાં બળવો પોકાર પવન સિંહે કારાકાટથી અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી જેનાથી એનડીએ ઉમેદવાર ઉપેન્દ્ર કુશવાહાની મુશ્કેલી વધી ગઈ હતી. અગાઉ 2024ની લોકસભા ચૂંટણી માટે જપવન સિંહને પશ્ચિમ બંગાળની આસનસોલ લોકસભા બેઠક પરથી ભાજપે ઉમેદવાર બનાવ્યા હતા. પરંતુ તેમણે ત્યાંથી ચૂંટણી નહીં લડવાનું કહીને ટિકિટ પરત કરી દીધી હતી. મૂળ ભોજપુર જિલ્લાના પવન સિંહે દક્ષિણ બિહારની કારાકાટ લોકસભા બેઠક પરથી અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. કારાકાટમાં સાતમા તબક્કામાં 1 જૂને મતદાન થવાનું છે. પવનની એન્ટ્રી સાથે જ કારાકાટની લડાઈ હવે ત્રિકોણીય બની ગઈ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### દક્ષિણ ભારતની દિગ્ગજ પાર્ટીના MLAની ગુંડાગર્દી, પોલિંગ બૂથમાં જ EVM તોડ્યું



(એજન્સી) નવી દિલ્હી | તા 22

દક્ષિણ ભારતના રાજ્ય આંધ્રપ્રદેશમાં શાસક પક્ષ YSRCP ના ધારાસભ્ય પી રામકૃષ્ણ રેડ્ડીનો મતદાન કેન્દ્રમાં ગુંડાગર્દી કરવાનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં રેડ્ડી કથિત રીતે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) ને તોડતા જોવા મળી રહ્યાં છે. તેઓ મતદાન કર્મચારીઓને ધમકાવતા પણ જોવા મળે છે. હાલ આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ ચૂંટણી પંચે તપાસ શરૂ કરી છે. આ ઘટના 13 મેના રોજ બની હતી. ચૂંટણી પંચે કહ્યું, અમે વીડિયો પોલીસને સોંપ્યો છે અને તપાસમાં મદદ કરવા કહ્યું છે. આંધ્રપ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું કે, માચરલા વિધાનસભા મતવિસ્તારના મતદાન મથક નંબર 202 અને 7 પર EVM તોડી નાખવાની ઘટના પ્રકાશમાં આવી હતી. અહીંના વર્તમાન ધારાસભ્ય પી રામકૃષ્ણ રેડ્ડી ઈવીએમને જમીન પર પછાડતા વેબ કેમેરામાં રેકોર્ડ થયા છે. પલાનાડુ જિલ્લા ચૂંટણી અધિકારીઓએ મતદાન મથકોના વીડિયો ફૂટેજ પોલીસને સોંપ્યા છે. પોલીસને ઘટનાની તપાસ કરવા જણાવાયું છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ધારાસભ્યનું નામ તપાસમાં આરોપી તરીકે સામેલ કરવામાં આવ્યું છે. ચૂંટણી પંચે કહ્યું કે, અમે આ મામલાને ખૂબ ગંભીરતાથી લીધો છે. સીઈઓ મુકેશ કુમાર મીણાને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ ડીજીપીને આ ઘટનાઓમાં સામેલ તમામ લોકો સામે કડક કાર્યવાહી કરવા જણાવે.વિપક્ષના નેતા અને તેલુગુ દેશમ પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ નારા લોકેશે આરોપ લગાવ્યો કે મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડીની પાર્ટીના ધારાસભ્યએ ચૂંટણીમાં હારના ડરથી EVM તોડવાનો પ્રયાસ કર્યો છે. તેમણે X પર કથિત ઘટનાનો વીડિયો પણ શેર કર્યો છે.

### ચારધામ યાત્રામાં હજારો શ્રદ્ધાળુઓ દર્શન વગર ઘરે પરત ફર્યા, સરકારના દાવા પોકળ સાબિત થયાં

(એજન્સી) નવી દિલ્હી | તા 22

દેશભરમાંથી લાખો શ્રદ્ધાળુઓ દર વર્ષે ચારધામ યાત્રાએ જતા હોય છે. ત્યારે આ વખતે પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉત્તરાખંડ ચારધામ યાત્રામાં આવી રહ્યા છે. અત્યાર સુધીના 10 દિવસમાં સાત લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ચાર ધામની મુલાકાત કરી લીધી છે. જોકે આ વખતે સરળ ચાર ધામ માટે સરકાર અને વહીવટીતંત્રના પ્રયાસો ફળી રહ્યા નથી. યાત્રા માટે આવેલા અનેક શ્રદ્ધાળુઓ ધામોના દર્શન કર્યા વગર જ ઘરે પરત ફરવા લાગ્યા છે. ચારધામની યાત્રા માટે વહીવટીતંત્રે કામચલાઉ નોંધણીની પ્રકિયા પણ શરૂ કરી હતી, પરંતુ અત્યાર સુધીમાં લગભગ ચાર હજાર શ્રદ્ધાળુઓ ઋષિકેશથી જ ઘરે પરત ફર્યા છે. પરત ફરેલા તીર્થયાત્રીઓએ કહ્યું કે તે દુર્ભાગ્યપૂર્ણ છે કે તેઓ ઉત્તરાખંડ પહોંચ્યા પછી પણ ધામના દર્શન કરી શક્યા નથી. આ તેના જીવનનો સૌથી ખરાબ અનુભવ છે. ઉલ્લેખનીય છે કે આ લોકોને કામચલાઉ નોંધણી માટે રોકી દેવામાં આવ્યા હતા અને પછી આ સિસ્ટમ પણ બંધ કરી દેવાઈ હતી. ઑફલાઈન રજિસ્ટ્રેશન બંધ હતું ત્યારે ઋષિકેશમાં રોકાયેલા લગભગ 12 હજાર યાત્રાળુઓને ધામની મુલાકાત લેવાની મંજૂરી આપવા વહીવટીતંત્રે કામચલાઉ નોંધણીની વ્યવસ્થા કરી હતી. વહીવટીતંત્રની યોજના હતી કે કામચલાઉ નોંધણી કર્યા પછી, આ યાત્રાળુઓને પવિત્ર સ્થળોએ મોકલવામાં આવશે, પરંતુ આવું કંઈ થઈ શક્યું નહીં. વહીવટીતંત્રે સોમવારે સાંજે લગભગ 5 વાગ્યે આ હંગામી ધોરણે થતી નોંધણીની સિસ્ટમ પણ બંધ કરી દીધી હતી. ટ્રાન્ઝિટ કેમ્પ એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર, 12 હજારની સામે માત્ર છ હજાર યાત્રાળુઓ જ કામચલાઉ નોંધણી કરાવી શક્યા હતા. બાકીના છ હજાર પૈકી ચાર હજાર જેટલા યાત્રિકો દર્શન કર્યા વિના પરત ફર્યા છે. લગભગ અઢી હજાર શ્રદ્ધાળુઓ હજુ પણ ટ્રાન્ઝિટ કેમ્પ પરિસર તેમજ ધર્મશાળાઓમાં રોકાયા છે.

### અખિલેશ યાદવની સતત ત્રીજી રેલીમાં ભીડ બેકાબૂ થઈ, નાસભાગ જેવી સ્થિતિ સર્જાતા અફરા-તફરી

(એજન્સી) આઝમગઢ | તા 22

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની વધુ એક રેલીમાં હજારો લોકો ઉમટી પડયા હતા, જેને કારણે તેમની રેલીઓમાં નાસભાગ જોવા મળી રહી છે. અગાઉ ફૂલપુર બાદમાં સંતકબીરનગર અને હવે આઝમગઢમાં ચૂંટણી પ્રચાર દરમિયાન અખિલેશની રેલીમાં ભીડ બેકાબૂ થઇ ગઇ હતી, જેને કારણે રેલીમાં ભારે નાસભાગ જોવા મળી હતી. ભારે ભીડના વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યા હતા. અગાઉ રાહુલ ગાંધી અને અખિલેશ યાદવે પ્રયાગરાજમાં રેલી યોજી તો એટલી બધી ભીડ હતી કે બન્ને નેતાઓએ ભાષણ આપ્યા વગર જ જતા રહેવુ પડયું હતું. લોકો સ્ટેજ સુધી ધસી આવ્યા હતા. આ જ સ્થિતિ અખિલેશની વધુ એક રેલીમાં જોવા મળી હતી. આ પહેલા સંતકબીરનગરમાં અખિલેશની રેલીમાં મોટી સંખ્યામાં સમાજવાદી પાર્ટીના કાર્યકર્તાઓ એકઠા થયા હતા અને બેરીકેડ્સ તોડી સ્ટેજ સુધી ધસી આવ્યા હતા. જેને કારણે અફરા તફરીનો માહોલ જોવા મળ્યો હતો. જેનો પણ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. લોકો અખિલેશ યાદવ સાથે સેલ્ફી લેવા માટે પડાપડી કરી રહ્યા હતા.


## વિસ્તાર અમર લિમિટેડ

સર્વે નંબર 1943, મંગલકુંજ, રેલવે સ્ટેશન રોડ બાલાશ્રમ સામે , પોરબંદર 360575 (ગુજરાત )
ટેલિફોન :- +91 9723102201 ઈમેલ આઈડી :- roc.shubhra@ gmail.com
વેબસાઈટ :- www.vistaramar.com CIN :- L05000GJ1983PLC149135

31મી માર્ચ 2024 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વર્ષના ઓડિટેડ નાણાકીય પરિણામોનું નિવેદન

| ક્ર સં | વિગતો | ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર માટે | | | વાર્ષિક | |
|---|---|---|---|---|---|---|
| | | માર્ચ 31, 2024 | ડિસેમ્બર 31, 2023 | માર્ચ 31, 2023 | માર્ચ 31, 2024 | માર્ચ 31, 2023 |
| | | ઓડીટેડ | અન-ઓડીટેડ | ઓડીટેડ | ઓડીટેડ | ઓડીટેડ |
| 1 | કામગીરીમાંથી કુલ આવક | 2,305.57 | 2,193.51 | 1,775.72 | 7,410.99 | 6,418.25 |
| 2 | સમયગાળા માટે ચોખ્ખો નફો (કર પહેલાં, અસાધારણ અને/અથવા વધારાની સામાન્ય વસ્તુઓ). | 60.36 | 228.35 | 53.69 | 495.66 | 423.30 |
| 3 | કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો (અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી). | 60.36 | 228.35 | 53.69 | 495.66 | 423.30 |
| 4 | કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો (અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી). | 45.46 | 172.50 | 40.16 | 370.83 | 316.51 |
| 5 | સમયગાળા માટે કુલ વ્યાપક આવક [તે સમયગાળા માટેનો નફો/(નુકશાન) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી)]. | 46.21 | 172.50 | 40.49 | 371.58 | 316.84 |
| 6 | ઈક્વિટી શેર મૂડી. | 320.00 | 320.00 | 320.00 | 320.00 | 320.00 |
| 7 | પાછલા એકાઉન્ટિંગ વર્ષની બેલેન્સ શીટ મુજબ પુનઃમૂલ્યાંકન અનામતને બાદ કરતાં અનામત. | | | | | |
| 8 | શેર દીઠ કમાણી (રૂ. 10/- પ્રત્યેકની) મૂળભૂત અને પાતળી. | 1.42 | 5.39 | 1.26 | 11.59 | 9.89 |

નોંધ :
ઉપરોક્ત 31 માર્ચ 2024 ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વર્ષ માટેના ઓડિટેડ નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો એક અર્ક છે જે સેબીના નિયમન 33 (સૂચિબદ્ધ જવાબદારીઓ અને જાહેરાતની આવશ્યકતાઓ) નિયમન 2015 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ભરેલો છે. તેનું સંપૂર્ણ ફોર્મેટ પરિણામો સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.

બોર્ડના આદેશથી
રાજેશકુમાર પંજરી,
મેનેજિંગ ડિરેક્ટર.
DIN:- 00261895

સ્થળ :- પોરબંદર
તારીખ :- 21-05-2024

Punjab & Sind Bank
(A Govt. of India Undertaking)
Where service is a way of life

રેડ રોડ, રેલ્વેપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૨
ફોન : ૦૭૯-૨૨૧૪૫૮૭૮
ઈમેલ : a0476@psb.co.in

તારીખ: ૧૬.૦૫.૨૦૨૪

રજીસ્ટર્ડ એડી

૧. શ્રીમતી કનીજફાતમા આબિદુસેન મોમીન હુસેન જે શ્રી ગુલામ અબ્બાસ મોમીન ના પત્ની
સરનામું ૧ : ૫/૧૨૪૩ મકન પાર, લીલાજપુર, કેવડિયા રોડ, ભાગલપુર, તાલ, ધોળકા, જિલ્લો- અમદાવાદ-૩૮૭૮૧૦
અહીં પણ : ૧૩૮ પૈકી, ઈનસાઈડ ગુડલક બેરલ માર્કેટ નં.-૨, મેટ્રો ખુરસીવાલા પાછળ, ચંડોલા, અમદાવાદ-૩૮૦૦૨૮

રજી. : નાણાકીય અસ્કયામતોના જામીનગીરી અને પુનર્નિર્માણની કલમ ૧૩(૨) હેઠળ સૂચના અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨નો અમલ (સરફેસી એક્ટ, ૨૦૦૨)

૨. કે તમે સંબોધિત નંબર ૧ શ્રીમતી કનીજફાત્મા અબિધુસેન મોમીન, (દેવાદાર) જે અબિધુસેનના પુત્રી બેંકને નાણાકીય સહાય માટે વિનંતી કરી અને વિનંતી પર બેંકે ટર્મ લોન માટે રૂ. ૧૯.૯૫ લાખ (રૂપિયા ઓગણીસ લાખ પંચાવન હજાર પુરા) અને કેશ ક્રેડીટ મર્યાદા રૂા.૨.૦૦ લાખ (રૂપિયા બે લાખ પુરા) વાઈડ એમડીપી નં. ૧૨/૨૦૧૮-૧૯ની મંજૂરી તારીખ ૩૦.૦૮.૨૦૧૮ @ ૧૦.૭૦ ટકા વાર્ષિક (૧ વર્ષ એમસીએલઆર ૮.૭૦ + ૨.૨૫%-૦.૨૫%).
ઉપરોક્ત ટર્મ લોન અને કેશ ક્રેડિટ સુવિધા નીચે મુજબ ઉલ્લેખિત સિક્યોરિટી દ્વારા યોગ્ય રીતે સુરક્ષિત કરવામાં આવી હતી:-

| ક્રેડિટ સુવિધાઓની પ્રકૃતિ | મિલકતનું વર્ણન |
|---|---|
| ટર્મ લોન રૂા. ૧૯.૯૫ લાખ એકાઉન્ટ નં.૦૨૪૦૧૨૦૦૦૦૦૩૪૯ | સિંગલ જર્સી નિટીંગ મશીન ટેક્નિકલ ડેટા મોડલ ((TXS-3F અને TXS-4F)નું હાઈપોથેકેશન બેંક ફાઈનાન્સ દ્વારા ખરીદવામાં આવેલ રૂ. ૨૧.૦૦ લાખના મૂલ્યના. |
| કેશ ક્રેડિટ ફેસીલીટી એકાઉન્ટ નં.૦૨૪૦૧૬૦૦૦૦૩૦૩૬ | કાચા માલના સ્ટોકનું અનુમાન એટલે કે ગૂંથેલા યાર્નના યાર્ન અને તૈયાર માલ અને બુક ડેટ (૯૦ દિવસથી વધુ જૂનું નહીં) |

૩. કે તમે એડ્રેસી નંબર ૧ એ ૦૩.૧૦.૨૦૧૮ ના રોજ ઉપરોક્ત લોન સુવિધાના સંદર્ભમાં વિવિધ લોન અને સુરક્ષા દસ્તાવેજો અમલમાં મૂક્યા છે અને માસિક સાથે દર વર્ષે ૧૦.૭૦% દર (૧ વર્ષ MCLR ૮.૭૦+૨.૨૫%-૦.૨૫%) ચૂકવવા પણ સંમત થયા છે. ઉપરોક્ત લોન સુવિધાના સંદર્ભમાં સમયાંતરે બેંકની માર્ગદર્શિકા મુજબ રહે છે.
એડ્રેસી નંબર ૧ એ બેંકના લેણાં સુરક્ષિત કરવા માટે નીચે દર્શાવેલ જંગમ મિલકતના સંદર્ભમાં હાઈપોથેકેશન ચાર્જ બનાવ્યો, ઉપરોક્ત લોનની સુવિધાને ધ્યાનમાં રાખીને સરનામા નંબર-૧ને
જંગમ મિલકતની વિગતો નીચે મુજબ છે:-
૧) હાયપોથીકેટી: કનીજફાત્મા અબિધુસેન મોમીન,
૨) હાયપોથિકેટર: પંજાબ એન્ડ સિંધ બેંક, શાખા ઓફિસ રીડ રોડ, અમદાવાદ
૩) અનુમાનિત સંપત્તિની રકમ : રૂ. ૨૧.૦૦ લાખ
૪) અસ્કયામતોનું વર્ણન: સિંગલ જર્સી નીટિંગ મશીન ટેક્નિકલ ડેટા મોડલ (TXS-3F & TXS-4F) કિંમત રૂ. ૨૧.૦૦ લાખ
૫) વ્યાજ દર: વાર્ષિક ૧૦.૭૦ ટકા (૧ વર્ષ MCLR ૮.૭૦ + ૨.૨૫%-૦.૨૫%).
૬) હાલની બાકી રકમ: રૂ. ૨૦,૮૯,૮૦૮.૨૮ ઉધાર ૩૦/૦૪/૨૦૨૪ સુધીના વ્યાજ અને તેના પરના વધુ વ્યાજ અને શુલ્ક સહિત (વીસ લાખ નવ્યાસી હજાર આઠસો આઠ અને અઠ્ઠાવીસ પૈસા પુરા)
૪. ઉપરોક્ત ટર્મ લોન ડિસેમ્બર ૨૦૧૮ થી સંપૂર્ણ ચુકવણીની તારીખ સુધી રૂ. ૩૪,૬૯૧/- ના ૮૧ સમાન માસિક હપ્તામાં ચૂકવવાપાત્ર હતી.
૫. કે તમે મંજૂરી અને લોનના દસ્તાવેજોની શરતો અને શરતોમાં ડિફોલ્ટના કિસ્સામાં, માસિક બાકીના સાથે સામાન્ય સંમત વ્યાજ દર કરતાં વધુ વાર્ષિક ૨% ના દરે વધારાનું વ્યાજ ચૂકવવા સંમત થયા છો.
૬. કે તમે ૦૩.૧૦.૨૦૧૮ ના રોજ લોન દસ્તાવેજો અને ૨૦.૦૮.૨૦૨૧ ના રોજ પુનઃસજીવન પત્રનો અમલ કર્યો છે.
૭. કે તમે પાલન કરવામાં નિષ્ફળ ગયા છો અને મંજૂરીની શરતોનો ભંગ કર્યો છે અને તમે આ ટર્મ લોન એકાઉન્ટમાં નિયમિતપણે EMI ચૂકવી નથી અને તેથી, બેંકે તમારા લોન એકાઉન્ટને એકાઉન્ટ તરીકે વર્ગીકૃત કર્યું છે. ૨૮/૧૨/૨૦૨૧ ના રોજ, અધિનિયમની કલમ 2(o) ની વ્યાખ્યામાં આ સંદર્ભે ભારતીય રિઝર્વ બેંક અને તેની મુખ્ય કચેરી દ્વારા સમયાંતરે જારી કરાયેલ માર્ગદર્શિકા મુજબ.
૮. તે બેંક ટર્મ લોન એકાઉન્ટના નિયમિત પુસ્તકો ટર્મ લોન એકાઉન્ટ નંબર ૦૨૪૦૧૨૦૦૦૦૦૩૪૯ અને હવે રૂ. ૨૦,૮૯,૮૦૮.૨૮ ઉધારની રકમ. (વીસ લાખ નવ્યાસી હજાર આઠસો આઠ અને અઠ્ઠાવીસ પૈસા પુરા) ૩૦/૦૪/૨૦૨૪ સુધીના વ્યાજ સહિત કાયદેસર રીતે બાકી છે અને તમારા ઉપર જણાવેલા સરનામે વસૂલ કરવાપાત્ર છે અને તમે બધા સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે ઉપરોક્ત લેણાં ચૂકવવા માટે જવાબદાર છો. સંપૂર્ણ ચુકવણીની તારીખ સુધી વ્યાજ ખર્ચ અને અન્ય સામાન્ય બેંક શુલ્ક સાથે બેંક. વિગતો નીચે મુજબ છે:-

| ક્રમ | સુવિધાની પ્રકૃતિ | બાકી રકમ | વ્યાજ દર |
|---|---|---|---|
| ૧ | ટર્મ લોન | ૨૦,૮૯,૮૦૮.૨૮ ઉધાર | ૧૦.૯૦% |
| | કુલ | ૨૦,૮૯,૮૦૮.૨૮ ઉધાર | |

૯. બેંકની આંતરિક દિશાનિર્દેશો અનુસાર વ્યાજનો દર સમયાંતરે બદલાય છે અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિર્દેશો અનુસાર વર્તમાન વ્યાજ દર વાર્ષિક ૧૦.૯૦ ટકા છે.
૧૦. કે તમે બેંકના લેણાંની ચુકવણીમાં ડિફોલ્ટ કર્યું છે જે ઉપર જણાવ્યા મુજબ સુરક્ષિત છે.
૧૧. તમને એ પણ સૂચના આપવામાં આવે છે કે પેટા કલમ ૧૩ની શરતોમાં તમે બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના આ નોટિસમાં વિગતવાર જણાવેલ સુરક્ષિત સંપત્તિઓ વેચાણ, લીઝ અથવા અન્યથા સ્થાનાંતરિત કરશો નહીં.
૧૨. સરફેસી અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ તરફ તમારું ધ્યાન આમંત્રિત કરવામાં આવે છે, જ્યાં તમે માત્ર તારીખ સુધી બેંક દ્વારા કરાયેલા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચ સાથે બાકી લેણાંની સંપૂર્ણ રકમ ટેન્ડર કરી શકો છો. જાહેર હરાજી દ્વારા, જાહેર અથવા ખાનગી સંધિ દ્વારા ક્વોટેશન ટેન્ડરને આમંત્રિત કરીને સુરક્ષિત સંપત્તિના વેચાણ માટેની સૂચનાનું પ્રકાશન. મહેરબાની કરીને એ પણ નોંધ કરો કે જો બેંક દ્વારા કરવામાં આવેલ ખર્ચ, ચાર્જ અને ખર્ચ સહિતની બાકી લેણી રકમની સંપૂર્ણ રકમ જાહેર હરાજી દ્વારા, અવતરણ, જાહેર અથવા ખાનગી દ્વારા ટેન્ડર આમંત્રિત કરીને સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટે નોટિસના પ્રકાશન પહેલાં ટેન્ડર કરવામાં ન આવે. સંધિ, તમે સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે હકદાર ન હોઈ શકો.
૧૩. કૃપા કરીને એ પણ નોંધો કે ઉપરોક્ત બાકી રકમની વસૂલાત માટે યોગ્ય અદાલતો અને/અથવા ટ્રિબ્યુનલ સમક્ષ યોગ્ય કાનૂની કાર્યવાહી શરૂ કરવા સહિત બેંક પાસે ઉપલબ્ધ અન્ય અધિકારો અને ઉપાયો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના આ નોટિસ તમને મોકલવામાં આવી છે. આ નોટિસ સુધારેલા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ અને/અથવા પેમેન્ટ ઓફ સેટલમેન્ટ એક્ટ ૨૦૦૭ હેઠળ બેંક દ્વારા દાખલ કરાયેલી કોઈપણ ફરિયાદની કાર્યવાહી હાથ ધરવા માટેના બેંકના અધિકાર માટે પણ પૂર્વગ્રહ વિનાની છે.

તેથી, હું, આ ડિમાન્ડ નોટિસના આધારે, આથી સરનામું નંબર ૧ શ્રીમતી કનીજફાત્મા અબિધુસેન મોમિન, (દેવાદાર) જે અબિધુસેનના પુત્રી ને રૂ. ૨૦,૮૯,૮૦૮.૨૮ ઉધાર (રૂપિયા વીસ લાખ નવ્યાસી હજાર આઠસો આઠ અને અઠ્ઠાવીસ પૈસા પુરા) ની સંપૂર્ણ જવાબદારીઓમાં ચુકવણી અને ડિસ્ચાર્જ કરવા માટે આહ્વાન કરું છું. અને તેના પર વધુ વ્યાજ અને શુલ્ક W.E.F. ૩૦/૦૪/૨૦૨૪, આ નોટિસ મળ્યાના ૬૦ દિવસની અંદર બેંકને ચૂકવણી કરવા જણાવેલ જે નિષ્ફળ જાય તો બેંકને સિક્યોરિટાઈઝેશન એન્ડ ફાઈનાન્શિયલ એસેટ્સનું પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ ૨૦૦૨ના પ્રકરણ-૨ ની જોગવાઈઓ હેઠળ પગલાં લેવા માટે પ્રતિબંધિત કરવામાં આવશે. ઉપરોક્ત સુરક્ષિત લેણાંની વસૂલાત અને તે કિસ્સામાં તમે ત્યાંથી ઉદ્ભવતા તમામ ખર્ચ અને અન્ય ખર્ચ માટે સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે ચૂકવણી કરવા માટે જવાબદાર રહેશો.
મહેરબાની કરીને નોંધ કરો કે આ નોટિસની નકલ અમારી ઓફિસમાં રાખવામાં આવી છે.

આપનો વિશ્વાસુ,
પંજાબ એન્ડ સિંદ બેંક વતી.
(અધિકૃત અધિકારી)

### ન્યૂઝ ટ્રેક

## મેંગોપીપલ પરીવાર દ્વારા દિકરીઓને ઘરે ઘરે જઈને સેનેટરી પેડનું વિતરણ

(એજન્સી) અમદાવાદ । તા. 22

હાલ વેકેશન નો સમય હોઈ પ્રોજેક્ટ મુસ્કાનની ટીમ દ્વારા જરૂરીયાતમંદ દીકરીઓના ઘરે ઘરે જઈને નિઃશુલ્ક સેનેટરી પેડ વીતરણ કરવામાં આવી રહ્યું છે. સાથે દીકરીઓ સાથે તેમની માતાઓને પણ સેનેટરી પેડના ફાયદા સમજાવમાં આવી રહ્યા છે. મેંગોપીપલ પરીવાર દ્વારા કાર્યરત પ્રોજેક્ટ મુસ્કાનના ફાવુન્ડર શ્રીમતી રુપલબેન રાઠોડ જણાવે છે કે ' સેનેટરી પેડ એક નિયમીત જરૂરીયાતની વસ્તુ છે, માટે તેને એક વખત દિકરીઓને આપી તે પૂરતું નથી હોતું. હાલ જ્યારે વેકેશન છે ત્યારે જરૂરીયાતમંદ દીકરીઓના ઘરે જઈને આ જરૂરીયાતની વસ્તુ પહોંચાડીએ છીએ. અને દિકરીઓને શરમ સંકોચ છોડાવી તેને સેનેટરી પેડનો ઉપયોગ કરતી કરીએ છીએ.

## ધો. 10-12ના નાપાસ વિધાર્થીઓ 23 મેના સાંજે 5 વાગ્યા સુધી બોર્ડની વેબસાઇટ પર ફોર્મ ભરી શકશે

(એજન્સી) અમદાવાદ । તા. 22

ગુજરાત બોર્ડનું ધોરણ 10 અને 12 નું પરિણામ જાહેર થયું છે. ધોરણ 10માં 3 વિષય સુધી જે વિદ્યાર્થીઓ નાપાસ હોય તે વિદ્યાર્થીઓ ફરીથી પૂરક પરીક્ષા આપી શકશે. પૂરક પરીક્ષાના ફોર્મ ભરવા માટેની અંતિમ તારીખ 22 મે સુધી હતી. જે લંબાવીને 23 મે સુધી કરવામાં આવી છે. મહત્વનો છે કે, આ વર્ષે વિદ્યાર્થીઓ પ્રથમ વાર 3 વિષયની પૂરક પરીક્ષા આપી શકશે. ધોરણ 10નું પરિણામ 9 મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જે વિદ્યાર્થીઓ એક, બે અથવા ત્રણ વિષયમાં નાપાસ થયા હોય તે વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકશે. ધોરણ 10માં પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાની મુદત 22 મે સુધી હતી જે મુદત વધારીને 23 મે સુધી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ 23મે ના સાંજે 5 વાગ્યા સુધી ફોર્મ ભરી શકશે. બોર્ડની વેબસાઈટ પર જ ઓનલાઈન ફોર્મ અને ફી ભરવાના રહેશે. જે વિદ્યાર્થીઓએ અગાઉ સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા અલી હોય તે વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં બેઝિક ગણિતની પરીક્ષા પણ આપી શકશે. ધોરણ 12 સામાન્ય પ્રવાહ માટે પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાનું મુદત વધારવામાં આવી છે.

**ગુજરાતમાં 7 મેએ અને યુપી, બિહાર , બંગાળ વગેરેમાં પણ હવે લોકસભાની ચૂંટણીના પડઘમ શાંત થયા છે, ત્યારે ગુજરાતમાં આગામી સપ્ટેમ્બર મહિનામાં રાજ્યની 75 નગરપાલિકા, 17 તાલુકા પંચાયત, બે જિલ્લા પંચાયત અને 7000 ગ્રામ પંચાયતોની છેલ્લા બે વર્ષથી ટલ્લે ચડેલી ચૂંટણી યોજાય તેવા સંકેત મળી રહ્યા છે.**

# લોકસભા પરિણામ બાદ ગુજરાતમાં ફરી થશે મતદાન

રાજપીપળા । ભરત શાહ

ગુજરાતમાં 7 મેએ અને યુપી, બિહાર , બંગાળ વગેરેમાં પણ હવે લોકસભાની ચૂંટણીના પડઘમ શાંત થયા છે, ત્યારે ગુજરાતમાં આગામી સપ્ટેમ્બર મહિનામાં રાજ્યની 75 નગરપાલિકા, 17 તાલુકા પંચાયત, બે જિલ્લા પંચાયત અને 7000 ગ્રામ પંચાયતોની છેલ્લા બે વર્ષથી ટલ્લે ચડેલી ચૂંટણી યોજાય તેવા સંકેત મળી રહ્યા છે.આ માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આગામી બે મહિનામાં તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવશે. સત્તાવાર સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર, લોકસભાના પરિણામો ભાજપ માટે સારા આવ્યા તો તાત્કાલિક ધોરણે આ ચૂંટણીની જાહેરાત કરી દેવાશે, નહીં તો બેથી ત્રણ મહિના ચૂંટણી પાછળ ખેંચવામાં આવી શકે છે. રાજ્યની ગ્રામ પંચાયતોમાં છેલ્લા બે વર્ષથી વહીવટદાર તરીકે તલાટી ભૂમિકા ભજવી રહ્યા છે. ગામનું સંચાલન તલાટીના માથે આવી પડ્યું છે. ચૂંટણી નહીં યોજાવાના કારણે ગામડાનો વિકાસ રૂંધાઇ રહ્યો છે. રસ્તા, પાણી, આરોગ્ય, સફાઈ તેમજ દાખલા જેવી અનેક સમસ્યા ઊભી થઈ છે. આ ઉપરાંત, તલાટી પાસે એકથી વધુ ગામના ચાર્જ હોવાથી કામનું ભારણ વધારે હોય છે, ત્યારે તલાટી એક ગામમાં રહીને સમસ્યાઓને ન્યાય આપી શકતો નથી. આવા સંજોગોમાં વહીવટદાર રાજ ખતમ થાય અને વહેલાસર ચૂંટણી યોજાય તે જરૂરી છે. છેલ્લા બે વર્ષથી ટલ્લે ચડેલી આ ચૂંટણી હાલ તો આગામી નવરાત્રી દરમિયાન યોજાય તેવા સંકેત છે. રાજ્યની 75 નગરપાલિકા, 17 તાલુકા પંચાયત, બે જિલ્લા પંચાયત તેમજ 7000 જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે. ગત ઓગસ્ટ મહિનામાં નિવૃત્ત ન્યાયમૂર્તિ કે એસ ઝવેરી પંચના રિપોર્ટ બાદ OBC અનામત 27% કરવાની જાહેરાત ગત ઓગસ્ટ મહિનામાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી હતી. ઝવેર કમિશનના રિપોર્ટ અનુસાર, ગ્રામીણ વિસ્તારે 52% ને શહેરી વિસ્તારમાં 46.43 ટકા ઓબીસી સમાજની વસ્તી છે તેને અનુલક્ષીને ઓબીસી સમાજ માટે અનામત બેઠકો જિલ્લા પંચાયતોમાં 105 થી વધીને 229 અને 248 તાલુકા પંચાયતમાં 506 થી વધીને 1,085 , રાજ્યની કુલ 14562 ગ્રામ પંચાયતોમાં 12,750 થી વધીને 25347 બેઠકો એ જ રીતે નગરપાલિકામાં પણ મોટાપાયે બેઠકો વધી રહી છે. લોકસભાની ચૂંટણીના પરિણામો આવતાની સાથે જ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આ માટેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવશે, જેમાં અનામત વર્ગીકરણની કાર્યવાહી પૂરી કરવાની સાથે નવી મતદાર યાદી તૈયાર કરવામાં આવશે અને મતદાર મંડળો રચાશે. નોંધનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય પક્ષો માટે ગ્રામ્ય સ્તરનું સંગઠન મહત્વની ભૂમિકા અદા કરતું હોય છે.




## જામનગરમાં વિધાર્થીઓ માટે સરકારી પોલિટેકનિક દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરાશે

વિશાલ જે હરવરા : જામનગર

જામનગરમાં ધોરણ 10 બાદ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા વિષે સંપૂર્ણ માહિતી અને ડિપ્લોમા ઈજનેરી ક્ષેત્રના વિવિધ અભ્યાસક્રમો વિષે જાણકારી મળી રહે તે હેતુથી કારકિર્દી માર્ગદર્શન વિષય આધારિત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ 24/05/2024 ના રોજ સવારે 11:00 કલાકથી 01:30 કલાક દરમિયાન સેમિનાર હોલ, ન્યુ બિલ્ડીંગ, સરકારી પોલિટેકનિક, વાલસુરા રોડ, જામનગર ખાતે આયોજન કરાશે. કારકિર્દી સેમિનારમાં વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

## જામનગર જિલ્લામાં માછીમારોને આગામી તા.1 જુન થી તા.31 જુલાઈ સુધી માછીમારી કરવા પર પ્રતિબંધ

જામનગર : જિલ્લામાં જુદા- જુદા બંદરોથી માછીમારો માછીમારી અર્થે દરિયામાં જતા હોય છે. દરિયામાં અંદર ગયા બાદ વાવાઝોડા, વરસાદ કે હવામાન અંગેની માહિતી સંબંધિત માછીમારોને ચેતવણી સંદેશો આપવો શક્ય નથી હોતો. દર વર્ષે જૂન માસથી દરિયામાં તોફાનનું પ્રમાણ વધે છે. આ અંગે, મત્સ્યોદ્યોગ ખાતું અને પોર્ટ ઓફિસરશ્રીઓ દ્વારા માછીમારોને આ સીઝનમાં માછીમારી કરવા માટે પરવાનગી આપવામાં આવતી નથી.

## જીવો અને જીવવા દો...ના સૂત્રોચ્ચાર સાથે લોકોએ કાઢી બાઈક રેલી



(એજન્સી) અમદાવાદ । તા. 22

સરકાર અને વીજ કંપનીઓ અગાઉથી લાગી ગયેલા સ્માર્ટ મીટરો કાઢવા નથી માંગતી અને લોકો કોઈ પણ સંજોગોમાં સ્માર્ટ મીટર કાઢીને જૂના મીટરો લગાવવામાં આવે તેવી માંગ કરીને આકરી ગરમીમાં પણ વિરોધ કરી રહ્યા છે. સ્માર્ટ મીટર સામે આજે વડોદરાના બિલ-અટલાદરા વિસ્તારની પ્રધાન મંત્રી આવાસ યોજનાના લોકોએ બાઈક રેલી કાઢી હતી અને પાદરા ખાતેની વીજ કંપનીની કચેરી ખાતે રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. આ પહેલા લોકોએ કહ્યું હતું કે, વીજ કંપની અને સરકાર મધ્યમવર્ગ અને ગરીબ લોકો પાછળ પડી ગઈ છે. અમે તો રોજનુ ખાઈને રોજ ખાનારા લોકો છે. 1000 રૂપિયાનુ રિચાર્જ કરીએ તો ગણતરીના દિવસોમાં 300 થી 400 રૂપિયા જ બેલેન્સ રહે છે. જો વીજ કંપની સ્માર્ટ મીટરો કાઢી નહીં જાય તો અમે આ મીટરો તોડી નાંખીશું અને ડાયરેકટ લાઈનમાંથી કનેક્શન લઈ લઈશું. એક રહેવાસીએ કહ્યું હતું કે, બધુ સીધુ ચાલી રહ્યું હતું. લોકો બિલ ભરતા હતા અને વીજ કંપની વીજળી આપતી હતી તો અચાનક શું તકલીફ પડી ગઈ કે રાતોરાત સ્માર્ટ મીટરો લગાવવા પડયા. જૂના મીટરો સારા જ હતા અને અમારે સ્માર્ટ મીટરો નથી જોઈતા. તમારે સ્માર્ટ સિટી બનાવવુ હોય તો વાંધો નહીં પણ સ્માર્ટ મીટરો તો નહીં જ ચાલે.

# આર્થિક તંગી

### સ્યુસાઇડ નોટમાં સામે આવ્યું કારણ

## એક જ પરિવારના ત્રણ સભ્યોએ ઝેર ખાઇને કરી આત્મહત્યા



(એજન્સી) રાજકોટ । તા. 22

ગુજરાતના રાજકોટ જિલ્લાના પડધરી શહેરમાં બુધવારે એક વૃદ્ધ દંપતી અને તેમના 35 વર્ષીય પુત્રએ ઝેરી પદાર્થ ખાઈને આત્મહત્યા કરી હતી. પડધરી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું કે જિલ્લાના મોતા રામપુર ગામ પાસે સવારે 10.15 વાગ્યે એક ઓટો રિક્ષામાંથી ત્રણેયના મૃતદેહ મળી આવ્યા હતા. તેમણે કહ્યું, "સ્થળ પરથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે, જે દર્શાવે છે કે પરિવારે આર્થિક તંગી અને સ્વાસ્થ્યની ચિંતાને કારણે આ પગલું ભર્યું છે.

કાદર રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. મૃતકોની ઓળખ કાદર મુકસમ (62), તેની પત્ની ફરીદાબેન (59) અને પુત્ર આશિક (35) તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે કાદર રિક્ષાચાલક હતો.

રિક્ષામાં બેસીને આત્મહત્યા કરી જણાવવામાં આવી રહ્યું છે કે આખા પરિવારે રિક્ષામાં બેસીને ઝેર પી લીધું હતું જેના કારણે તેમનું મોત થયું હતું. ઘટના સ્થળેથી એક રીક્ષા પણ મળી આવી હતી અને આ ત્રણેય લોકો રીક્ષામાં રાજકોટથી પડધરી પહોંચ્યા હોવાનું મનાય છે. ત્રણેય એક જ પરિવારના સભ્યો હતા. સવારે એકસાથે ત્રણ મૃતદેહો મળી આવતા ચકચાર મચી ગઈ હતી અને સવારે ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. મૃત્યુ પામેલા લોકો રાજકોટના રહેવાસી હતા. પોલીસે તપાસ શરૂ કરી છે. 2023માં ચાર લોકોએ આત્મહત્યા કરી હતી.

### મનપાએ ક્રેડાઈને લખ્યો પત્ર

## શ્રમિકોને ગરમીમાં વિશ્રામ આપવા કરાઈ અપીલ

(એજન્સી) અમદાવાદ । તા. 22


રાજ્યમાં સતત વધી રહેલ ગરમી અને હીટવેવની આગાહી વચ્ચે ગાંધીનગરમાં વોર્મ નાઈટની અસર પણ જોવા મળી રહી છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને તીવ્ર ગરમીને લીધે વૃદ્ધો, બાળકો અને બીમાર લોકોએ ખાસ ધ્યાન રાખવા જણાવ્યું છે. સામાન્ય રીતે મે અને જુન મહિનામાં રાજ્યમાં આકાશમાંથી અગનવર્ષા થતી જ રહે છે. ગાંધીનગરમાં ભારે ગરમીને લઈ બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકો હીટવેવની અસરથી બચી શકે તેવા હેતુથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ક્રેડાઈને એક પત્ર લખવામાં આવ્યો છે. ઉનાળાની સિઝન દરમિયાન બાંધકામ સાઈટ પર કામ કરતા શ્રમિકોને ગરમીના કારણે લૂ લાગવી, ઝાડા-ઉલ્ટી સહિત અન્ય સ્વાસ્થ્ય સંબંધિ જોખમોથી રક્ષા મળી રહે તેવા હેતુથી ગરમીમાં શ્રમિકોને 1 થી 4 કલાક દરમિયાન વિશ્રામ આપવા પત્રના માધ્યમથી મનપા દ્વારા અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત બાંધકામ સાઈટો પર શ્રમિકો માટે જરૂરી પાણી, છાશ અને ORSની વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી છે. શહેરમાં બાંધકામ સાઈટો પર કામ કરી રહેલ શ્રમિકોને બપોરના સમયે ન કરવા અને ગરમીથી બચવા જરૂરી તકેદારી રાખવા માટે અપીલ કરવામાં આવી છે.જો સૂચનાઓનું પાલન ન આવતું હોય તો હેલ્પલાઈન નંબર 155372 પર ફરિયાદ નોંધાવી શકાશે. તેમજ બિલ્ડર્સ, કોન્ટ્રાક્ટરો અને બાંધકામ સાથે સંકળાયેલા શ્રમિકોને ખાસ કિસ્સામાં વિશ્રામ માટે સમય ફાળવવામાં સૂચના આપવામાં આવી છે.

## શાહરુખ ખાનને અમદાવાદની ગરમી લાગી : લૂ લાગવાથી ડિહાઇડ્રેશન થતાં હોસ્પિટલમાં એડમિટ કરવા પડ્યાં

### તમામ રિપોર્ટ નોર્મલ, આખી રાત ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવશે

(એજન્સી) અમદાવાદ । તા. 22

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મંગળવારે આઈપીએલની KKR અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે ક્વોલિફાયર મેચ રમાઈ હતી. ત્યારે પોતાની ટીમને સપોર્ટ કરવા સોમવારે અમદાવાદ આવેલા બોલિવૂડ એક્ટર શાહરુખ ખાનને લૂ લાગી જતાં આજે બપોરે KD હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જો કે શાહરૂખ ખાન હજુ પણ હોસ્પિટલમાં જ એડમિટ છે.



કેડી હોસ્પિટલમાં 8માં માળે આવેલા VIP રૂમમાં રાખવામાં આવ્યો છે. જ્યાં ચૂસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તેમજ હાલ ઓબ્ઝર્વેશન હેઠળ છે. આ મામલે હોસ્પિટલ મેનેજમેન્ટ કંઈપણ કહેવા તૈયાર નથી. હોસ્પિટલમાં આવતા તમામ લોકો અને સ્ટાફનું ચેકિંગ કરીને જ હોસ્પિટલમાં પ્રવેશ આપવામાં આવે છે.

શાહરુખ ખાનના મેડિકલ રિપોર્ટ નોર્મલ આવ્યા છે. હાલ તેમની તબિયત સ્થિર છે. તેને આજે(22 મે) રાત્રે અંડર ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવશે. હાલ શાહરુખ ખાન સાથે હોસ્પિટલમાં તેની પત્ની ગૌરીખાન અને દીકરી સુહાના ખાન હાજર છે. તેને 23મેની વહેલી સવારે ડિસ્ચાર્જ કરવામાં આવે એવી શક્યતા છે. ગઈકાલે ITCમાં દીકરી સુહનાનો બર્થ ડે અને જીતનો જશ્ન મનાવ્યો હતો.

# અમદાવાદમાં વિક્રમી ગરમી : 46 ડિગ્રીને પાર થયો ગરમીનો પારો

**ગુજરાતમાં કાળઝાળ ગરમીનુ મોજૂ ફરી વળ્યું છે. છેલ્લા પાંચ દિવસથી તાપમાનનો પારો 43 ડિગ્રીની ઉપર જ નોંધાઈ રહ્યો છે. આજે અમદાવાદમાં 2016માં નોંધાયેલ 48 ડિગ્રી ગરમી બાદ સૌથી વધુ ગરમી નોંધાઈ છે. અમદાવાદમાં ગરમીનો પારો 45.9 ડિગ્રીએ પહોંચી ગયો છે. હવામાન વિભાગે હજુ આગામી બે દિવસ રાજ્યના અનેક શહેર માટે રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.**

(એજન્સી) અમદાવાદ । તા. 22

ગુજરાતમાં કાળઝાળ ગરમીનુ મોજૂ ફરી વળ્યું છે. છેલ્લા પાંચ દિવસથી તાપમાનનો પારો 43 ડિગ્રીની ઉપર જ નોંધાઈ રહ્યો છે. આજે અમદાવાદમાં 2016માં નોંધાયેલ 48 ડિગ્રી ગરમી બાદ સૌથી વધુ ગરમી નોંધાઈ છે. અમદાવાદમાં ગરમીનો પારો 45.9 ડિગ્રીએ પહોંચી ગયો છે. હવામાન વિભાગે હજુ આગામી બે દિવસ અમદાવાદ સહિત રાજ્યના અનેક શહેર માટે રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. અમદાવાદમાં 2016 પછીની સૌથી વધુ ગરમી આજે નોંધાઈ છે. અમદાવાદમાં ગરમીનો પારો 46 ડિગ્રીએ પહોચી ગયો છે તેમ કહી શકાય. આજે અમદાવાદ શહેરમાં ગરમીનું પ્રમાણ 45.9 ડિગ્રી નોંધાયું છે. જે 2016માં નોંધાયેલ 48 ડિગ્રી બાદ આજે વિક્રમી ગરમી નોંધાઈ છે. અમદાવાદની સાથેસાથે, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં પણ તાપમાનનો પારો 45 ડિગ્રીને પાર થયો છે. અમરેલીમાં 44.9 ડિગ્રી, વડોદરામાં 43.4 ડિગ્રી, ભાવનગરમાં 41.2 ડિગ્રી, ભૂજમાં 44.3 ડિગ્રી, દાહોદમાં 44.6 ડિગ્રી, ડીસામાં 44.3 ડિગ્રી, રાજકોટમાં 44.2 ડિગ્રી, સુરતમાં 41.2 ડિગ્રી ગરમી નોંધાઈ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, ગુજરાતમાં હજુ પણ આગામી પાંચ દિવસ ગરમીમાંથી રાહત નહીં મળે, ખાસ કરીને સૌરાષ્ટ્રમાં 3 દિવસ હીટવેવની આગાહી કરવામાં આવી છે, તો અમદાવાદમાં આગામી બે દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરાયું છે. અમદાવાદના ગ્રામ્ય વિસ્તાર ઉપરાંત ઉત્તર ગુજરાતના પાટણ, મહેસાણા, સાબરકાંઠામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, આણંદ સહિતના શહેરમાં રાત્રીનું મહત્તમ તાપમાન પણ સામાન્ય કરતા વધુ રહેશે. જેના કારણે દિવસનુ તાપમાન પણ ઉચકાશે. મોટાભાગે સમાન્ય કરતા વધુ તાપમાન નોંધાશે. સુરેન્દ્રનગરમાં આગામી ત્રણ દિવસ માટે હીટવેવની આગાહી કરવામાં આવી છે.



## ગરમીને કારણે ઝાડા-ઊલટીના દર્દીઓનું પ્રમાણ વધ્યું

### ક્યાં કેટલું તાપમાન

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ | 45.9 | ગાંધીનગર | 45.7 |
| અમરેલી | 44.9 | જામનગર | 37.2 |
| વડોદરા | 43.4 | નલિયા | 37.7 |
| ભાવનગર | 41.2 | પોરબંદર | 36.0 |
| ભુજ | 44.3 | રાજકોટ | 44.2 |
| દ્વારકા | 32.8 | સુરત | 41.2 |
| દાહોદ | 44.6 | સુરેન્દ્રનગર | 45.8 |
| ડીસા | 44.3 | વેરાવળ | 33.2 |

ગરમીને કારણે કેટલાક દર્દીઓમાં વાયરલ ઈન્ફેક્શનના લક્ષણ જણાતા હોય છે તથા ગત સપ્તાહ તાપમાનમાં વધારો ઘટાડો થતા શહેરીજનોમાં શરદી, ખાસી, તાવ જેવા લક્ષણોનું પ્રમાણ વધતા સોલા સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં વાયરલ ઈન્ફેક્શનના 1,550 કેસ નોંધાયા હતા. આ ઉપરાંત ગરમીને કારણે ઝાડા-ઊલટીના પણ દર્દીઓનું પ્રમાણ વધી જતું હોય છે. એક સપ્તાહ દરમિયાન ઝાડા-ઊલટીની તકલીફ સાથે 33 દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા. મુખ્યત્વે ગરમીથી બચવા માટે શહેરીજનો બહાર ઠંડા-પીણા તથા આઈસ ગોલા જેવી વસ્તુઓનું સેવન કરે છે. કેટલીક વખત તેને કારણે પણ પાણીજન્ય રોગથી દર્દી પીડાય છે. આ ઉપરાંત ગરમીને કારણે પણ પેટમાં આંતરડા પર સોજો આવવા જેવી તકલીફ પણ થતી હોય છે. તેથી ટાઈફોડના કેસમાં પણ વધારો થાય છે. જ્યારે ગત સપ્તાહ દરમિયાન સોલા સિવિલ હોસ્પિટલમાં ટાઈફોઈડના 11 દર્દીઓ નોંધાયા હતા.

## નંદેસરીમાં ડામર બનાવતી કંપનીમાં ભીષણ આગ

વડોદરા : વડોદરાના નંદેસરીમાં ડામર બનાવતી કંપનીમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. NTP તાર કંપનીમાં આગ લાગતા જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઉનાળામાં આગ લાગવાની ઘટના અવારનવાર બનતી હોય છે. ત્યારે આજે વડોદરામાં ફરી એક વાર આગ લાગવાની ઘટના બની છે. વડોદરાના નંદેસરીમાં ડામર બનાવતી કંપનીમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. NTP તાર કંપનીમાં આગ લાગતા જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કંપનીમાં આગ લાગતા કામદારોમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. જો કે ઘટનાની જાણ ફાયર વિભાગને થતા તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમ આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો છે. બીજી તરફ આ અગાઉ કચ્છના ભુજમાં ઈકો કારમાં આગ લાગવાની ઘટના બની હતી. કારમાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.